©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] WEDNESDAY, 22nd APRIL, 2026/VAISHAKHA 02, 1948 [Issue No. 18

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I EXTRAORDINARY

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વિષય : ચૂંટણી ફરજ માટે નિમાયેલ ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ, મદદનીશ ઝોનલ અધિકારીશ્રીઓને ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટની સત્તાઓ આપવા બાબત.

વંચાણમાં લીધા :

(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૫.

(૨) સરકારશ્રીના ગૃહવિભાગના જાહેરનામા ક્રમાંક : જીજી/૭૬/સીઆરપીસી૩૨૧૨/૧૯૩/મ, તા. ૧૮-૧૦-૨૦૧૨.

(૩) રાજ્ય ચૂંટણી આયોગના પરિપત્ર ક્રમાંક : ઈએલસી/સી.ઓ.સી.-૩(૮)/૦૧૨૦૨૫/ક, તા. ૨૧-૦૧-૨૦૨૫.

હુકમ

નં. નાચી/પલસ/વશી/૪૫૮/૨૦૨૬.-વંચાણે લીધા ક્રમ-૧ થી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૫ થી ખાસ વિસ્તાર માટે અથવા ખાસ કાર્યો બજાવવા માટે યોગ્ય લાગે તેટલી મુદ્દત માટે ખાસ કાર્યપાલક મજીસ્ટ્રેટના અધિકાર આપવાની જોગવાઈ થયેલ છે.

આ બાબતે સરકારશ્રીના ગૃહ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-૨ ના જાહેરનામાથી રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો, નગરપાલિકાઓ જેવી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી જાહેર થાય ત્યારે જાહેરનામાની તારીખથી મેજીસ્ટ્રીયલ પાવર્સ ધરાવતા ન હોય તેવા ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ તથા મદદનીશ ઝોનલ અધિકારીશ્રીઓ તરીકે નિમાયેલ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા તેમની જે વિસ્તાર અને નિશ્ચિત સમયગાળા માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૫ હેઠળ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના તથા અધિનિયમની કલમ-૪૧, ૧૦૮, ૧૯૯, ૧૪૮ તથા ૧૬૩ ના અધિકારો ચૂંટણી જાહેર થયા તારીખથી ચૂંટણી પૂર્ણ થતા સુધીના સમયગાળા માટે ભોગવશે. આ અધિકારીશ્રીઓને કયા વિસ્તાર અને સમયગાળા માટે નિમણૂંક આપવી, તે અંગેનો નિર્ણય જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓએ કરવાનો રહેશે તેવું ઠરાવેલ છે.

વંચાણે લીધા ક્રમ-૩ થી ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ માટે ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અન્વયે અમરેલી જિલ્લામાં કુલ-૦૬ (અમરેલી, બગસરા, સાવરકુંડલા, દામનગર, બાબરા, ધારી) નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી તથા કુલ-૧૧ (ધારી, બાબરા, બગસરા, કુકાવાવ-વડીયા, રાજુલા, લીલીયા, અમરેલી, ખાંભા, સાવરકુંડલા, લાઠી, જાફરાબાદ) જિલ્લા અને તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. જેનું મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ યોજાનાર છે તેમજ જો પુનઃમતદાન યોજવાનું થાય તો તેની તા. ૨૭-૦૪-૨૦૨૬ છે અને મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ થનાર છે. જે અતંર્ગત સંબંધિત મત વિસ્તાર માટે નિમાયેલ ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ તથા મદદનીશ ઝોનલ અધિકારીશ્રીઓને ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટના અધિકાર આપવા જરૂરી છે.

સબબ હું **વિકલ્પ ભારદ્વાજ (I.A.S.), જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** અમરેલી જિલ્લો ઉપર વંચાણે લીધા ક્રમ-૧ તથા ક્રમ-૨ ની જોગવાઈ હેઠળ અમરેલી જિલ્લામાં મતદાન વિસ્તારમાં નિમણૂંક પામેલ ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ તથા મદદનીશ ઝોનલ અધિકારીશ્રીઓને તેમના કામગીરીના વિસ્તાર પુરતા તા. ૦૧-૦૪-૨૦૨૬ થી તા. ૩૦-૦૪-૨૦૨૬ના સમયગાળા પુરતા ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૪૧, ૧૦૮, ૧૦૯, ૧૪૮ તથા ૧૬૩ વંચાણ ક્રમ-૧ તથા વંચાણ ક્રમ-૨ની જોગવાઈઓ મુજબ સરકારશ્રી તરફથી એનાયત થયેલ છે તે અધિકારો કામગીરીના વિસ્તાર અને સમય મર્યાદા પુરતાં ભોગવવા અધિકૃત કરવાં હુકમ કરું છું.

ક્રમ	BNSS કલમ	વિગત
૧	૪૧	મેજીસ્ટ્રેટે પકડવા બાબત
૨	૧૦૮	પોતાની હાજરીમાં જડતી લેવાની મેજીસ્ટ્રેટની સત્તા
૩	૧૦૯	થયેલા દસ્તાવેજ વગેરે કબ્જે લેવાની સત્તા
૪	૧૪૮	મુલકી દળનો ઉપયોગ કરી મંડળીઓ વિખેરવા બાબત
૫	૧૬૩	ત્રાસદાયક બાબતો કે ભયના સંદેશાના તાકીદના સંજોગોમાં હુમક કરવાની સત્તા

હવે પછી ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ તથા મદદનીશ ઝોનલ અધિકારીશ્રીઓની નિમણૂંકોમાં ફેરબદલી/સુધારા થાય તો તે બદલી/સુધારાથી આવનાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીને પણ આ હુકમ આપોઆપ લાગુ પડશે.

ઉકત હુકમનો અમલ હુકમની તારીખ થી તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી કરવાનો રહેશે.

આજ તારીખ ૦૧ એપ્રિલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિકકો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૦૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું

વિષય : હથિયર પરવાનેદારોએ ધારણ કરેલ હથિયારના સંદર્ભમાં પ્રતિબંધ બાબત.

વંચાણે લીધા :

(૧) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા.સ્વ./૧૩૮(૧)/૧૧૨૦૨૧/ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી બહાર પાડેલ આદર્શ આચાર સંહિતા.

(૨) રાજ્ય ચૂંટણી આયોગના પરિપત્ર ક્રમાંક : ઈએલસી/સી.ઓ.સી.-૩(૮)/૦૪૨૦૨૬/ક/૯૪૧૯ થી ૯૫૪૯, તા. ૦૧-૦૪-૨૦૨૬.

હુકમ

નં. નાચી/પલસ/વશી/૪૫૭/૨૦૨૬.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સંદર્ભ-૨ના પરિપત્રથી રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ માટે ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અન્વયે અમરેલી જિલ્લામાં કુલ-૦૬ (અમરેલી, બગસરા, સાવરકુંડલા, દામનગર, બાબરા, ધારી) નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી તથા કુલ-૧૧ (ધારી, બાબરા, બગસરા, કુકાવાવ-વડીયા, રાજુલા, લીલીયા, અમરેલી, ખાંભા, સાવરકુંડલા, લાઠી, જાફરાબાદ) જિલ્લા અને તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. જેનું મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ યોજાનાર છે તેમજ જો પુનઃમતદાન યોજવાનું થાય તો તેની તા. ૨૭-૦૪-૨૦૨૬ છે અને મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ થનાર છે. ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના સંદર્ભ-૧ના આદેશથી હથિયાર ધારણ કરવા અંગે જરૂરી સુચના બહાર પાડેલ છે.

ચૂંટણી દરમ્યાન જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે જરૂરી પ્રબંધ કરવો આવશ્યક જણાય છે. મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ ચૂંટણી યોજાય તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતિ રહે, સુલેહશાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે હેતુસર ગુજરાત ચૂંટણી આયોગના તા. ૧૭-૧૧-૨૦૨૧થી બહાર પાડેલ સુચનાઓ ધ્યાનમાં લેતાં સમગ્ર અમરેલી જિલ્લાના હથિયાર પરવાનેદારોએ ધારણ કરેલ હથિયારના સંદર્ભમાં કેટલાક પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

આથી હું **વિકલ્પ ભારદ્વાજ (I.A.S.), જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો,** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૧) અમરેલી જિલ્લામાં જ્યાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ યોજાનાર છે તેવા કુલ-૧૭ નગરપાલિકા/જિલ્લા તથા તાલુકા પંચાયત વિસ્તારમાં કોઈ વ્યકિતએ શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ની કલમ-૨ ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરી ફરવું નહી, જિલ્લાનાં લાગુ ચૂંટણી હેઠળના વિસ્તારનાં વ્યકિગત પ્રકારના હથિયાર પરવાના ધારકો તથા જિલ્લા બહારથી મેળવેલ હથિયાર પરવાનો ધારણ કરનાર વ્યકિતઓ કે જેઓ હાલ અત્રેના લાગુ ચૂંટણી હેઠળનાં વિસ્તારમાં વસવાટ કરતા હોય તેવા તમામ હથિયાર પરવાનેદારોએ તેમના હથિયાર કે હથિયારો આ જાહેરનામું બહાર પાડયાની તારીખથી દિન-૭ (સાત)માં સંબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાના રહેશે.

આ હુકમ હેઠળ જમા લેવાયેલ હથિયાર શસ્ત્ર નિયમો-૨૦૧૬ ના નિયમ ૪૭ અને ૪૮ હેઠળ સબંધિત પોલીસ સ્ટેશનમાં સલામત તથા સુરક્ષિત રીતે રાખવાના રહેશે અને જમા લીધેલ હથિયારની પહોંચ આપવાની રહેશે તથા ચૂંટણી આચારસંહિતા પૂર્ણ થયા બાદ સંબંધિત પરવાનેદારને તેનું હથિયાર પરત સોંપવાનું રહેશે.

(૨) રાષ્ટ્રીય કૃત બેંકો કે જેઓના બેંકની કેશ કરન્સી લઈ આવવા તથા લઈ જવા માટે તેની ફરજના ભાગરૂપે બેંકના પરવાનાવાળું હથિયાર રાખવાની પરવાનગી આપવામાં આવી હોય તેઓને હથિયાર જમા કરાવવાનું રહેશે નહિ.

(૩) અમરેલી જિલ્લાનાં ચૂંટણી હેઠળના વિસ્તાર સિવાયના વ્યકિતગત પ્રકારનાં હથિયાર પરવાના ધારકો તથા જિલ્લા બહારથી મેળવેલ હથિયાર પરવાના ધારકો ચૂંટણી હેઠળના વિસ્તારમાં હથિયાર સાથે જઈ શકશે નહી.

(૪) નીચે દર્શાવ્યા મુજબના વ્યકિતઓએ ધારણ કરેલ હથિયાર પરવાના હેઠળના પરવાનેદારોને આ જાહેરનું લાગુ પડશે નહી.

(અ) કાયદો અને વ્યવસ્થાનો ચાર્જ સંભાળતા ફરજ પરના પોલીસ અધિકારીઓ/કર્મચારીઓ

(બ) ફરજ પરના તમામ સુરક્ષા કર્મીઓ (આર્મી, સી.આર.પી.એફ., સી.પી.એફ., બી.એસ.એફ. વિગેરે)

(ક) ચૂંટણી આયોગે નિમેલા નિરીક્ષકો

(૫) નીચે દર્શાવ્યા મુજબના વ્યકિતઓએ ધારણ કરેલ હથિયાર પરવાના હેઠળના પરવાનેદારોના સંદર્ભમાં વ્યકિતગત સમીક્ષા કરીને તેમના હથિયાર પોલીસ સ્ટેશનમાં જમા લેવા માટે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને અધિકૃત કરવામાં આવે છે.

(અ) જામીન પર છોડેલી વ્યકિતઓ,

(બ) ફોજદારી ગુન્હાઓ કર્યાની ભૂમિકાવાળી વ્યકિતઓ,

(ક) હુલ્લડના ગુન્હામાં ખાસ કરીને ચૂંટણી સમય દરમ્યાન સંડોવાયેલા વ્યકિતઓ,

(ડ) ગંભીર ગુનામાં સંડોવાયેલા વ્યકિતઓ,

(ઈ) ચૂંટણીની પ્રકિયા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવામાં બાધકરૂપ થાય તે હોય તેવા ઈસમો,

અમલવારીનો વિસ્તાર :

આ હુકમ અમરેલી જિલ્લાી કુલ-૧૭ નગરપાલિકા/જિલ્લા અને તાલુકા પંચાયતની યોજાનાર સામાન્ય/પેટા ચૂંટણીમાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તારમાં લાગુ પડશે.

અમલવારીનો સમયગાળો :

આ જાહેરનામું તા. ૦૧-૦૪-૨૦૨૬ થી તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ''ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩'' ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે. તેમજ શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨૫ હેઠળ સજાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞપ્તિ :

ચૂંટણીની જાહેરાત થતા તમામ નાગરીકોને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તથા મદદનીશ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધિ કરવાની રહેશે. તેમજ લોકોને સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોટાડી પ્રસિધ્ધ કરવાની રહેશે.

આ હુકમની અમલવારી કરવા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ કાર્યવાહી કવરા માટે અમરેલી જિલ્લાનાં સબંધિત પોલીસ સ્ટેશનનાં થાણા અધિકારીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૦૧ એપ્રિલ સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૦૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

વિકલ્પ ભારદ્વાજ
જિલ્લા મેજીસ્ટ્રેટ
અમરેલી

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું જાહેરનામું

વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામું/વા.ખ.વે./૮૦/૨૦૨૬, તા. ૨૯-૦૧-૨૦૨૬.

જાહેરનામું

૧. નં. નાચિ/પલસ/વશી/ઈ-૪૨૨૮૭૪/૨૦૨૬.-વંચાણે લીધા-૧ના પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્રથી સ્કુટર તેમજ જુની સાયકલો, થ્રી વ્હીલ, ફોર-વ્હીલ વાહનો ખરીદ-વેચાણ કરવા તેમજ રીપેરીંગ કર્યા અંગે નોંધણી રજીસ્ટર નિભાવવા તથા વાહનોના કાગળોની ઝેરોક્ષ રાખવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે. રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા ભુતકાળમાં આતંકવાદી તત્વો દ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે અને આ ઘટનાઓમાં મોટે ભાગે બોમ્બ બ્લાસ્ટ માટે જુની સાયકલો તેમજ જુના સ્કુટર અને જુની કારો તથા અન્ય જુના વાહનો તથા તેના સ્પેર પાર્ટસનો ઉપયોગ અસામાજિક પ્રવૃત્તિ આચરતા તત્વો દ્વારા કરાતો હોય છે. આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજ્ય બહારના, પરપ્રાંતિય વિસ્તારમાંથી પ્રવેશી ભૌગોલીક પરિસ્થિતિથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે. જેના કારણે જાહેર સલામતી સુરક્ષા તેમજ શાંતિનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરિકો તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળતી હોય છે. જેથી જુના વાહનો લે-વેચ અંગે નિયંત્રક જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે.

૨. વાસ્તે હું **દિલિપસિંહ ગોહિલ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂઈએ સમગ્ર અમરેલી જિલ્લાના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને સુરક્ષાને લક્ષમાં રાખીને નીચેની વિગતે હુકમ ફરમાવું છું.

૨.૧ કોઈપણ જુની મોટર સાયકલ / સ્કુટર કે જુના થ્રી વ્હીલ / ફોર-વ્હીલ વાહનો વેચનાર વ્યક્તિએ તેમજ ખરીદનાર વ્યક્તિએ નીચે મુજબના કોલમ વાઈઝની માહીતી અંગેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તથા વેચાણ/ખરીદ કરેલ વાહનોના કાગળોની ઝેરોક્ષ પણ રાખવાની રહેશે.

અ.નં.	વેચનારનું નામ સરનામું અને વેચવાનું કારણ	ખરીદનારનું પુરેપુરૂ નામ સરનામું, મોબાઈલ નંબર	ખરીદનારનું આઈ.ડી. પ્રુફ તથા રેસીડેન્ટ પ્રુફની વિગત	જુનુ વાહન ખરીદવાનું/ખરીદ્યા અંગેનું કારણ અને તારીખ	એન્જીન/ચેસીસ નંબર / મોડલ નંબર / રજીસ્ટ્રેશન નંબર વિગેરેની વિગત અંગેની ઝેરોક્ષ રાખવી.
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)

૨.૨ ઉક્ત વિગતે રજીસ્ટર નિભાવવા ઉપરાંત નીચેની શરતોનું પાલન કરવું.

૨.૨.૧ જુની મોટર સાયકલ/સ્કુટર કે જુના થ્રી વ્હીલ/ફોર-વ્હીલ વાહનો ખરીદનારાને અવશ્ય બીલ આપવુ અને તેની સ્થળપ્રત પોતાના કબ્જામાં રાખવી.

૨.૨.૨ જુની મોટર સાયકલ/સ્કુટર કે જુના થ્રી વ્હીલ/ફોર-વ્હીલ વેચનારા વેપારી અથવા તે અંગેની દુકાનો ધરાવનારા માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જુની મોટર સાયકલ/સ્કુટર કે જુના થ્રી વ્હીલ/ફોર-વ્હીલ વાહનોનું વેંચાણ કરે ત્યારે સાયકલ/સ્કુટર કે જુના થ્રી વ્હીલ/ ફોર-વ્હીલ ખરીદ કરનાર ગ્રાહકનું ડ્રાઈવિંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશનકાર્ડ કે જે જગ્યાએ નોકરી કરતા હોય તો તે જગ્યાનું ઓળખપત્ર, શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે, મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સાંસદસભ્યશ્રી, કોઈપણ ખાતાના તરફથી મેળવેલ ઓળખ પત્રક/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી મેળવવાનો રહેશે.

૨.૨.૩ વેંચાણ બીલમાં જુની મોટર સાયકલ/સ્કુટર કે જુના થ્રી વ્હીલ/ફોર-વ્હીલ વાહન ખરીદનારનું પુરૂ નામ, સરનામું સંપર્ક માટે ટેલીફોન/ મોબાઈલ નંબર લખવો.

૨.૨.૪ વેંચાણ બીલમાં જુની મોટર સાયકલ/સ્કુટર કે જુના થ્રી વ્હીલ/ફોર વ્હીલ વાહનો ફ્રેમ નંબર, ચેસીસ નંબર, એન્જીન નંબર અવશ્ય લખવો.

૨.૨.૫ જુની મોટર સાયકલ/સ્કુટર કે જુના થ્રી વ્હીલ/ફોર વ્હીલ વાહનોના વેંચાણ અંગેના રેકર્ડ ચકાસણી માટે વેચાણકર્તા પાસે કોઈપણ પોલીસ અધિકારી/કર્મચારી તરફથી માંગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહિતી/રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

અમલવારીનો વિસ્તાર :

આ હુકમ સમગ્ર અમરેલી જિલ્લા વિસ્તારમાં લાગુ પડશે.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૧૬-૦૩-૨૦૨૬ થી તા. ૧૪-૦૫-૨૦૨૬ (બંન્ને દિવસો સહિત) સુધી સમગ્ર સમયગાળા માટે અમલી રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામ નાગરીકોને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શક્ય ન હોઈ, આથી એકતરફી હુકમ ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધ કરાવવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવાની રહેશે, તેમજ એસ.ઓ.જી. શાખાએ વાહનોની લે-વેચ કરનાર વ્યક્તિઓને જાણ તથા સમજ આપવાની રહેશે.

આજ તા. ૧૩ માર્ચ, ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૧૩ માહે માર્ચ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું જાહેરનામું

વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામું/મ.એ.ભાડે નો/રીન્યુ/૮૩/૨૦૨૬, તા. ૨૯-૦૧-૨૦૨૬.

હુકમ

નં. નાચિ/પલસ/વશી/ઈ-૪૨૩૧૬૨/૨૦૨૬.-વંચાણે લીધા-૧ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીનાં પત્રથી થયેલ દરખાસ્તની વિગતો મુજબ ત્રાસવાદી, અસામાજીક તત્વો રહેણાંક તથા ઔધોગીક વિસ્તારો તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરતા હોય છે. તેમજ આતંકવાદી પ્રવૃતિ કરતા હોય છે. જેથી માનવ જીન્દગીની ખુવારી થાય અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડવાની કોશિશ કરતા હોય છે. બહારના જિલ્લામાંથી કે રાજય/દેશ બહારથી આવતા આવા તત્વો અલગ-અલગ વિસ્તારોમાં મજુરો, કડીયાકામ, ઈંટોનાં ભઠ્ઠા, હોટલ, ધાબા, રેસ્ટોરન્ટ, ગેસ્ટ હાઉસમાં રસોઈયા, ફેકટરી, કારખાના, નાની-મોટી ખાણી પીણીની દુકાનો, લારીઓ ઉપર તથા કલરકામ કરતા તથા ખેત મજુરોને રોજગારી આપી રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં મકાન/એકમો ભાડે રાખી રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે.

અમરેલી જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે. જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવતા હોય છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાન્તના માણસો કામ-ધંધા અર્થે આવતા હોય છે. બહારના જિલ્લા, રાજયોમાંથી કે દેશ બહારથી આવતા આવારા તત્વો મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડસ્ટોરેજ વિગેરે જગ્યા ભાડે રાખીને રહેતા હોય છે. અને આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલ ઈસમો સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈ તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે. લોકોનાં જાનમાલનું રક્ષણ કરવાની તંત્રની ફરજ છે. જેથી અત્રેનાં જિલ્લામાં કોઈ પણ મકાન/ઔદ્યોગિક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડસ્ટોરેજ વિગેરે જગ્યા ભાડે આપનાર ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. આમ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી વંચાણે લીધા-૧ના પત્રથી રજુ થયેલ દરખાસ્ત મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવુ ઉચિત જણાય છે.

આથી **હું, દિલિપસિંહ ગોહિલ(GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન/ઔદ્યોગિક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્જસ્ટોરેજ વિગેરે જગ્યા ભાડે આપે ત્યારે જે તે વ્યકિત પાસેથી માહિતી/આધાર પુરાવા તેમજ ઓળખ મેળવીને સબંધિત પોલીસ સ્ટેશન ખાતે નીચે મુજબની માહિતીની જાણ કર્યા બાદ જ જગ્યા ભાડે આપવાની રહેશે. તેમજ જે તે પોલીસ સ્ટેશનનાં અધિકારીએ આવી જગ્યા ભાડે રાખનારની તમામ હકિકત અંગે યોગ્ય અને પુરતી ચકાસણી કરવાની રહેશે.

મકાન/ઔધોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડસ્ટોરેજ વિગેરનાં માલિકોએ જગ્યા ભાડે આપતી વખતે સબંધિત પોલીસ સ્ટેશનમાં જાણ કરવાનું નિયત નમુના મુજબની માહિતીનું ફોર્મ

ક્રમ	મકાન/ઔધોગીક એકમ/ઓફીસ/ દુકાન/ગોડાઉન/કોલ્ડસ્ટોરેજ વિગેરે જગ્યાનાં માલિક/સંચાલકનું નામ/ સરનામું અને ટેલીફોન નંબર/ મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાન/ઔધોગીક એકમ/ઓફીસ/ દુકાન/ગોડાઉન/કોલ્ડસ્ટોરેજ ની વિગત જેમા કયાં વિસ્તારમાં આવેલ છે અને મકાનનું બાંધકામ કેટલા ચો.મી. છે.?	મકાન/ઔધોગીક એકમ/ઓફીસ/દુકાન/ ગોડાઉન/કોલ્ડસ્ટોરેજ વિગેર ભાડે આપવા સત્તા ધરાવતા વ્યકિતનું નામ/ સરનામું/ટેલીફોન નંબર/ મોબાઈલ નંબર	મકાન/ઔધોગીક એકમ/ઓફીસ/દુકાન/ ગોડાઉન/કોલ્ડસ્ટોરેજ વિગેર કઈ તારખથી ભાડે આપેલ છે. તથા માસિક ભાડુ કેટલુ છે.	જે વ્યકિતને મકાન/ઔધોગીક એકમ/ઓફીસ/ દુકાન/ગોડાઉન/ કોલ્ડસ્ટોરેજ વિગેરે ભાડે આપેલ છે. તેનુ પુરૂ નામ તથા હાલનું સરનામું ટેલીફોન નંબર/મોબાઈલ નંબર ફોટોગ્રાફ વિગેરે.	જે વ્યકિતને મકાન/ઔધોગીક એકમ/ઓફીસ/ દુકાન/ગોડાઉન/ કોલ્ડસ્ટોરેજ વિગેરે ભાડે આપેલ છે. તેમના મુળ વતનનું પાકુ સરનામું તથા વતનમાં ઓળખાતા ત્રણ સગા સબંધી નાં નામ/સરનામાં/ મોબાઈલ નંબર	મકાન/ઔધોગીક એકમ/ઓફીસ/ દુકાન/ગોડાઉન/ કોલ્ડસ્ટોરેજ વિગેરેનાં ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યકિતનું નામ/ સરનામુ/ટેલીફોન નંબર/મોબાઈલ નંબર
૧	૨	૩	૪	૫	૬	૭

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૧૬-૦૩-૨૦૨૬ થી તા. ૧૪-૦૫-૨૦૨૬ (બંને દિવસો સહિત) દિવસ-૬૦ સુધીના સમયગાળા માટે અમલી રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ''ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩''ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે. અને આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ આથી એક તરફી હુકમ ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તથા નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્રો, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધ કરાવવાની રહેશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવાની રહેશે. તેમજ એસ.ઓ.જી. શાખાએ તમામ વ્યકિતઓને જાણ થાય તે માટે બહોળી પ્રસિધ્ધિ કરવા તથા સમજ આપવાની રહેશે.

આજ તા. ૧૩ માર્ચ, સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનાં સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ જાહેરનામું બહાર પાડેલ છે.

અમરેલી, ૧૩ માહે માર્ચ, સને ૨૦૨૬.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું

વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામું/૫૨પ્રાંતિય-કામદાર/૮૪/૨૦૨૬, તા. ૨૯-૦૧-૨૦૨૬.

જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/ઈ-૪૨૫૦૧૫/૨૦૨૬.-

૧. વંચાણે લીધા-૧ ના પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્રથી તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલ તથા દેશના અલગ-અલગ રાજ્યોમાં તથા ગુજરાતમાં ભુતકાળમાં બનેલા અને રાષ્ટ્રવિરોધી બનાવો જેવા કે ત્રાસવાદ, બોમ્બ બ્લાસ્ટ જેવા બનાવો બનેલ છે. જે બનાવોને અંજામ આપતા આરોપીઓ મોટેભાગે રાજ્ય બહારના અને જિલ્લા બહારના હોય છે. જે શરૂઆતમાં આમ નાગરિક બની કડીયાકામ, ઈંટોના ભઠ્ઠા, હોટલ, ધાબા, રેસ્ટોરન્ટ, ફેકટરી, કારખાના, ખાણીપીણીની દુકાનો, લારીઓ ઉપર તથા કલર કામ કરતા કારીગરો તથા ઔદ્યોગિક એકમમાં કામ કરવા આવતા કારીગરો, મજુરો તથા ખેત-મજુરો સ્થાનિક ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ થઈ ત્રાસવાદી, ભાંગફોડીયા પ્રવૃતિ, ચોરી, લુંટ, ધાડ, હત્યા જેવા ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપી નાસી જતા હોય છે. તપાસ કરતાં ગુનો કરનાર તથા તેને કામદાર તરીકે લાવનાર એજન્ટનું પુરેપુરુ નામ, સરનામું, વતનનું સરનામું તેમજ અગાઉનો પૂર્વ ઈતિહાસ વિગેરે માહિતી કામદાર તરીકે રાખનાર માલીક પાસે ઉપલબ્ધ હોતી નથી. જેના કારણે આવા કૃત્યો કરનાર ઈસમો ઝડપથી પકડી શકાતા નથી. આવા અસામાજિક તત્વો તથા શંકાસ્પદ વ્યકિતઓથી તંત્ર નિયમિત માહિતગાર થાય તેવા શુભ આશયથી તથા જો તેમ ન કરે તો તેના ઉપર જરૂરી નિયંત્રણો મુકવા જરૂરી જણાતા આ સાથે સામેલ રાખેલ નિયત ફોર્મમાં જણાવ્યા અનુસાર જિલ્લા/રાજ્ય બહારના મજુરોને કામદાર તરીકે રાખતા જે તે એકમના માલીક, એજન્ટ, દલાલ, લેબર કોન્ટ્રાકટર વિગેરેએ આ સાથે સામેલ ફોર્મ ભરી સબંધિત પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવવા અંગે જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

સબબ, ઉક્ત વિગતેની રજુ થયેલ દરખાસ્તની વિગતો ચકાસતા જિલ્લામાં બનતા ગુનાઓ અટકાવવા અને ગુન્હાશોધન પ્રક્રિયા માટે જરૂરી વિગતો ઉપલબ્ધ બને તે ઉપરાંત બહારથી આવતા શ્રમિકો સાથે કોઈ અઘટીત બનાવ બને તેવા સંજોગોમાં તેઓને જરૂરી પ્રશાસનિક મદદ મળી રહે તે હેતુથી શ્રમિકોનું નામ, સરનામાં સહિતની જરૂરી વિગતો રખાય તે સુનિશ્ચિત કરવું ખુબ જ જરૂરી જણાય છે. જેથી રજુ થયેલ દરખાસ્તની વિગતેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવું જરૂરી જણાય છે.

૨. વાસ્તે હું **દિલિપસિંહ ગોહિલ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂઈએ સમગ્ર અમરેલી જિલ્લાના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને સુરક્ષાને લક્ષમાં રાખીને નીચેની વિગતે હુકમ ફરમાવું છું.

૨.૧ અમરેલી જિલ્લામાં રાજ્ય/જિલ્લા બહારના કડીયાકામ, ઈંટોના ભઠ્ઠા, હોટલ, ધાબા, રેસ્ટોરન્ટ, ફેકટરી, કારખાના, ખાણીપીણીની દુકાનો, લારીઓ ઉપર તથા કલર કામ કરતા કારીગરો તથા ઔદ્યોગિક એકમમાં કામ કરવા આવતા કારીગરો, મજુરો તથા ખેત-મજુરોને કામદાર તરીકે રાખનાર જે તે એકમના માલિક, એજન્ટ, દલાલ, લેબર કોન્ટ્રાકટર વિગેરેએ તેવા વ્યકિતઓ માટે નીચેની વિગતેનું નિયત ફોર્મ સબંધીત પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવી નોંધણી કરાવવાની રહેશે.

ક્રમ	કામદાર તરીકે રાખનાર વ્યકિતનું નામ, હાલનું સરનામું, મુળ સરનામું, આઈ. ડી. પ્રુફ, મોબાઈલ નંબર, ફોટો	કામદાર તરીકે રહેનાર વ્યકિતનું નામ, હાલનું સરનામું, મુળ સરનામું, આઈ.ડી. પ્રુફ, મોબાઈલ નંબર, ફોટો	કામદાર તરીકે રહેનાર વ્યકિતના પરિચિતોના નામ, સરનામું મોબાઈલ નંબર, ફોટો		કામદાર તરીકે લાવનાર એજન્ટ, દલાલ, મકાદમનુ નામ, હાલનું સરનામું, મુળ સરનામું, આઈ.ડી. પ્રુફ, મોબાઈલ નંબર, પોલીસ સ્ટેશન, ફોટો
			પરિચિત ૧	પરિચિત ૨	
૧					

નોંધ : ઉપરોક્ત નિયત નુમના મુજબના ફોર્મમાં જણાવેલ વિગતે જે તે કામદારને રાખનાર માલીકે કામદારને રાખ્યા પછી ૨૪ કલાકમાં સચોટ માહિતીની ખાત્રી કરી સબંધિત પોલીસ સ્ટેશનમાં લેખીતમાં આપવાની રહેશે.

અમલવારીનો વિસ્તાર :

આ હુકમ સમગ્ર અમરેલી જિલ્લા વિસ્તારમાં લાગુ પડશે.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૧૬-૦૩-૨૦૨૬ થી તા. ૧૪-૦૫-૨૦૨૬ (બન્ને દિવસો સહિત) સુધી સમગ્ર સમયગાળા માટે અમલી રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ કલમ-૨૨૩ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામ નાગરીકોને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શક્ય ન હોઈ, આથી એકતરફી હુકમ ફરમાવવામાં આવે છે.

જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તથા નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધ કરાવવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવાની રહેશે. તેમજ એસ.ઓ.જી. શાખાએ તમામ વ્યકિતઓને જાણ થાય તે માટે બહોળી પ્રસિધ્ધી કરવી તથા સમજ આપવાની રહેશે.

આજ તા. ૧૩ માર્ચ, ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૧૩ માહે માર્ચ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું જાહેરનામું

વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામું/સ્પા/રીન્યુ/૮૬/૨૦૨૬, તા. ૨૯-૦૧-૨૦૨૬.

જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/ઈ-૪૨૫૭૮૪/૨૦૨૬.-

૧. વંચાણે લીધા-૧ના પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્રથી તાજેતરમાં અમરેલી જિલ્લાના રહેણાંક વિસ્તારમાં તથા ઔદ્યોગિક વિસ્તારોમાં સ્પા/મસાજ પાર્લર ચલાવવાની આડમાં નશીલા કેફી દ્રવ્યોનું સેવન તથા દેહ વ્યપાર તથા અન્ય ગેરકાયદેસર કૃત્યો ચલાવતા હોવાનું જણાવય આવેલ છે. કેટલાક અસામજિક તત્વો આવા સ્પા/મસાજ પાર્લરની આડમાં ગુનાહીત કૃત્યો કરી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરતા હોવાનું જણાય આવેલ હોઈ સ્પા/મસાજ પાર્લરના માલીકો અગર તો આવા સ્પા/મસાજ પાર્લરના સંચાલકોએ તેમાં કામ કરતા કર્મચારીઓની સંખ્યા તથા ફોટોગ્રાફસ સાથેની સંપૂર્ણ વિગત SOG ઓફિસ તથા જે-તે પોલીસ સ્ટેશનો ખાતે આપવા અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે.

સબબ, ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત ચકાસતા, અમરેલી જિલ્લામાં સ્પા/મસાજ પાર્લરોની આડમાં થતા ગુન્હાહીત કૃત્યો અટકાવવા અને જાહેર સલામતી અને શાંતિ જાળવવાના ઉદેશથી સ્પા/મસાજ પાર્લરોની માહિતી SOG કચેરી તથા જે-તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં હોવી જરૂરી છે. જે માટે જાહેરનામું પ્રસિદ્ધ કરવું જરૂરી જણાય છે.

૨. વાસ્તે હું, **દિલિપસિંહ ગોહિલ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો,** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩થી મળેલ સત્તાની રૂઈએ સમગ્ર અમરેલી જિલ્લાના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને સુરક્ષાને લક્ષમાં રાખીને નીચેની વિગતે હુકમ ફરમાવું છું.

અમરેલી જિલ્લામાં સ્પા/મસાજ પાર્લરોના માલીકો તથા સંચાલકોએ સ્પા/મસાજ પાર્લરોમાં કામ કરતા કર્મચારીઓની સંખ્યા સહિત ફોટો ગ્રાફસ સાથેની નીચે મુજબની માહિતી જે-તે પોલીસ સ્ટેશને આપવી રહેશે. સ્પા/મસાજ પાર્લરમાં રેકોર્ડીંગની સુવિધા સાથે સી.સી.ટી.વી. એન્ટ્રી, રિસેપ્શન તથા કોમન એરીયામાં ફરજીયાત રાખવાના રહેશે. તેમજ ૩૦ દિવસ સુધીના સી.સી.ટી.વી. રેકોર્ડીંગની સંપૂર્ણ માહિતી સાથે સાચવી રાખવાની રહેશે અને સંબંધિત પોલીસ સ્ટેશને જરૂર પડ્યે આ માહિતી આપવાની રહેશે. આ અંગે જે-તે પોલીસ સ્ટેશનના ઓફિસરે રજીસ્ટર નિભાવવાનું રહેશે.

ક્રમ	સ્પા/મસાજ પાર્લરનું નામ, માલિક/ સંચાલકનું નામ તથા સરનામું, મો.નંબર, આધારકાર્ડ નં., ડ્રાઈવિંગ લાઈસન્સ નં. ફોટો વિગેરે	સ્પા/મસાજ પાર્લરમાં અન્ય કોઈ પાર્ટનર જોડાયેલ હોય તો તેનું નામ તથા સરનામું, મો. નંબર, આધારકાર્ડ નં, ડ્રાઈવિંગ લાઈસન્સ નં. ફોટો વિગેરે	સ્પા/મસાજ પાર્લરોમાં કામ કરતા તમામ કર્મચારીની સંપૂર્ણ વિગત		સ્પા/મસાજ પાર્લરની જગ્યાની વિગત-(૧) જગ્યા પોતાના નામે હોય તો બિડાણમાં કાગળોની નકલ જોડવાની રહેશે. (૨) ભાડેથી હોય તો ભાડાકરારની નકલ જોડવાની રહેશે.
			(૧) જો તેઓ ભારતીય હોય તો તેના ઓળખના પુરાવા જોડવા, નામ, હાલનું સરનામું, મુળ વતનનું સરનામું, મો.નંબર, આધારકાર્ડ નં, ડ્રાઈવિંગ લાઈસન્સ નં. કુટુંબના સભ્યોના વિગત, ફોટો વિગેરે	(૨) જો તેઓ વિદેશી હોય તો-હાલનું સરનામું, મુળ સરનામું, મો. નંબર, પાસપોર્ટની વિગત(પાસપોર્ટ તથા વિઝાની નકલ), કયા વિઝા પર ભારતમાં આવેલા છે તેની વિગત, ફોટો વિગેરે.	

૨	સ્પા/મસાજ પાર્લર ચલાવનારની સહી	કામ કરતા કર્મચારીની સહી	સાક્ષીનું નામ, મોબાઈલ નંબર, સહી, ફોટો

૩	**નિયમો :** (૧) આ વિગત સંપૂર્ણ રીતે ભરીને સ્પા/મસાજ પાર્લરો જે નામથી ચાલતા હોય તેના નામ સાથેની વિગત જે-તે સંબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે. (૨) આ વિગત સંપૂર્ણ ભરાયા પછી તેની ત્રણ નકલ કાઢવાની રહેશે. ત્રણેય નકલમાંથી એક નકલ જે તે પોલીસ સ્ટેશનમાં તથા એક નકલ એસ.ઓ.જી. ઓફિસ ખાતે આપવાની રહેશે. તેમાંથી એક નકલ પોલીસ સ્ટેશનના સહિ સિક્કા સાથે પરત આપશે. જે સાચવી રાખવાની રહેશે. (૩) સ્પા/મસાજ પાર્લર ચલાવનારે તેમનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, આધાર કાર્ડ, ઈલેકશન કાર્ડ રજુ કરવાના રહેશે. (૪) સ્પા/મસાજ પાર્લરમાં આવતા જતા ગ્રાહકોના આઈ.ડી. પ્રુફ મેળવી તે અંગેની વિગત રજીસ્ટર ખાતે નિભાવવાની રહેશે.

અમલવારીનો વિસ્તાર :

આ હુકમ સમગ્ર અમરેલી જિલ્લા વિસ્તારમાં લાગુ પડશે.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૧૬-૦૩-૨૦૨૬ થી તા. ૧૪-૦૫-૨૦૨૬ (બન્ને દિવસો સહિત) સુધી સમગ્ર સમયગાળા માટે અમલી રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ કલમ-૨૨૩ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ, આથી એકતરફી હુકમ ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધિ કરવાની રહેશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવાની રહેશે. તેમજ એસ.ઓ.જી. શાખાએ તમામ વ્યકિતઓને જાણ થાય તે માટે બહોળી પ્રસિધ્ધી કરવા તથા સ્પા/મસાજ પાર્લરોના માલિકો તથા સંચાલકોને સમજ આપવાની રહેશે.

આજ તા. ૧૩ માર્ચ, ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૧૩ માહે માર્ચ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું

વંચાણે લીધા :

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલીનાં પત્ર ક્રમાંક : પરીક્ષા/જી.પી.એસ.સી/જાહેરનામું/૨૦૨૫/૧૦૪૭૪, તા. ૨૩-૧૨-૨૦૨૫.

(૨) અત્રેની કચેરીની મહેકમ શાખાના પત્ર નં. ચિ.મકમ-૧/વશી/૧૧૬૫/૨૦૨૫, તા. ૨૯-૧૨-૨૦૨૫.

હુકમ

નં. નાચિ/પલસ/વશી/૧૧૦૩/૨૦૨૫-(૧) વંચાણે લીધા ક્રમ-૧ના તા. ૨૩-૧૨-૨૦૨૫ તથા વંચાણે લીધા ક્રમ-૨ ના તા. ૨૯-૧૨-૨૦૨૫ ના પત્રથી ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા તા. ૦૪-૦૧-૨૦૨૬ નાં રોજ યોજાનાર ''રાજ્ય વેરા નિરિક્ષક વર્ગ-૩'' (જાહેરાત ક્રમાંક : ૨૭/૨૦૨૫-૨૬)ની પ્રાથમિક કસોટીની પરીક્ષા અન્વયે અમરેલી જિલ્લામાં વિવિધ શાળા/કોલેજમાં યોજાનાર સદરહુ પરીક્ષા દરમિયાન પરીક્ષા સ્થળ પર કાયદો અને વ્યવસ્થા જળવાય રહે, ગેરરીતિ ન થાય તે માટે તેમજ પરીક્ષા કેન્દ્રોમાં વિજાણું યંત્રો જેવા કે મોબાઈલ, ફેકસ, ઝેરોક્ષ/કોપી મશીનો, અન્ય પ્રકારના કોમ્યુનિકેશન સાધનો તથા આસપાસના વિસ્તારોમાં ઝેરોક્ષ/કોપી મશીન પર પરીક્ષા સમય દરમિયાન પ્રતિબંધ તથા લાઉડ સ્પીકર પર પ્રતિબંધ ફરમાવવા અંગે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત વાજબી અને આવશ્યક હોવાનો મને સંતોષ થયેલ છે.

આથી હું **દિલિપસિંહ ગોહિલ (G.A.S.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો,** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે મુજબનાં પ્રતિબંધિત વિસ્તારમાં નીચે મુજબનાં કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

૧. **પ્રતિબંધિત વિસ્તાર :** નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રોની ચતુર્દિશાની ચો તરફ ૨૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા તમામ મકાનો તથા જગ્યા સ્થળ અને વિસ્તાર.

૨. **પ્રતિબંધિત કૃત્યો :** પરીક્ષા કેન્દ્રો પર ઈલેકટ્રોનિક વીજાણું યંત્રો જેવા કે, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, બ્લુટુથ, ઈયરફોન, કેમેરા, લેપટોપ, ફેકસ કે અન્ય પ્રકારના કોમ્યુનિકેશનના સાધનો લઈને પ્રવેશવું નહી. તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના પ્રતિબંધિત વિસ્તારોમાં ઝેરોક્ષ/કોપી મશીનો તથા અન્ય પ્રકારના કોમ્યુનિકેશન સાધનો પરીક્ષા સમય દરમ્યાન બંધ રાખવા. તેમજ પરીક્ષા સ્થળોની આસપાસનાં વિસ્તારમાં પરીક્ષાર્થિઓને ખલેલ ન પહોંચે તે માટે લાઉડ સ્પીકરનાં ઉપયોગ ઉપર પ્રતિબંધ રહેશે.

કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈપણ કર્મચારી તેઓનો મોબાઈલ પરીક્ષા બિલ્ડીંગ ખાતે લઈ જઈ શકશે નહી. બિલ્ડીંગના પ્રવેશદ્વારથી જ બિલ્ડીંગમાં મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. અનિવાર્ય સંજોગોમાં જ સ્થળ સંચાલક પોતાનો મોબાઈલ લઈ જઈ શકશે, પરંતુ મોબાઈલ જે તે સંસ્થાના આચાર્યશ્રીના રૂમમાં સેફ કસ્ટડીમાં રાખી તેનો દુરૂપયોગ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.

(૨) વંચાણે લીધા ક્રમ નં. ૧ તથા ૨ ના પત્રો મુજબ અમરેલી જિલ્લા ખાતે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષા યોજાનાર છે. :

''રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-૩'' (જાહેરાત ક્રમાંક : ૨૭/૨૦૨૫-૨૬) ની પ્રાથમિક કસોટી માટેના પરીક્ષા કેન્દ્રો

ક્રમ	તાલુકો	પરીક્ષા સ્થળનું નામ	સરનામું
1	Amreli	Gyanshakti Residencial School of Excellence (Vidhyasabha Campus)	Vidhyasabha School Campus, Lathi Road, Amreli
2		C V Gajera School (Vidhyasabha)	Lathi Road, Amreli
3		S H Gajera School (Vidhyasabha)	Lathi Road, Amreli
4		Oxford School Unit-1	Keriya Road, Amreli
5		Oxford School Unit-2	Keriya Road, Amreli
6		Smt S S Ajmera Girls High School	Station Road, Near Bus Stand, Amreli

(૩) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સબંધિત કામગીરીમાં રોકાયેલા ફરજ પરનાં અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિન અધિકૃત માણસોએ ઉપરોકત પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહિ. તેમજ કોઈપણ ઈસમે કોઈપણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સિધી કે આડકતરી મદદગારી કરવી નહીં. પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ/વિક્ષેપ/ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/કરાવવું નહી. પરીક્ષા સબંધી ચોરી ગણાય તેવી કોઈ વસ્તુ ઈલ્ટ્રોનિક આઈટમ/પુસ્તક, કાપલીઓ, મોબાઈલ ફોન, ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહીં કે કરાવવામાં મદદગારી કરવી નહીં.

(૪) ઉપર પેરા નં. ૨ માં દર્શાવેલ જે તે પરીક્ષાના કેન્દ્રના કમ્પાઉન્ડ હદથી ચારે બાજુ ૧૦૦ (એક સો) મીટરની હદની અંદર પરીક્ષાઓની તા. ૦૪-૦૧-૨૦૨૬ ના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી બપોરના ૧૪-૦૦ કલાક સુધી આ હદની અંદર આવેલ જાહેર માર્ગ ઉપર ૪ કે તેથી વધુ વ્યકિતઓએ એકત્ર થવુ નહિ કે કોઈ વાહન ઉભું રાખવું નહિ. વધુમાં ફરમાવું છું કે આ સ્થળોના કમ્પાઉન્ડની અંદર કોઈ અનઅધિકૃત પ્રવેશ કરવો નહિ.

(૫) દરેક પરીક્ષા કેન્દ્રના સંચાલકોએ ઉપરોકત સમય દરમ્યાન શાળામાં ઝેરોક્ષ/કોપી મશીન, સ્કેનર મશીન બાબતે સ્વએકરારનામું કરવાનું રહેશે તથા જે તે શાળા-પરીક્ષા કેન્દ્રનું ઝેરોક્ષ/કોપી મશીન, સ્કેનર સીલ કરીને રાખવાનાં રહેશે તથા જિલ્લા શિક્ષણાધિકારી, અમરેલી ખરાઈ કરી આ બાબતનું પ્રમાણપત્ર કેન્દ્ર સંચાલક પાસેથી પરીક્ષા સમય પહેલા અચૂક મેળવી લેવાનું રહેશે.

આ હુકમના મુદ્દા નં. ૪ ની જોગવાઈ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) પરીક્ષા ખંડમાં આવનાર પરીક્ષાર્થીઓને.

(૨) પરીક્ષા સંચાલનનાં કામ માટે ફરજ પર રોકાયેલ અધિકારીશ્રીઓ/કર્મચારીઓને.

(૩) જાહેર માર્ગ પર પસાર થતા વાહનોમાં બેઠેલા મુસાફરોને.

(૪) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ હુકમના અમલમાંથી મુકિત આપેલ તથા ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા અધિકૃત કરેલ વ્યકિતઓ તથા વાહનોને.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૦૪-૦૧-૨૦૨૬ના રોજ સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૧૪-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ માં ઠરાવેલી જોગવાઈઓ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની અમલવારી કરવા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ કાર્યવાહી કરવા તેમજ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલી સબંધિત દરેક પરીક્ષા કેન્દ્રના કેન્દ્ર સંચાલકશ્રીઓ તથા સબંધીત પોલીસ સ્ટેશનના થાણા અધિકારીઓને અધિકૃત કરવામાં આવે છે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સરૂ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલીએ મદદનીશ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્રો મારફતે પ્રસિધ્ધ કરવા તથા આ હુકમની ઉકત પરીક્ષા કેન્દ્રોના સ્થળોએ જાહેર જનતા સહેલાઈથી જોઈ શકે તે રીતે ચોંટાડીને પ્રસિદ્ધિ કરવાની રહેશે.

આજ તા. ૩૧-ડિસેમ્બર-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૩૧ માહે ડિસેમ્બર, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું જાહેરનામું

વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામું/પ્રા.સિ.એ./૭૯/૨૦૨૬, તા. ૨૯-૦૧-૨૦૨૬.

જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/ઈ-૪૨૨૫૩૮/૨૦૨૬.

૧. વંચાણે લીધા-૧ના પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્રથી ભારત દેશમાં કેટલાક સ્થળે આતંકવાદ અને ત્રાસવાદના કૃત્યો તેમજ ખાનગી સિક્યુરિટીઓ દ્વારા લુંટ, ધાડ, ચોરી તથા બીજા ગંભીર શરીર સબંધિત ગુનાઓ કોગ્નીઝેબલ ગુનાઓ તેમજ રાષ્ટ્ર વિરુધ્ધના ગુનાઓ પણ આચરી નાસી જતા હોય છે, એવા બનાવો બનતા અટકાવવા નિયંત્રક જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

૨. ત્રાસવાદીઓ દ્વારા શહેર તથા જિલ્લામાં આવેલ જી.આઈ.ડી.સી.માં, નાની મોટી કંપનીઓની સુરક્ષા એજન્સીમાં ભરતી થઈ પોતાનો ઈરાદો દેશને નુકશાન કરવાનો તેમજ મોટી જાનહાનિ કરવાનો અને કાયદો અને વ્યવસ્થા ભંગ કરવાનો હોય છે તે ઈરાદો ગમે તે વેશ ધારણ કરીને કરતા હોય છે. જિલ્લામાં આવેલ કેટલીક કેમીકલ કંપનીઓનો ગેસ જો બોમ્બથી બ્લાસ્ટ કરવામાં આવે તો પુરા અમરેલી જિલ્લાની પ્રજા તંત્રના જાનમાલને નુકશાન કરે તેમ છે. જેથી જિલ્લામાં આવેલ જી.આઈ.ડી.સી.ની કંપનીઓ, મોટા ઉદ્યોગો, ટોલટેક્ષ, સોસાયટીઓ, રહેણાક વિસ્તારો, હોટલ, બેંક, એ.ટી.એમ., રિસોર્ટ, ફરવાના સ્થળો, ધાર્મિક સ્થળો, મેળાઓ, શોપીંગ-મોલ, સ્કુલો, કોલેજો, સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વિગેરે ઉપર સુરક્ષા કર્મચારીઓને રાખવામાં આવે છે. જે સુરક્ષા કર્મચારીઓ પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીઓ તરફથી લાયસન્સ મેળવ્યા પછી ભરતી કરીને જે તે કંપની તેમજ હોટલો વિગેરે ઉપર સપ્લાય કરે છે. અને તે અંગેની જાણ જે તે પોલીસ સ્ટેશનમાં તેમજ એસ.ઓ.જી. અમરેલીમાં કરતા નથી. જે બાબત ધ્યાને લેતા સુરક્ષા વ્યવસ્થા માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવું ઈષ્ટ જણાય છે.

૩. વાસ્તે હું **દિલિપસિંહ ગોહિલ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩થી મળેલ સત્તાની રૂઈએ સમગ્ર અમરેલી જિલ્લાના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને સુરક્ષાને લક્ષમાં રાખીને નીચે મુજબની કાર્યપધ્ધતિનો અમલ કરવા ફરમાવું છું.

૩.૧ હવે પછીથી કોઈ પણ પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીઓને પોતાને ત્યાં ભરતી કરેલ સિક્યુરિટી ગાર્ડ, સિક્યુરિટી ગનમેન અને સુપરવાઈઝરના બાયોડેટા તૈયાર કરી તેમજ તેઓનું વેરિફિકેશન ફોર્મ વિગતવારનુ ભરી તેની સાથે તેના વતનના પુરાવા તરીકે આધાર કાર્ડની ઝેરોક્ષ કોપી સામેલ રાખી તે પછી જ જે તે ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરનુ વેરિફિકેશન કરાવ્યા પછી જ તેઓને કોઈપણ કંપની, મોટા ઉદ્યોગો, ટોલટેક્ષ, સોસાયટીઓ, રહેણાક વિસ્તારો, હોટલ, બેંક, એ.ટી.એમ., રિસોર્ટ, ફરવાના સ્થળો, ધાર્મિક સ્થળો, મેળાઓ, શોપીંગ-મોલ, સ્કુલો,

કોલેજો, સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વિગેરે ઉપર સપ્લાય કરી શકશે અને જે તે કંપની, મોટા ઉદ્યોગો, ટોલટેક્ષ, સોસાયટીઓ, રહેણાક વિસ્તારો, હોટલ, બેંક, એ.ટી.એમ., રિસોર્ટ, ફરવાના સ્થળો, ધાર્મિક સ્થળ, મેળાઓ, શોપીંગ-મોલ, સ્કુલો, કોલેજો, સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વિગેરેએ પણ ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરને પોતાને ત્યા નોકરી ઉપર રાખતા પહેલા તેઓનુ વેરીફીકેશન થયેલુ હોય તેને જ નોકરી ઉપર રાખવાના રહેશે. અને જો કોઈપણ સંસ્થા તરફથી વેરીફીકેશન થયા વગરના ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરને પોતાને ત્યા નોકરી ઉપર રાખવામાં આવશે તો તેઓની સામે અને સપ્લાય કરનાર પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના માલીક સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. જેથી પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના માલીકોએ તથા જે તે સંસ્થાના માલિક/મેનેજરોએ સુરક્ષાની દ્રષ્ટીએ આ બાબતે પોલીસને જાણ કર્યા વગર ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરને નોકરી ઉપર રાખી શકશે નહી.

૩.૨ કંપની, મોટા ઉદ્યોગો, ટોલટેક્ષ, સોસાયટીઓ, રહેણાક વિસ્તારો, હોટલ, બેંક, એ.ટી.એમ., રિસોર્ટ, ફરવાના સ્થળો, ધાર્મિક સ્થળો, મેળાઓ, શોપીંગમોલ, સ્કુલો, કોલેજો, સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વિગેરેના માલિકો/મેનેજરોએ તથા પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના માલિકોએ પોતાને ત્યા ફરજ પર રાખેલા ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરની વિગતવારની માહિતી તેમજ ચારિત્ર્ય પ્રમાણપત્ર જ્યારે પણ કોઈ પણ પોલીસ અધિકારી ચેક કરવા આવે ત્યારે તેઓને તે બતાવવાનું રહેશે અને આ અંગે પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સી લાયસન્સ અધિનિયમ મુજબ રાખવાના રજીસ્ટરો નિભાવવાના રહેશે.

૩.૩ પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીઓ દ્વારા જવાનોની ભરતી કરી અલગ-અલગ સ્થળો જેવા કે કંપનીઓ, મોટા ઉદ્યોગો, ટોલટેક્ષ, સોસાયટીઓ, રહેણાક વિસ્તારો, હોટલ, બેંક, એ.ટી.એમ., રિસોર્ટ, ફરવાના સ્થળો, ધાર્મિક સ્થળો, મેળાઓ, શોપીંગ-મોલ, સ્કુલો, કોલેજો, સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વગેરે સ્થળોએ સિક્યુરિટી-સલામતી સાચવવાના હેતુસર ઓન પેમેન્ટ સિક્યુરિટી જવાનો ફાળવવામાં આવે છે. અને આ જવાનો સિક્યુરિટી-સલામતીની ફરજો અદા કરતી વેળા તેનો ગેરલાભ લઈ લુંટ, ધાડ, ચોરી અને બીજા ગંભીર શરીર સબંધિત ગુનાઓ, કોગ્નીઝેબલ ગુનાઓ તેમજ રાષ્ટ્ર-વિરુધ્ધના ગુનાઓ પણ આચરી ભાગી જતા હોય છે. આથી આ પ્રવૃતિ ગુનાહિત કૃત્યો અટકાવવા અતિ આવશ્યક હોય, પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીએ જે સ્થળોએ સિક્યુરિટી જવાનની ફાળવણી કરે છે. તે તમામ જવાનોની સંપુર્ણ બાયોડેટા ફોટા સહિતની જે તે પોલીસ સ્ટેશન અને અમરેલી જિલ્લા સ્પેશ્યલ ઓપરેશન ગૃપ (S.O.G.) રાજ મહેલ કેમ્પસ, 'એ'-૧૦૪, બહુમાળી ભવન, જી.અમરેલી, કચેરીએ નીચે મુજબના ફોર્મમાં જાણ કરવી.

			સીક્યુરીટી મેનનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ
અ. નં.	**વિગત**		
૧.	સીક્યુરીટી અથવા પેઢી ફેકટરીનું નામ માલીકનું સરનામું તથા ટેલીફોન નંબર	:	
૨.	પરપ્રાંતીય સીક્યુરીટી ગાર્ડ/ હથીયારી/ બીન હથીયારીના નામ તથા વતનનું સંબંધકર્તા પો.સ્ટે.નું નામ, હાલનું સરનામું, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર	:	
૩.	સીક્યુરીટી ગાર્ડ તથા હથીયારી ગાર્ડ જે સ્થળે ફરજ બજાવતો હોય તે સ્થળનું નામ તથા સરનામું, ટેલી. નંબર	:	
૪.	નોકરીએ રાખ્યાની તારીખ	:	
૫.	કોના રેફરન્સ પરિચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું	:	
૬.	હથીયાર તથા ગનમેનના લાયસન્સની વિગત તથા હથીયાર/ગનની વિગત	:	
૭.	લાયસન્સ માન્ય એરીયા અથવા રીન્યુ તારીખ	:	

અમલવારીનો વિસ્તાર :

આ હુકમ સમગ્ર અમરેલી જિલ્લા વિસ્તારમાં લાગુ પડશે.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૧૬-૦૩-૨૦૨૬ થી તા. ૧૪-૦૫-૨૦૨૬ (બંન્ને દિવસો સહિત) સુધી સમગ્ર સમયગાળા માટે અમલી રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ, આથી એકતરફી હુકમ ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધી કરાવવાની રહે. તેમજ લોકોને સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવાની રહેશે. તેમજ એસ.ઓ.જી. શાખાએ તમામ પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીઓને જાણ તથા સમજ આપવાની રહેશે.

આજ તા. ૧૩, માર્ચ સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૧૩ માહે માર્ચ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું જાહેરનામું

વંચાણે લીધા :

૧. પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામું/CCTV-કેમેરા/રિન્યુ/૮૨/૨૦૨૬, તા. ૨૯-૦૧-૨૦૨૬.

જાહેરનામું

૧. નં. નાચિ/પલસ/વશી/ઈ-૪૨૨૯૪૮/૨૦૨૬.-વંચાણે લીધા-૧ના પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્રથી જાહેર સ્થળો પર સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા બાબતે નિયંત્રક જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્તની વિગતો જોતાં રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા ભુતકાળમાં વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ બનેલ છે. અને આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજ્ય બહારના વિસ્તારમાંથી પ્રવેશી ખાનગી વાહનોના ઉપયોગ દ્વારા હોટલ/ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેકીંગ સંસ્થાઓ, એ.ટી.એમ. સેન્ટરો, મલ્ટી પ્લેકસ થીયેટર, લોજીંગ, બોર્ડીંગ, ધર્મશાળાઓ, આંગડીયા પેઢીઓ, ઔદ્યોગીક એકમો, પેટ્રોલ પંપો, ટોલ પ્લાઝા, ધાર્મિક સ્થળો, સોના-ચાંદીની દુકાનો, કોમર્શીયલ સેન્ટરો સહીતના જાહેર સ્થળોએ રોકાણ કરી/હીલચાલ કરી ભૌગોલીક પરિસ્થિતિથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે. જેના કારણે જાહેર સલામતી સુરક્ષા તેમજ શાંતિનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરિકો તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે. અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળતી હોય છે. આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા સારૂ તેઓ ઉપર સઘન દેખરેખ રાખી શકાય તેમજ આ પ્રકારની પ્રવૃત્તિઓના બનાવો બનતા અટકાવી શકાય. તે હેતુસર ઉપરોકત તમામ જગ્યાઓએ સી.સી.ટી.વી. કેમેરા(નાઈટ વીઝન તથા હાઈડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ રાખવામાં આવે તો આતંકવાદી તત્વો દ્વારા આચરવામાં આવતી બોમ્બ બ્લાસ્ટની પ્રવૃત્તિને અંજામ આપતા પહેલાં જ અંકુશમાં લઈ શકાય અને ગુનાખોરી પ્રવૃત્તિને અંજામ આપતા પહેલા જ અંકુશમાં લઈ શકાય અને ગુનાખોરી પ્રવૃત્તિઓ જેવી કે, ચોરી, ધાડ, લુંટ, ચીલ-ઝડપ જેવા મિલકત સંબંધી ગુન્હાઓ બનતા અટકાવી શકાય અને ગુન્હા બન્યા પછી તેનો ભેદ ઉકેલવામાં તપાસ એજન્સીઓને મદદ મળી રહે. જેથી જાહેરસ્થળો, લોકોની ભીડભાડ વાળા સ્થળો તથા ઔદ્યોગિક/વ્યાપારી એકમોમાં સલામતિ અર્થે સી.સી.ટી.વી. કેમેરા ગોઠવી વીડીયો રેકોર્ડીંગ મારફત સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવાની જરૂર જણાતી હોય તે અંગે નિયંત્રક જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે.

૨. વાસ્તે હું **દિલિપસિંહ ગોહિલ, (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂઈએ સમગ્ર અમરેલી જિલ્લાના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને સુરક્ષાને લક્ષમાં રાખીને નીચેની વિગતે હુકમ ફરમાવું છું.

૨.૧ જિલ્લામાં આવેલ તમામ હોટલ/ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેકીંગ સંસ્થાઓ, એ.ટી.એમ. સેન્ટરો, મલ્ટી પ્લકસ થીયેટર, લોજીંગ, બોર્ડીંગ, ધર્મશાળાઓ, આંગડીયા પેઢીઓ, ઔદ્યોગીક એકમો, ધાર્મિક સ્થળો, સોના-ચાંદીની દુકાનો, કોર્મશીયલ સેન્ટરો, પેટ્રોલ પંપો તથા હોટલો ઉપર તથા હાઈવે ઉપર આવેલા તમામ ટોલ પ્લાઝાઓ ઉપર વાહનનો રજીસ્ટ્રેશન નંબર સ્પષ્ટ રીતે દેખાય તે રીતે તેમજ વાહન ચાલક તથા તેની બાજુમાં બેઠેલી વ્યક્તિનું વીડીયો રેકોર્ડીંગ થઈ શકે તે રીતે સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા તેમજ બેંકિંગ સંસ્થાઓ, આંગડીયા પેઢીઓ, સોના-ચાંદીની દુકાનો અને કોમર્શિયલ સેન્ટરોમાં આવતા-જતા તમામ વ્યક્તિઓ સ્પષ્ટ રીતે ઓળખી શકાય તે રીતે સી.સી.ટી.વી. કેમેરા, નાઈટ વીઝન કેમેરા હાઈ ડેફીનેશન સાથે ગોઠાવવાના રહેશે.

૨.૨ સી.સી.ટી.વી. કેમેરા (નાઈટવીઝન તથા હાઈડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

૨.૩ સી.સી.ટી.વી. કેમેરાનો ડેટા ઓછામાં ઓછો ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાની જવાબદારી જે તે જગ્યાના સંચાલકશ્રીની રહેશે.

૨.૪ ઉપરોકત જણાવેલ સ્થળોની બહારના ભાગે પી.ટી.ઝેડ. કેમેરા ગોઠવવા.

૨.૫ ઉપરોકત જણાવેલ સ્થળોના પાર્કિંગની જગ્યાઓમાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

૨.૬ રીસેપ્શન સેન્ટર, લોબી, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે પ્રવેશ હોય, ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય એ રીતે કેમેરાઓ ગોઠવવા.

અમલવારીનો વિસ્તાર :

આ હુકમ સમગ્ર અમરેલી જિલ્લા વિસ્તારમાં લાગુ પડશે.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૧૬-૦૩-૨૦૨૬ થી તા. ૧૪-૦૫-૨૦૨૬ (બન્ને દિવસો સહિત) સુધી સમગ્ર સમયગાળા માટે અમલી રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ કલમ-૨૨૩ ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ, આથી એકતરફી હુકમ ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધિ કરાવાની રહેશે. તેમજ લોકોને સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવાની રહેશે. તેમજ એસ.ઓ.જી. શાખાએ ઉક્ત તમામ સ્થળોએ જવાબદાર વ્યક્તિઓને જાણ તથા સમજ આપવાની રહેશે.

આજ તા. ૧૩, માર્ચ, ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૧૩ માહે માર્ચ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું જાહેરનામું

વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામું/મોબાઈલ-સીમકાર્ડ/રીન્યુ/૮૧/૨૦૨૬, તા. ૨૯-૦૧-૨૦૨૬

જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/ઈ-૪૨૩૦૬૬/૨૦૨૬.-

૧. વંચાણે લીધા-૧ના પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્રથી મોબાઈલ લે-વેચ તથા સીમકાર્ડ વેચવા બાબતે નિયંત્રક જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે, જે દરખાસ્તની વિગતે રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખત પ્રસિધ્ધ થતા અહેવાલો, ઈનપુટો તથા ભુતકાળમાં વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલકતોને નુકશાન પહોચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. હાલમાં બજારમાં મોબાઈલ ફોનના સીમકાર્ડ માન્ય પુરાવાની તેમજ ખરીદનાર વ્યકિતની યોગ્ય ચકાસણી ના અભાવે તેમજ બોગસ દસ્તાવેજોના આધારે સીમકાર્ડ મેળવતા હોય છે. અને તે સીમકાર્ડ આધારે રાજ્ય તેમજ જીલ્લામાં બનાવટી કોલ દ્વારા ધમકી આપવાના, સાયબર ક્રાઈમને લગતા ગુના, ખંડણી માગવાના, અપશબ્દો બોલવાના, મહીલાઓની જાતિય સતામણી કરવાના તેમજ ખોટી માહીતી આપવાના કિસ્સાઓ તથા ઘરફોડ ચોરીઓ, લુટ-ધાડ, ચીલ-ઝડપ, વિગેરે ગુનાઓને અંજામ આપતા હોય, તે બાદમાં ગુન્હામાં વપારાયેલ મોબાઈલ અન્યને વેચી દેતા હોય, જે ભૂતકાળમાં બનેલ બનાવો પરથી જણાઈ આવેલ છે. તે માટે મોબાઈલ ફોન તથા સીમકાર્ડની લે-વેચ કરતા દુકાનદારો ઉપર નિયંત્રણ મુકવું જરૂરી છે. ઘણી વખત તપાસ એજન્સીઓ મારફતે વપરાશકર્તા સુધી પહોચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ જે મોબાઈલ ફોન ખરીદનાર/વેચનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહીતી હોતી નથી. અને ગુનાના મુળ સુધી તપાસ એજન્સી પહોચે ત્યારે જાણવા મળે છે કે, એમને કોઈ અજાણી વ્યકિતએ આપેલ છે. જેના કારણે ચોકકસ આરોપી પકડી શકાતો નથી. જે બાબતોને ધ્યાને રાખી જિલ્લાના મોબઈલ/સીમકાર્ડ ડીસ્ટ્રીબ્યુટર/રીટેઈલર વિક્રેતાઓ દ્વારા મોબાઈલ સીમકાર્ડ તેમજ જુના-નવા મોબાઈલ ફોન વેચાણ કરતી વખતે સીમકાર્ડ તથા મોબાઈલ ફોન ખીરદનાર વ્યકિતનું માન્ય ઓળખપત્ર, રહેઠાણનો પુરાવો વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સીમકાર્ડ તેમજ મોબાઈલ વેચાણ સંદર્ભમાં ખરીદ કરનારના નામ સરનામાની માહીતીનું રજીસ્ટર નિભાવવા અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જેથી જાહેર સુરક્ષા માટે મોબાઈલ ફોન લે-વેચ કે રીપેરીંગ કરતી પેઢીઓએ તે અંગેનું નિયત રજીસ્ટર નિભાવી રેકર્ડ રાખવામાં આવે તેવી આવશ્યકતા જણાતી હોય તે અંગે નિયંત્રક જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે.

૨. વાસ્તે હું **દિલિપસિંહ ગોહિલ, (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂઈએ સમગ્ર અમરેલી જિલ્લાના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને સુરક્ષાને લક્ષમાં રાખીને નીચેની વિગતે હુકમ ફરમાવું છું.

૨.૧ જિલ્લાના મોબાઈલ/સીમકાર્ડ ડીસ્ટ્રીબ્યુટર/રીટેઈલર વિક્રેતાઓ દ્વારા મોબાઈલ સીમકાર્ડ તેમજ જુના-નવા મોબાઈલ ફોન વેચાણ કરતી વખતે સીમકાર્ડ તથા મોબાઈલ ફોન ખરીદનાર વ્યકિતનું માન્ય ઓળખપત્ર, રહેઠાણનો પુરાવો વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સીમકાર્ડ તેમજ મોબાઈલ વેચાણ સંદર્ભમાં ખરીદ કરનારના નામ સરનામાની માહીતીના નીચે મુજબના નમૂનાનાં રજીસ્ટર નિભાવવાના રહેશે.

મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અ. નં.	મોબાઈલની વિગત/કંપની	IMEI નંબર	મોબાઈલ વેંચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત	આઈ.ડી. પ્રુફની વિગત
(૧)	(૨)	(૩)	(૪)	(૫)

નવા/જુના મોબાઇલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અ. નં.	મોબાઇલની વિગત/કંપનીનું નામ	IMEI નંબર	મોબાઇલ વેંચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત	આઇ.ડી. પ્રુફની વિગત
(૧)	(૨)	(૩)	(૪)	(૫)

નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અ. નં.	સીમકાર્ડની વિગત/ કંપનીનું નામ	સીમ કાર્ડ નંબર	સીમકાર્ડ ખરીદનારના નામ, સરનામાની વિગત	સીમકાર્ડ ખરીદનારના આઇ.ડી. પ્રુફની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)

અમલવારીનો વિસ્તાર :

આ હુકમ સમગ્ર અમરેલી જિલ્લા વિસ્તારમાં લાગુ પડશે.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૧૬-૦૩-૨૦૨૬ થી તા. ૧૪-૦૫-૨૦૨૬ (બન્ને દિવસો સહિત) સુધી સમગ્ર સમયગાળા માટે અમલી રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ, આથી એકતરફી હુકમ ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધી કરાવવાની રહે. તેમજ લોકોને સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવાની રહેશે. તેમજ એસ.ઓ.જી. શાખાએ તમામ મોબાઈલ તથા સીમકાર્ડ લે-વેચ કરતા વ્યકિતઓને જાણ તથા સમજ આપવાની રહેશે.

આજ તા. ૧૩, માર્ચ, ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૧૩ માહે માર્ચ, સને ૨૦૨૬.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) હેઠળ જાહેરનામું

વંચાણે લીધા :

(૧) મેનેજર (પ્રો.)શ્રી, પી.આઈ.યુ., GUDC, ભાવનગરના પત્ર નં. GUDC/PIU/BVN-ZO/Damnagar ROB LC-11-C/2026/42, તા. ૨૦-૦૧-૨૦૨૬

(૨) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. ૧૮૬/ટ્રાફિક/અભિપ્રાય/૫૮/૨૦૨૬, તા. ૧૦-૦૩-૨૦૨૬.

(૩) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, લાઠીના પત્ર નં. એમએજી/વશી/૯૦૨/૨૦૨૬, તા. ૧૦-૦૨-૨૦૨૬.

જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/૪૨૧/૨૦૨૬.-વંચાણે લીધા-૧ દામનગર ખાતે દામનગરથી ભુરખીયા તરફ જતા રસ્તા પર આવેલ રેલવે ફાટક નં. ૧૧/સી ઉપર રેલવે ઓવરબ્રીજના કામે ચાલુ કામગીરી દરમ્યાન સ્થળ ઉપર અકસ્માત, જાનહાનિ કે કોઈ અનિચ્છનીય ઘટના ન બને તેમજ હાલના ટ્રાફિક અવનજવનમાં કોઈ સમસ્યા ન થાય તે હેતુથી રેલવે ફાટક નં. ૧૧/સી ઉપરથી પસાર થતા વાહનોનો તા. ૧૧-૦૨-૨૦૨૬ થી (૧) લાઠી-ભુરખીયા તરફથી આવતા વાહનો ગુરૂકુળના આગળના ભાગેથી બજરંગનગર-છભાડીયા ફાટકથી વાયા અવાડા ચોકથી નગરપાલિકા મેઈન રોડ ઉપરથી પસાર થવા, (૨) ઢસા-દામનગર તરફથી આવતા વાહનો નગરપાલીકા મેઈન રોડ-અવાડા ચોકથી છભાડીયા ફાટક વાયા બજરંગનગર થઈને ગુરૂકુળના આગળના ભાગેથી લાઠી-ભુરખીયા રોડ ઉપરથી પસાર થવા બાબતે રૂટ ડાયવર્ટ કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે.

વંચાણે લીધા-૨ થી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ દામનગર શહેર ખાતે દામનગર થી ભુરખીયા તરફ જતા રસ્તા પર આવેલ રેલવે ફાટક નં. ૧૧/સી ઉપરથી પસાર થતા તમામ વાહનોની તા. ૧૦-૦૩-૨૦૨૬ થી એક વર્ષના સમયગાળા સુધી અવર-જવર બંધ કરવા અને રૂટ ડાયવર્ટ કરવા અંગેના વૈકલ્પિક રૂટ (૧) લાઠીથી પ્રતાપગઢ, ભીંગરાડ, છભાડીયા ગામેથી દામનગર તથા (૨) લાઠીથી ભૂરખીયા, દામનગર આવતા સ્વામી નારાયણ ગુરૂકુળ પહેલા રૂટ ડાયવર્ટ કરવા સારૂ ડાઈવર્ઝનના નાળાની કામગીરી પુર્ણ થઈ ગયેલ છે, જેથી વૈકલ્પિક રૂટ માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે.

વંચાણે લીધા-૩ થી એસ.ડી.એમ.શ્રી, લાઠીએ જી.યુ.ડી.સી. ભાવનગરના તા. ૨૦-૦૧-૨૦૨૬ ના પત્રમાં જણાવ્યા મુજબ લાઠી-દામનગર રોડ પર જતા નાના મોટા તમામ વાહનો ડાયવર્ટ થઈ શકે તે હેતુથી રેલ્વે ફાટક નં. ૧૧/સી થી ભુરખીયા રોડ તરફ બ્રીજના શરૂઆતના છેડેથી (ગુરૂકુળના આગળના ભાગેથી) ન.પા. ની હદથી જમીનમાં છભાડીયા રેલ્વે ફાટક સુધી સીમેન્ટ કોન્ક્રીટ રસ્તાનો ડાયવર્ઝન રોડ માટે કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેથી લાઠી-દામનગર રોડના તમામ વાહનો માટે કુલ-૨ રૂટ (૧) લાઠી-ભુરખીયા તરફથી આવતા વાહનો (ગુરૂકુળના આગળના ભાગેથી) બજરંગનગર છભાડીયા ફાટકથી વાયા અવાડા ચોકથી નગરપાલિકા મેઈન રોડ ઉપરથી અને (૨) ઢસા-દામનગર તરફથી આવતા વાહનો નગરપાલિકા મેઈન રોડ-અવાડા ચોકથી છભાડીયા ફાટક વાયા બજરંગનગર થઈને ગુરૂકુળના આગળના ભાગેથી પસાર થવા બાબતે ડાયવર્ઝન આપવામાં આવેલ છે. દામનગર ગામના આગેવાન પંચોને આ બાબતે જી.યુ.ડી.સી. ભાવનગરના પત્ર અને તેની સાથે સામેલ ડાયવર્ઝન રૂટનો નકશો બતાવેલ છે. અને પંચોએ આ બાબતે રૂટ ડાયવર્ટ કરવામાં આવે તો હરકત સરખું નથી તેવું જણાવેલ છે તેમજ આ ડાયવર્ઝન રૂટ પર નાળાનું કાર્ય શરૂમાં છે જે સંપૂર્ણ બની ગયા પછી ડાયવર્ઝન રસ્તો શરૂ કરવામાં આવે તેવી રજુઆત પંચો દ્વારા કરવામાં આવેલ છે. વધુમાં જી.યુ.ડી.સી. ભાવનગરના એન્જીનીયરશ્રી, કણજારીયા કિશોરભાઈ સાથે નાયબ મામલતદારશ્રી, દામનગરએ તેમના ટેલીફોનિક (મો.નં. ૮૨૦૦૦૭૧૭૪૧) વાતચીત મુજબ આ રસ્તા પર હાલ કુલ-૨ નાળાનું કાર્ય શરૂમાં છે જેને પૂર્ણ થવામાં હજુ અંદાજે ૮ થી ૧૦ દિવસ જેટલો સમય લાગી શકે તેમ છે અને આ બાબતે તેઓ મુદત વધારા માટે લેખિત જાણ કરશે તેવું જણાવેલ હોય, ડાયવર્ઝન રસ્તાના નાળાનું સમગ્ર કાર્ય પૂર્ણ થયા બાદ ડાયવર્ઝન આપી વૈકલ્પિક રૂટ પરથી પસાર થવા જાહેરનામું પ્રસિદ્ધ કરવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

પ્રસ્તુત બાબતે, રજુ થયેલ દરખાસ્તની તથા અભિપ્રાય અહેવાલની વિગતે દામનગર શહેર ખાતે દામનગરથી ભુરખીયા તરફ જતા રસ્તા પર આવેલ ફાટક નં. ૧૧/સી ઉપર ઓવરબ્રિજની કામગીરી શરૂ કરવામાં આવનાર હોય, આ કામગીરી દરમિયાન તા. ૨૧-૦૩-૨૦૨૬ થી એક વર્ષ સુધી તમામ વાહનોની અવર-જવર સંપૂર્ણપણે બંધ કરી, ટ્રાફિક વ્યવસ્થાને અનુકુળ વૈકલ્પિક રૂટ આપી ટ્રાફિકને ડાયવર્ટ કરવું જરૂરી હોવાની મને ખાત્રી થયેલ છે.

જેથી હું, **દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લો-અમરેલી** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, અમરેલી જિલ્લાના દામનગર શહેરમાં દામનગરથી ભુરખીયા તરફ જતા રસ્તા પર આવેલ રેલવે ફાટક નં. ૧૧/સી ઉપર ઓવરબ્રિજની કામગીરી ચાલુ કરવામાં આવનાર હોય, આ રસ્તા પરથી પસાર થતા તમામ પ્રકારના વાહનો માટે વાહન વ્યવહાર બંધ કરી રૂટ ડાયવર્ટ કરવામાં આવે છે અને તમામ વાહનોએ નીચે મુજબના વૈકલ્પિક રૂટ પરથી પસાર થવાનું રહેશે.

વૈકલ્પિક રૂટ-૧

લાઠી-ભુરખીયા તરફથી આવતા વાહનોએ ગુરૂકુળના આગળના ભાગેથી બજરંગનગર-છભાડીયા ફાટકથી વાયા અવાડા ચોકથી નગરપાલીકા મેઈન રોડ પરથી પસાર થવાનું રહેશે.

વૈકલ્પિક રૂટ-૨

ઢસા-દામનગર તરફથી આવતા વાહનોએ નગરપાલિકા મેઈન રોડ-અવાડા ચોકથી, છભાડીયા ફાટક વાયા બજરંગનગર થઈને ગુરૂકુળના આગળના ભાગેથી લાઠી-ભુરખીયા રોડ પરથી પસાર થવાનું રહેશે.

અમલવારીનો સમયગાળો :

આ જાહેરનામું તા. ૨૧-૦૩-૨૦૨૬ થી તા. ૧૯-૦૫-૨૦૨૬ સુધીના સમયગાળા માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ આથી એકતરફી હુકમ ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ સદરહું જાહેરનામું મેનેજરશ્રી (પ્રોજેકટ), પી.આઈ.યુ., જી.યુ.ડી.સી. ભાવનગરએ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્રો, ચેનલો મારફતે પ્રસિધ્ધિ કરી તેમજ લોકોને સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવાની રહેશે.

આજ તા. ૨૦ માર્ચ, ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૨૦ માહે માર્ચ, સને ૨૦૨૬.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) હેઠળ જાહેરનામું

વંચાણે લીધા :

(૧) અત્રેના જાહેરનામા નં. નાચી/પલસ/વશી/ઈ-૩૭૬૮૬૯/૨૦૨૬, તા. ૧૯-૦૧-૨૦૨૬

(૨) મેનેજર (પ્રો.)શ્રી, પી.આઈ.યુ., GUDC, ભાવનગરના પત્ર નં. GUDC/PIU/BVN-ZO/Savarkudla ROB/2026/108, તા. ૧૩-૦૩-૨૦૨૬

જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/ઈ-૨૧૩૬૧૫/૨૦૨૬.-વંચાણે લીધા-૧ ના જાહેરનામાથી સાવરકુંડલા શહેર ખાતે સાવરકુંડલાથી મહુવા તરફ જતા રસ્તા પર આવેલ રેલવે ફાટક નં. ૬૭/બી ઉપર રેલવે ઓવરબ્રીજની કામગીરી પ્રગતી હેઠળ હોય, સાવરકુંડલાથી રાજુલા અને મહુવા તથા મહુવા-રાજુલાથી સાવરકુંડલા તરફ આવતા જતા ભારે તથા મોટા વાહન ઉપરાંત મધ્યમ તથા નાના વાહનો માટે વાહન વ્યવહાર બંધ કરી વૈકલ્પિક ડાયવર્ઝન માટે તા. ૨૩-૦૧-૨૦૨૬ થી તા. ૨૩-૦૩-૨૦૨૬ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું.

વંચાણે લીધા-૨ ના મેનેજર (પ્રો.)શ્રી, પી.આઈ.યુ., GUDC, ભાવનગરના પત્રથી રાજયની નગરપાલીકાઓ વિસ્તારમાં 'રેલવે ફાટક મુકત' ગુજરાત અભિયાન અંતર્ગત સ્વર્ણીમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ સાવરકુંડલા શહેર ખાતે સાવરકુંડલા થી મહુવા તરફ જતા રસ્તા પર આવેલ રેલવે લાઈન ફાટક નં. ૬૭/બી ઉપર રેલવે ઓવર બ્રીજની કામગીરી પ્રગતી હેઠળ હોવાનું જણાવી, કામગીરી અંદાજીત ૦૮(આઠ) માસ સુધી સતત ચાલુ રહેવાની હોય ચાલુ કામગીરી દરમ્યાન કોઈ અઘટીત ઘટના/અકસ્માત કે જાનહાની ન થાય તે હેતુથી સાવરકુંડલાથી રાજુલા અને મહુવા તથા મહુવા-રાજુલા થી સાવરકુંડલા શહેર તરફ આવતા-જતા ભારે તથા મોટા વાહન ઉપરાંત મધ્યમ તથા નાના વાહનો માટે વાહન વ્યવહાર બંધ કરી, વૈકલ્પિક ડાયવર્ઝન આપવા પ્રસિદ્ધ કરેલ જાહેરનામાની સમય મર્યાદા વધારવા માંગણી કરેલ છે.

પ્રસ્તુત બાબતે, રજુ થયેલ દરખાસ્તની વિગતે સાવરકુંડલા-મહુવા રોડ પર આવેલ રેલવે ફાટક નં. ૬૭/બી પર રેલવે ફાટક મુકત ગુજરાત અભિયાન અતર્ગત સ્વર્ણીમ જયતી મુખ્યમત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રેલવે ઓવરબ્રીજની કામગીરી જયા સુધી પ્રગતી હેઠળ હોઈ, ત્યાં સુધી રેલવે ફાટક ન. ૬૭/બી પરથી પસાર થતા વાહનો માટે (૧) અમરેલી હાઈવે તરફથી વાયા સાવરકુંડલા શહેર થઈ મહુવા-રાજુલા તરફ આવતા-જતા ભારે વાહનો સાવરકુડલા બાયપાસ રોડ ઉપરથી, (૨) સાવરકુંડલા શહેરમાથી મહુવા-રાજુલા તરફ જતા-આવતા દ્વિચકી અને થ્રીચકી વાહનો માટે સૂચિત બ્રીજ (રેલવે ફાટક)ની બને સાઈડમાં સર્વિસ રોડની જગ્યામાંથી પસાર થવા તથા (૩) સાવરકુંડલા શહેરમાંથી રાજુલા-મહુવા તરફ આવતા-જતા નાના તથા મધ્યમ વાહનો માર્કેટીંગ યાર્ડ પાસેના રેલવે અંડરપાસમાંથી પસાર થવા વાહનોનું ટ્રાફીક ડાયવર્ટ કરવું જરૂરી હોય જાહેરનામાની મુદત વધારવા માટે ખાત્રી થયેલ છે.

જેથી હું, **દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લો-અમરેલી** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, સાવકુંડલા-મહુવા રોડ પર આવેલ ફાટક નં. ૬૭/બી પરથી પસાર થતા મોટા(ભારે), નાના તેમજ મધ્યમ વાહનો માટે રૂટ ડાયવર્ટ કરવામાં આવે છે અને તમામ વાહનોએ નીચે મુજબના વૈકલ્પિક રૂટ અથવા અન્ય વૈકલ્પિક રૂટ પરથી પસાર થવાનું રહેશે.

વૈકલ્પિક રૂટ-૧

અમરેલી હાઈવે તરફથી વાયા સાવરકુંડલા શહેર થઈ મહુવા-રાજુલા તરફ જતા-આવતા તથા મહુવા-રાજુલા તરફથી વાયા સાવરકુંડલા શહેર થઈ અમરેલી તરફ જતા-આવતા ભારે તથા મોટા વાહનોએ સાવરકુંડલા બાયપાસ રોડ ઉપરથી પસાર થવાનું રહેશે.

વૈકલ્પિક રૂટ-૨

સાવરકુંડલા શહેરમાંથી મહુવા-રાજુલા તરફ જતા-આવતા તથા મહુવા-રાજુલા તરફથી સાવરકુંડલા શહેરમાં જતા-આવતા દ્વિચકી અને થ્રીચકી વાહનોએ સૂચિત બ્રીજ (રેલવે ફાટક)ની બંને સાઈડના સર્વિસ રોડ ઉપરથી પસાર થવાનું રહેશે.

વૈકલ્પિક રૂટ-૩

સાવરકુંડલા શહેરમાંથી મહુવા-રાજુલા તરફ આવતા-જતા નાના તથા મધ્યમ વાહનોએ માર્કેટીંગ યાર્ડ પાસેના રેલવે અંડરપાસમાંથી પસાર થવાનું રહેશે.

આ જાહેરનામું તા. ૨૪-૦૩-૨૦૨૬ થી તા. ૨૨-૦૫-૨૦૨૬(બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ આથી એકતરફી હુકમ ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ સદરહું જાહેરનામું નાયબ મેનેજરશ્રી (પ્રોજેકટ), પી.આઈ.યુ., જી.યુ.ડી.સી. ભાવનગરએ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્રો, ચેનલો મારફતે પ્રસિધ્ધિ કરી તેમજ લોકોને સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવાની રહેશે.

આજ તા. ૧૮ માર્ચ, ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૧૮ માહે માર્ચ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું

વંચાણે લીધા :

(૧) અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક : મઉમશબ/ક/ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૬/પરીક્ષા/૪૬૫, તા. ૦૫-૦૨-૨૦૨૬.

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલીના પત્ર ક્રમાંક : SSC/HSC//પરીક્ષા/જાહેરનામું/૨૦૨૬/૧૦૪૫, તા. ૧૦-૦૨-૨૦૨૬.

હુકમ

નં. નાચિ/પલસ/વશી/ઈ-૧૭૪૪૯૮/૨૦૨૬-(૧) વંચાણે લીધા ક્રમ-૧ના અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનાં તા. ૦૫-૦૨-૨૦૨૬ ના પત્રથી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા સંદર્ભે પરીક્ષામાં ગેરરીતિઓ અટકાવવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જરૂરી જાહેરનામાં બહાર પાડવા જણાવેલ છે. વંચાણે લીધા ક્રમ-૨ના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલીના તા. ૧૦-૦૨-૨૦૨૬ના પત્રથી તા. ૨૬-૦૨-૨૦૨૬ થી તા. ૧૮-૦૩-૨૦૨૬ દરમ્યાન ધોરણ-૧૦ તથા ધોરણ-

૧૨ની પરીક્ષાઓ અમરેલી જિલ્લાનાં તમામ તાલુકાઓમાં જુદા-જુદા પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર હોવાનું જણાવી, પરીક્ષા સ્થળો પર કાયદો અને વ્યવસ્થા જળવાય રહે, ગેરરીતિ ન થાય તે માટે તેમજ પરીક્ષા કેન્દ્રોમાં વિજાણું યંત્રો જેવા કે મોબાઈલ, ફેકસ, ઝેરોક્ષ/કોપી મશીનો, અન્ય પ્રકારના કોમ્યુનિકેશન સાધનો તથા આસપાસના વિસ્તારોમાં ઝેરોક્ષ/કોપી મશીન તથા લાઉડ સ્પીકર પર પરીક્ષા સમય દરમિયાન પ્રતિબંધ ફરમાવવા અંગે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત વાજબી અને આવશ્યક હોવાનો મને સંતોષ થયેલ છે.

આથી હું **દિલિપસિંહ ગોહિલ, (G.A.S.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે મુજબના પ્રતિબંધિત વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

૧. **પ્રતિબંધિત વિસ્તાર** : નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રોની ચર્તુદિશાની ચારે તરફ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા તમામ મકાનો જગ્યા સ્થળ અને વિસ્તાર.

૨. **પ્રતિબંધિત કૃત્યો** : પરીક્ષા કેન્દ્રો પર ઈલેકટ્રોનિક વીજાણું યંત્રો જેવા કે, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, બ્લુટુથ, ઈટરફોન, કેમેરા, લેપટોપ, ફેકસ કે અન્ય પ્રકારના કોમ્યુનિકેશનના સાધનો લઈને પ્રવેશવું નહિ. તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના પ્રતિબંધિત વિસ્તારોમાં ઝેરોક્ષ/કોપી મશીનો તથા અન્ય પ્રકારના કોમ્યુનિકેશન સાધનો પરીક્ષા સમય દરમ્યાન બંધ રાખવા.

કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈપણ કર્મચારી તેઓનો મોબાઈલ પરીક્ષા બિલ્ડીંગ ખાતે લઈ જઈ શકાશે નહી. બિલ્ડીંગના પ્રવેશદ્વારથી જ બિલ્ડીંગમાં મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. અનિવાર્ય સંજોગોમાં સ્થળ સંચાલક પોતાનો મોબાઈલ લઈ જઈ શકશે, પરંતુ મોબાઈલ જે તે સંસ્થાના આચાર્યશ્રીના રૂમમાં સેફ કસ્ટડીમાં રાખી તેનો દુરૂપયોગ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલીના તા. ૧૦-૦૨-૨૦૨૬ના પત્ર મુજબ અમરેલી જિલ્લા ખાતે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ કેન્દ્રો ખાતે પરીક્ષાનું આયોજન થનાર છે.

ધોરણ-૧૦ (એસ. એસ. સી.) પરીક્ષાના કેન્દ્રો : અમરેલી ઝોન-૧૦૧

ક્રમ	કેન્દ્રનું નામ	પરીક્ષાનું સ્થળ
૧	અમરેલી	કે. કે. પારેખ અને મહેતા વિદ્યાલય લીલાવંતી બિલ્ડીંગ જિલ્લા પંચાયત રોડ, અમરેલી
૨	અમરેલી	ટી. પી. & એમ. ટી. ગર્લ્સ હાઈસ્કુલ, નાગનાથ પાસે, ચિતલ રોડ, અમરેલી
૩	અમરેલી	દીપક હાઈસ્કુલ, ગાયત્રી મંદીર પાસે, ચિતલ રોડ, અમરેલી
૪	અમરેલી	એસ. એસ. અજમેરા ગર્લ્સ હાઈસ્કુલ, સ્ટેશન રોડ, એસ.ટી. ડેપો પાસે, અમરેલી
૫	અમરેલી	પાઠક સ્કુલ, હનુમાનપરા રોડ, જલારામ નગર, અમરેલી
૬	અમરેલી	સેન્ટ મેરી સ્કુલ, અમિધારા પાર્ક-૨, લાઠી રોડ, અમરેલી
૭	અમરેલી	ઓકસફર્ડ સ્કુલ, કેરીયા રોડ, સંજોગ ન્યુઝની બાજુમાં, અમરેલી
૮	અમરેલી	શ્રીમતી બી. એન. વિરાણી હાઈ. યુનીટ-૧, શાંતાબેન ગજેરા સંકુલ, ચક્કરગઢ રોડ, અમરેલી
૯	અમરેલી	શ્રી સી. વી. ગજેરા સંકુલ યુનિટ-૧, લાઠી રોડ રેલવે ક્રોસીંગ, અમરેલી
૧૦	અમરેલી	શ્રી સી. વી. ગજેરા સંકુલ યુનિટ-૨, લાઠી રોડ રેલવે ક્રોસીંગ, અમરેલી
૧૧	બગસરા	મેઘાણી હાઈસ્કુલ યુનીટ-૧, સ્ટેશન રોડ, બગસરા
૧૨	બગસરા	મેઘાણી હાઈસ્કુલ યુનીટ-૨, સ્ટેશન રોડ, બગસરા
૧૩	બગસરા	જનતા કન્યા વિદ્યાલય, થાણા રોડ, બગસરા
૧૪	બગસરા	આદર્શ માધ્યમિક શાળા, ગાયત્રીનગર શેરી નં. ૩, બગસરા
૧૫	કુંકાવાવ	શ્રી એન. એમ. શેઠ કુમાર વિદ્યાલય, બગસરા રોડ, મોટી કુંકાવાવ
૧૬	કુંકાવાવ	શ્રી આર. એન. શેઠ કન્યા વિદ્યાલય, બગસરા રોડ, મોટી કુંકાવાવ
૧૭	લાઠી	કલાપી વિનય મંદિર યુનિટ-૧, એસ.ટી. સ્ટેશન સામે, ભાવનગર રોડ, લાઠી
૧૮	લાઠી	કલાપી વિનય મંદિર યુનિટ-૨, એસ.ટી. સ્ટેશન સામે, ભાવનગર રોડ, લાઠી
૧૯	લાઠી	શ્રી એન. એચ. સંઘવી કન્યા વિદ્યાલય, સ્ટેશન રોડ, કલાપીનગર, લાઠી
૨૦	બાબરા	શ્રી કમળશી હાઈસ્કુલ, રાજકોટ રોડ, બાબરા
૨૧	બાબરા	શ્રી કે. પી. આશરા ગર્લ્સ સ્કુલ, ભાવનગર રોડ, પેટ્રોલ પંપ સામે, બાબરા
૨૨	બાબરા	શ્રી વી. એલ. ગેલાણી હાઈ. યુનીટ-૧, ૭/૮ જીવનપરા બસસ્ટેશન સામે, બાબરા

ક્રમ	કેન્દ્રનું નામ	પરીક્ષાનું સ્થળ
૨૩	બાબરા	શ્રી વી. એલ. ગેલાણી હાઈ. યુનીટ-૨, ૭/૮ જીવનપરા બસસ્ટેશન સામે, બાબરા
૨૪	વડીયા	સુ. સા. હાઈસ્કુલ વડીયા, બસ સ્ટેશન સામે, વડીયા
૨૫	વડીયા	અ. હિ. કન્યા વિદ્યાલય, સુરગપરા ખેતાની રોડ, વડીયા
૨૬	લીલીયા	શાંતાબેન કન્યા વિદ્યાલય, એસ.ટી. બસ સ્ટેશન સામે, લીલીયા
૨૭	લીલીયા	અમૃતબા વિદ્યાલય, લીલીયા મોટા
૨૮	મોટા ઉજળા	આર. ડી. ગારડી હાઈ. મોટા ઉજળા, તા. કુંકાવાવ
૨૯	દામનગર	એમ. સી. મહેતા સ્કુલ, નાના બસસ્ટેશન સામે, દામનગર
૩૦	દામનગર	ઝેડ. એમ. અજમેરા ગર્લ્સ સ્કુલ, સ્ટેશન રોડ, દામનગર
૩૧	દામનગર	સરદાર પટેલ સેક. સ્કુલ મારૂતિપાર્ક સોસાયટી, દામનગર
૩૨	ચિત્તલ	ચિત્તલ હાઈસ્કુલ ચિત્તલ, પેટ્રોલપંપની બાજુમાં, રેલવે ફાટક, ચિત્તલ
૩૩	ચિત્તલ	જ્ઞાનગીતા વિદ્યાલય, એસ્સાર પેટ્રોલપંપ સામે, અમરેલી રોડ, ચિત્તલ
૩૪	જાળીયા	જનતા વિદ્યાલય, મુ. જાળીયા, તા. અમરેલી
૩૫	જાળીયા	શ્રી ધર્મજીવન હાઈસ્કુલ તરવડા યુ-૧, મુ. તરવડા, તા. અમરેલી, વાયા-બાબાપુર
૩૬	જાળીયા	શ્રી ધર્મજીવન હાઈસ્કુલ તરવડા યુ-૨, મુ. તરવડા, તા. અમરેલી, વાયા-બાબાપુર
૩૭	મોટા આકડીયા	જનતા વિદ્યાલય, મુ. મોટા આકડીયા, તા. અમરેલી
૩૮	મોટા દેવળીયા	નવયુગ વિદ્યાલય, મુ. મોટા દેવળીયા, તા. બાબરા
૩૯	કરીયાણા	શ્રી ચાણકય સેકન્ડરી સ્કુલ, યુ.-૧, મુ. કરીયાણા, તા. બાબરા
૪૦	કરીયાણા	શ્રી સત્યમ માધ્યમિક શાળા, મુ. કરીયાણા, તા. બાબરા

ધોરણ-૧૦ (એસ. એસ. સી.) પરીક્ષાના કેન્દ્રો : સવારકુંડલા ઝોન-૧૦૨

ક્રમ	કેન્દ્રનું નામ	પરીક્ષાનું સ્થળ
૧	ધારી	જી. એન. દામાણી હાઈસ્કુલ, ધારી
૨	ધારી	શ્રીમતી વી. પી. જી. ગર્લ્સ હાઈ. યુ.-૧, ગ્રામ પંચાયત બગીચા પાસે, ધારી
૩	ધારી	શ્રીમતી વી. પી. જી. ગર્લ્સ હાઈ. યુ.-૨, ગ્રામ પંચાયત બગીચા પાસે, ધારી
૪	ધારી	શારદા હાઈસ્કૂલ, વેકરીયાપરા, નર્મદેશ્વર મંદિર સામે, ફોરેસ્ટ કોલોની, ધારી
૫	રાજુલા	જે. એ. સંઘવી હાઈસ્કુલ, બસ સ્ટેશન સામે, રાજુલા
૬	રાજુલા	ટી. જે. બી. એસ. ગર્લ્સ હાઈસ્કૂલ, તળાવની પાસે, રાજુલા
૭	રાજુલા	સેઈન્ટ થોમસ સ્કુલ, છતડીયા રોડ, રાજુલા
૮	રાજુલા	સ્વામિનારાયણ ગુરૂકુળ, શ્રીજી નગર, એસ.ટી. વર્કશોપ પાસે, છતડીયા રોડ, રાજુલા
૯	રાજુલા	સરસ્વતી વિદ્યાલય, છતડીયા રોડ, રાજુલા
૧૦	રાજુલા	એમ. જી. પટેલ હાઈસ્કુલ (ઓમ લકુલિશ વિદ્યાસંકૂલ) છતડીયા રોડ, રાજુલા
૧૧	સાવરકુંડલા	એસ. વી. દોશી હાઈસ્કુલ, લલ્લુભાઈ શેઠ સમૃતિ મંદિર રોડ, સા.કુંડલા
૧૨	સાવરકુંડલા	કે. કે. હાઈસ્કૂલ, સંસ્કાર મંદીરની બાજુમાં, સાવરકુંડલા
૧૩	સાવરકુંડલા	સ્વામિનારાયણ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કુલ, કોલેજ રોડ, સાવરકુંડલા
૧૪	સાવરકુંડલા	જે. વી. મોદી હાઈસ્કૂલ, લલ્લુભાઈ શેઠ સમૃતિ મંદિર રોડ, સાવરકુંડલા
૧૫	સાવરકુંડલા	શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, જેસર રોડ, સાવરકુંડલા
૧૬	સાવરકુંડલા	એસ. એમ. જી. કે. સંકુલ યુ-૧, સાવર સામા પાદર, મહુવા રોડ, સાવરકુંડલા
૧૭	સાવરકુંડલા	એસ. એમ. જી. કે. સંકુલ યુ-૨, સાવર સામા પાદર, મહુવા રોડ, સાવરકુંડલા
૧૮	ચલાલા	એમ. કે. સી. કન્યા વિદ્યાલય, ધારી રોડ, ચલાલા

ક્રમ	કેન્દ્રનું નામ	પરીક્ષાનું સ્થળ
૧૯	ચલાલા	ગાયત્રી સંસ્કાર વિદ્યાલય, ધારી રોડ, ચલાલા
૨૦	ખાંભા	જે. એન. મહેતા હાઈસ્કુલ-ખાંભા
૨૧	ખાંભા	ક્રિષ્ના માધ્યમિક શાળા, આનંદ સોસાયટી-૨, ખાંભા
૨૨	જાફરાબાદ	શ્રી પારેખ એન્ડ મહેતા હાઈસ્કુલ યુ.-૧, જાફરાબાદ
૨૩	જાફરાબાદ	આદિત્ય બિરલા હાઈસ્કૂલ, જાફરાબાદ
૨૪	જાફરાબાદ	શ્રી પારેખ એન્ડ મહેતા હાઈસ્કુલ યુ.-૨, જાફરાબાદ
૨૫	જાફરાબાદ	મોડેલ સ્કુલ, વાપળીયા પ્લોટ વિસ્તાર, જાફરાબાદ
૨૬	બાઢડા	એચ. એન. વિરાણી હાઈ યુ.-૧, મુ. બાઢડા
૨૭	બાઢડા	એચ. એન. વિરાણી હાઈ યુ.-૨, મુ. બાઢડા
૨૮	ટીંબી	શ્રી સ્વામીનારાયણ હાઈસ્કુલ, ટીંબી
૨૯	ટીંબી	સરકારી માધ્યમિક શાળા, ટીંબી
૩૦	વિજપડી	વી. ડી. નગદિયા હાઈસ્કુલ, વિજપડી
૩૧	વિજપડી	શ્રી ગાયત્રી વિદ્યાલય, વિજપડી
૩૨	વંડા	પી. પી. એસ. હાઈસ્કુલ યુ-૧
૩૩	વંડા	પી. પી. એસ. હાઈસ્કુલ યુ-૨
૩૪	દેવકા	દેવકા વિદ્યાપીઠ યુ-૧, દેવકા
૩૫	દેવકા	દેવકા વિદ્યાપીઠ યુ-૨, દેવકા
૩૬	ડેડાણ	માધ્યમિક શાળા-ડેડાણ
૩૭	ડેડાણ	માધ્યમિક શાળા-ત્રાકૂડા
૩૮	ડુંગર	જે. એન. મહેતા હાઈસ્કુલ, ડુંગર
૩૯	નાગેશ્રી	એસ. કે. વરુ મા. અને ઉ.મા. શાળા, નાગેશ્રી

ધોરણ-૧૨ (એચ. એસ. સી.) (સામાન્ય પ્રવાહ) પરીક્ષાના કેન્દ્રો : અમરેલી ઝોન

ક્રમ	કેન્દ્રનું નામ	પરીક્ષાનું સ્થળ
૧	અમરેલી	ઓકસફર્ડ સ્કુલ યુનીટ-૧, અમરેલી
૨	અમરેલી	ઓકસફર્ડ સ્કુલ યુનીટ-૨, અમરેલી
૩	અમરેલી	એસ. એસ. અજમેરા ગર્લ્સ હાઈસ્કુલ, સ્ટેશન રોડ, અમરેલી
૪	અમરેલી	પાઠક હાઈસ્કુલ હનુમાનપરા, અમરેલી
૫	અમરેલી	શ્રી બી. એન. વિરાણી કન્યા વિદ્યાલય, યુનિટ-૧, ચક્કરગઢ રોડ, અમરેલી
૬	અમરેલી	શ્રી એસ. એચ. ગજેરા હા.સે. સ્કુલ(વિદ્યાસભા), લાઠી રોડ, અમરેલી
૭	અમરેલી	શ્રી બી. એન. વિરાણી કન્યા વિદ્યાલય, યુનિટ-૨, ચક્કરગઢ રોડ, અમરેલી
૮	અમરેલી	શ્રી સી.વી. ગજેરા સ્કૂલ યુનિટ-૧, લાઠી રોડ, અમરેલી
૯	બાબરા	શ્રી કે. પી. આશરા ગર્લ્સ સ્કુલ, અમરેલી રોડ, બાબરા
૧૦	બાબરા	શ્રી વી. એલ. ગેલાણી વિદ્યામંદિર યુનિટ-૧, રાજકોટ રોડ, બાબરા
૧૧	બાબરા	શ્રી વી. એલ. ગેલાણી વિદ્યામંદિર યુનિટ-૨, રાજકોટ રોડ, બાબરા
૧૨	બાબરા	વિવેકાનંદ વિદ્યાસંકુલ, ઉમિયાનગર, બાબરા
૧૩	લીલીયા	અમૃતબા હાઈસ્કુલ-લીલીયા મોટા
૧૪	લીલીયા	શ્રીમતિ શાંતાબેન ગર્લ્સ હાઈસ્કુલ-લીલીયા મોટા
૧૫	બગસરા	જનતા કન્યા વિદ્યાલય, બગસરા

ક્રમ	કેન્દ્રનું નામ	પરીક્ષાનું સ્થળ
૧૬	બગસરા	આદર્શ વિદ્યાલય, બગસરા
૧૭	બગસરા	નાલંદા શૈક્ષણિક સંકુલ, બગસરા
૧૮	લાઠી	કલાપી વિનય મંદિર-લાઠી, યુ.-૧
૧૯	લાઠી	કલાપી વિનય મંદિર-લાઠી, યુ.-૨
૨૦	દામનગર	ઝેડ.એમ.અજમેરા ગર્લ્સ હાઈસ્કૂલ, દામનગર
૨૧	દામનગર	એમ.સી.મહેતા ગર્લ્સ હાઈસ્કૂલ, દામનગર
૨૨	કુંકાવાવ	શ્રી એન. એમ. શેઠ કુમાર વિદ્યાલય, કુંકાવાવ
૨૩	કુંકાવાવ	શ્રી આર. એન. શેઠ કન્યા વિદ્યાલય, કુંકાવાવ
૨૪	કુંકાવાવ	આર. ડી. ગાર્ડી હાઈસ્કલ, કુંકાવાવ
૨૫	વડીયા	શ્રી સુરગવાળા સાર્વજનિક હાઈસ્કુલ, વડીયા
૨૬	વડીયા	એ. એચ. કન્યા વિદ્યાલય, વડીયા

ધોરણ-૧૨(એચ. એસ. સી.) (વિજ્ઞાન પ્રવાહ) પરીક્ષાના કેન્દ્રો : અમરેલી ઝોન-૦૮

ક્રમ	કેન્દ્રનું નામ	પરીક્ષાનું સ્થળ
૧	અમરેલી	કે.કે.પારેખ એન્ડ મહેતા આર.પી. વિદ્યાલય (લીલાવતી), સિવિલ હોસ્પિટલ રોડ, અમરેલી
૨	અમરેલી	શ્રીમતિ ટી.પી. એન્ડ એમ.ટી.ગાંધી કન્યા વિદ્યાલય, નાગનાથ મંદિર પાસે, અમરેલી
૩	અમરેલી	દિપક હાઈસ્કુલ, ગાયત્રી મંદિર પાસે, ચિતલ રોડ, અમરેલી
૪	અમરેલી	જીજીબેન ગર્લ્સ હાઈસ્કુલ, લાઠી રોડ, અમરેલી
૫	અમરેલી	સેન્ટ મેરી હાઈસ્કુલ, લાઠી રોડ, અમરેલી
૬	બગસરા	મેઘાણી હાઈસ્કુલ, યુ.૧ બગસરા
૭	લાઠી	એન.એચ.સંઘવી શાળા, સ્ટેશન રોડ કલાપી નગર, લાઠી

ધોરણ-૧૨(એચ. એસ. સી.) (સામાન્ય પ્રવાહ) પરીક્ષાના કેન્દ્રો : સાવરકુંડલા ઝોન-૫૭

ક્રમ	કેન્દ્રનું નામ	પરીક્ષાનું સ્થળ
૧	ચલાલા	એમ.કે.સી. કન્યા વિદ્યાલય, ધારી રોડ, ચલાલા
૨	ખાંભા	જે. એન. મહેતા હાઈસ્કુલ, ખાંભા
૩	ખાંભા	ક્રિષ્ના વિદ્યાલય, ખાંભા
૪	સાવરકુંડલા	કે.કે.હાઈસ્કૂલ, સંસ્કાર મંદીરની બાજુમા, સાવરકુંડલા
૫	સાવરકુંડલા	જે.વી.મોદી હાઈસ્કૂલ, લલ્લુભાઈ શેટ સમૃતિમંદિર રોડ, સાવરકુંડલા
૬	સાવરકુંડલા	એસ.એમ.જી.કે, સાવરકુંડલા યુ-૧
૭	સાવરકુંડલા	એસ.એમ.જી.કે, સાવરકુંડલા યુ-૨
૮	બાઢડા	એચ.એન.વિરાણી હાઈ. યુ-૧, બાઢડા
૯	બાઢડા	એચ.એન.વિરાણી હાઈ. યુ-૨, બાઢડા
૧૦	ધારી	શ્રીમતી વી.પી.જી. ગર્લ્સ હાઈ. યુ-૧, ગ્રામ પંચાયત બગીચા પાસે, ધારી
૧૧	ધારી	જી.એન.દામાણી હાઈસ્કુલ, ધારી
૧૨	રાજુલા	જે.એ.સંઘવી હાઈસ્કુલ, બસ સ્ટેશન સામે, રાજુલા
૧૩	રાજુલા	શ્રી ઓમ લકુલીશ મા.શાળા, રાજુલા
૧૪	રાજુલા	શ્રી સરસ્વતિ વિદ્યાલય, રાજુલા
૧૫	રાજુલા	શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, રાજુલા
૧૬	રાજુલા	સેન્ટ થોમસ હાઈસ્કુલ, રાજુલા

ક્રમ	કેન્દ્રનું નામ	પરીક્ષાનું સ્થળ
૧૭	રાજુલા	બાલકિષ્ન વિદ્યાલય, રાજુલા
૧૮	જાફરાબાદ	શ્રી પારેખ મહેતા હાઈસ્કુલ, જાફરાબાદ
૧૯	જાફરાબાદ	શ્રી આદિત્ય બિરલા સ્કુલ, જાફરાબાદ
૨૦	જાફરાબાદ	મોડેલ સ્કુલ, જાફરાબાદ

ધોરણ-૧૨(એચ. એસ. સી.) (વિજ્ઞાન પ્રવાહ) પરીક્ષાના કેન્દ્રો : સાવરકુંડલા ઝોન-૫૭

ક્રમ	કેન્દ્રનું નામ	પરીક્ષાનું સ્થળ
૧	સાવરકુંડલા	એસ.વી.દોશી હાઈસ્કુલ, સાવરકુંડલા
૨	રાજુલા	શ્રી ટી.જે.બી, ગર્લ્સ હાઈસ્કુલ, રાજુલા

(૩) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સબંધિત કામગીરીમાં રોકાયેલા ફરજ પરનાં અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિન અધિકૃત માણસોએ ઉપરોકત પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહિ. તેમજ કોઈપણ ઈસમે કોઈપણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સિધી કે આડકતરી મદદગારી કરવી નહીં. પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ/વિક્ષેપ/ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/કરાવવું નહી. પરીક્ષા સબંધી ચોરી ગણાય તેવી કોઈ વસ્તુ ઈલ્ટ્રોનિક આઈટમ/પુસ્તક, કાપલીઓ, મોબાઈલ ફોન, ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહીં કે કરાવવામાં મદદગારી કરવી નહીં.

(૪) ઉપર પેરા નં. ૨ માં દર્શાવેલ જે તે પરીક્ષાના મથકોના કમ્પાઉન્ડ હદથી ચારે બાજુ ૧૦૦ (એક સો) મીટરની હદની અંદર તા. ૨૬-૦૨-૨૦૨૬ થી તા. ૧૮-૦૩-૨૦૨૬ દરમ્યાન પરીક્ષાઓની તારીખો ફેબ્રુઆરી-૨૦૨૬ માસની તારીખ : ૨૬,૨૭,૨૮ તથા માર્ચ-૨૦૨૬ માસની તારીખ : ૫,૬,૭,૯,૧૦,૧૧,૧૨,૧૩,૧૪,૧૬,૧૭,૧૮ ના રોજ સવારના ૦૯-૦૦ કલાકથી સાંજના ૧૯-૦૦ કલાક સુધી આ હદની અંદર આવેલ જાહેર માર્ગ ઉપર ૪(ચાર) કે તેથી વધુ વ્યકિતઓએ એકત્ર થવું નહિ કે કોઈ વાહન ઉભું રાખવું નહિ. વધુમાં ફરમાવું છું કે આ સ્થળોના કમ્પાઉન્ડની અંદર કોઈ અનઅધિકૃત પ્રવેશ કરવો નહિ.

(૫) પરીક્ષા સ્થળોની આસપાસ પરીક્ષાર્થીઓ સિવાય અન્ય વ્યકિતઓ બિનજરૂરી ભેગા થઈ શકશે નહિ.

(૬) પરીક્ષા સ્થળોની ૧૦૦ મીટરની ત્રીજ્યામાં પરીક્ષા દરમિયાન ઝેરોક્ષ સેન્ટરો શરૂ રાખી શકાશે નહિ.

(૭) પરીક્ષા સ્થળોની આસપાસનાં વિસ્તારમાં પરીક્ષાર્થીઓને ખલેલ ન પહોંચે તે માટે લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર પ્રતિબંધ રહેશે.

(૮) દરેક પરીક્ષા કેન્દ્રના સંચાલકોએ ઉપરોકત સમય દરમ્યાન શાળામાં ઝેરોક્ષ/કોપી મશીન, સ્કેનર મશીન બાબતે સ્વએકરારનામું કરવાનું રહેશે તથા જે તે શાળા-પરીક્ષા કેન્દ્રનું ઝેરોક્ષ/કોપી મશીન, સ્કેનર સીલ કરીને રાખવાનાં રહેશે તથા જિલ્લા શિક્ષણાધિકારી, અમરેલીએ તે અંગે ખરાઈ કરી આ બાબતનું પ્રમાણપત્ર કેન્દ્ર સંચાલક પાસેથી પરીક્ષા સમય પહેલા અચૂક મેળવી લેવાનું રહેશે.

આ હુકમના મુદ્દા નં. ૪ ની જોગવાઈ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) પરીક્ષા ખંડમાં આવનાર પરીક્ષાર્થીઓને.

(૨) પરીક્ષા સંચાલનનાં કામ માટે ફરજ પર રોકાયેલ અધિકારીશ્રીઓ/કર્મચારીઓને.

(૩) જાહેર માર્ગ પર પસાર થતા વાહનોમાં બેઠેલા મુસાફરોને.

(૪) સ્થાનિક સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા મામલતદારશ્રીએ આ હુકમના અમલમાંથી મુકિત આપેલ વ્યકિતઓ તથા વાહનોને.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૨૬-૦૨-૨૦૨૬ થી તા. ૧૮-૦૩-૨૦૨૬ દરમ્યાન પરીક્ષાઓની તારીખો ફેબ્રુઆરી-૨૦૨૬ માસની તારીખ : ૨૬,૨૭,૨૮ તથા માર્ચ-૨૦૨૬ માસની તારીખ : ૫,૬,૭,૯,૧૦,૧૧,૧૨,૧૩,૧૪,૧૬,૧૭,૧૮ ના રોજ સવારના ૦૯-૦૦ કલાકથી સાંજના ૧૯-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આ હુકમ જાહેર રજાના દિવસો તા. ૦૧-૦૩-૨૦૨૬ (રવિવાર), તા. ૦૨-૦૩-૨૦૨૬ (સોમવાર), તા. ૦૩-૦૩-૨૦૨૬ (મંગળવાર), તા. ૦૪-૦૩-૨૦૨૬(બુધવાર), તા. ૦૮-૦૩-૨૦૨૬ (રવિવાર) તથા તા. ૧૫-૦૩-૨૦૨૬ (રવિવાર)ના દિવસે અમલી રહેશે નહી.

શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ની કલમ-૨૨૩ માં ઠરાવેલી શિક્ષાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામ નાગરીકોને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તથા મદદનીશ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્રો મારફતે પ્રસિધ્ધ કરવા તથા આ હુકમની પ્રસિધ્ધિ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલીએ ઉકત પરિક્ષા કેન્દ્રોનાં સ્થળોએ તેમજ આસપાસના પ્રતિબંધિત વિસ્તારમાં લોકોને સહેલાઈથી જોઈ શકાય તે રીતે ચોંટાડીને કરવાની રહેશે.

આ હુકમની અમલવારી કરવા તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ કાર્યવાહી કરવા તથા હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલી, તથા સંબંધિત દરેક પરીક્ષા કેન્દ્રના કેન્દ્ર સંચાલકશ્રીઓ તેમજ અમરેલી જિલ્લાનાં પોલીસ સ્ટેશનના થાણા અધિકારીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૯-ફેબ્રુઆરી-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૧૯ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું

વંચાણે લીધા :

(૧) ચેરમેનશ્રી, સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યુ દિલ્હીના અ.સ. પત્ર-CBSE/SECRET/DM-DC/2026, તા. 02-02-2026

હુકમ

(૧) નં. નાચિ/પલસ/વશી/૩૦૬ થી ૩૨૧/૨૦૨૬-(૧) વંચાણે લીધા ક્રમ-૧ના ચેરમેનશ્રી, સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યુ દિલ્હીના તા. ૦૨-૦૨-૨૦૨૬ ના પત્રથી ભારત દેશમાં તા. ૧૭-૦૨-૨૦૨૬ થી તા. ૧૧-૦૪-૨૦૨૬ દરમ્યાન યોજાનાર ધોરણ X & XII ની પરીક્ષા અમરેલી જિલ્લામાં ત્રણ કેન્દ્રો ખાતે યોજાનાર હોવાનું જણાવી, સદરહુ પરીક્ષાના સુરક્ષિત અને શાંતિપુર્ણ સંચાલન માટે પરીક્ષા કેન્દ્રોની નજીક અને જ્યાં જરૂરી લાગે ત્યાં બી.એન.એસ.ની કલમ-૧૮૯ લાગુ કરવા તથા વિવિધ અન્યાયી માધ્યમોનો ઉપયોગ કરીને પરીક્ષાઓમાં ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરી શકે તેવા અનૈતિક તત્વોની પ્રવૃતિઓ પર કડક નજર રાખવા જણાવેલ છે.

(૨) ઉકત વિગતે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યુ દિલ્હી દ્વારા ભારતમાં તા. ૧૭-૦૨-૨૦૨૬ થી તા. ૧૧-૦૪-૨૦૨૬ દરમ્યાન યોજાનાર ધોરણ X & XII ની પરીક્ષા અંતર્ગત અમરેલી જિલ્લામાં વિવિધ શાળા/કોલેજમાં યોજાનાર સદરહુ પરીક્ષાના સુરક્ષિત અને શાંતિપુર્ણ સંચાલન માટે પરીક્ષા સ્થળ પર કાયદો અને વ્યવસ્થા જળવાય રહે, ગેરરીતિ ન થાય તે માટે તેમજ પરીક્ષા કેન્દ્રોમાં વિજાણું યંત્રો જેવા કે મોબાઈલ, ફેકસ, ઝેરોક્ષ/કોપી મશીનો, અન્ય પ્રકારના કોમ્યુનિકેશન સાધનો તથા આસપાસના વિસ્તારોમાં ઝેરોક્ષ/કોપી મશીન પર પરીક્ષા સમય દરમિયાન તથા લાઉડ સ્પીકર પર પ્રતિબંધ ફરમાવવા અંગે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી અને આવશ્યક જણાય છે.

આથી હું **દિલિપસિંહ ગોહિલ, (G.A.S.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે મુજબના પ્રતિબંધિત વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

૧. **પ્રતિબંધિત વિસ્તાર** : નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રોની ચર્તુદિશાની ચો તરફ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા તમામ મકાનો તથા જગ્યા સ્થળ અને વિસ્તાર.

૨. **પ્રતિબંધિત કૃત્યો** : પરીક્ષા કેન્દ્રો પર ઈલેકટ્રોનિક વીજાણું યંત્રો જેવા કે, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, બ્લુટુથ, ઈટરફોન, કેમેરા, લેપટોપ, ફેકસ કે અન્ય પ્રકારના કોમ્યુનિકેશનના સાધનો લઈને પ્રવેશવું નહિ. તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના પ્રતિબંધિત વિસ્તારોમાં ઝેરોક્ષ/કોપી મશીનો તથા અન્ય પ્રકારના કોમ્યુનિકેશન સાધનો પરીક્ષા સમય દરમ્યાન બંધ રાખવા.

કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈપણ કર્મચારી તેઓનો મોબાઈલ પરીક્ષા બિલ્ડીંગ ખાતે લઈ જઈ શકાશે નહી. બિલ્ડીંગના પ્રવેશદ્વારથી જ બિલ્ડીંગમાં મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. અનિવાર્ય સંજોગોમાં સ્થળ સંચાલક પોતાનો મોબાઈલ લઈ જઈ શકશે, પરંતુ મોબાઈલ જે તે સંસ્થાના આચાર્યશ્રીના રૂમમાં સેફ કસ્ટડીમાં રાખી તેનો દુરૂપયોગ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.

(૩) સંદર્ભ-૧ ના પત્ર મુજબ અમરેલી જિલ્લા ખાતે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ કેન્દ્રો ખાતે પરીક્ષાનું આયોજન થનાર છે :

CBSE ધોરણ X & XII ના પરીક્ષા કેન્દ્રો :

ક્રમ	તાલુકાનું નામ	પરીક્ષાનું સ્થળ	પરીક્ષા કેન્દ્રનું સરનામુ
1	Rajula	Aditya Birla Public School	At Kovaya, Taa. Rajula, Dist. Amreli
2	Amreli	Podar International School	S. No. 92-2D, Keriyanagas Road, Amreli, Ta. Dist. Amreli
3	Amreli	PM Shri School Jawahar Navodaya Vidyalay	At Mota Bhandariya, Ta. Amreli, Dist. Amreli

(૪) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સબંધિત કામગીરીમાં રોકાયેલા ફરજ પરનાં અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિન અધિકૃત માણસોએ ઉપરોકત પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહિ. તેમજ કોઈપણ ઈસમે કોઈપણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સિધી કે આડકતરી મદદગારી કરવી નહીં. પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ/વિક્ષેપ/ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/કરાવવું નહી. પરીક્ષા સબંધી ચોરી ગણાય તેવી કોઈ વસ્તુ ઈલ્ટ્રોનિક આઈટમ/પુસ્તક, કાપલીઓ, મોબાઈલ ફોન, ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહીં કે કરાવવામાં મદદગારી કરવી નહીં.

(૫) ઉપર પેરા નં. ૨ માં દર્શાવેલ જે તે પરીક્ષાના મથકોના કમ્પાઉન્ડ હદથી ચારે બાજુ ૧૦૦ (એક સો) મીટરની હદની અંદર પરીક્ષાની તા. ૧૭-૦૨-૨૦૨૬ થી તા. ૧૦-૦૪-૨૦૨૬ દરમ્યાન ફેબ્રુઆરી-૨૦૨૬ માસની તારીખ : ૧૭,૧૮,૧૯,૨૦,૨૧,૨૩,૨૪,૨૫,૨૬, ૨૭,૨૮ તથા માર્ચ-૨૦૨૬ માસની તારીખ : ૨,૫,૬,૭,૯,૧૦,૧૧,૧૨,૧૩,૧૪,૧૬,૧૭,૧૮,૧૯,૨૦,૨૩,૨૪,૨૫,૨૭,૨૮,૩૦ અને એપ્રિલ-૨૦૨૬ માસની તારીખ : ૧,૨,૪,૬,૭,૮,૯,૧૦ ના રોજ સવારના ૦૯-૩૦ કલાકથી બપોરના ૨-૩૦ કલાક સુધી આ હદની અંદર આવેલ જાહેર માર્ગ ઉપર ૪ કે તેથી વધુ વ્યકિતઓએ એકત્ર થવું નહિ કે કોઈ વાહન ઉભું રાખવું નહિ. વધુમાં ફરમાવું છું કે આ સ્થળોના કમ્પાઉન્ડની અંદર કોઈ અનઅધિકૃત પ્રવેશ કરવો નહિ.

(૬) દરેક પરીક્ષા કેન્દ્રના સંચાલકોએ ઉપરોકત સમય દરમ્યાન શાળામાં ઝેરોક્ષ/કોપી મશીન, સ્કેનર મશીન બાબતે સ્વએકરારનામું કરવાનું રહેશે તથા જે તે શાળા-પરીક્ષા કેન્દ્રનું ઝેરોક્ષ/કોપી મશીન, સ્કેનર સીલ કરીને રાખવાનાં રહેશે તથા જિલ્લા શિક્ષણાધિકારી, અમરેલીએ તે અંગે ખરાઈ કરી આ બાબતનું પ્રમાણપત્ર કેન્દ્ર સંચાલક પાસેથી પરીક્ષા સમય પહેલા અચૂક મેળવી લેવાનું રહેશે.

આ હુકમના મુદ્દા નં. ૫ ની જોગવાઈ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) પરીક્ષા ખંડમાં આવનાર પરીક્ષાર્થીઓને.

(૨) પરીક્ષા સંચાલનનાં કામ માટે ફરજ પર રોકાયેલ અધિકારીશ્રીઓ/કર્મચારીઓને.

(૩) જાહેર માર્ગ પર પસાર થતા વાહનોમાં બેઠેલા મુસાફરોને.

(૪) સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યુ દિલ્હીના અધિકૃત વ્યકિતઓ તથા વાહનોને.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૧૭-૦૨-૨૦૨૬ થી તા. ૧૦-૦૪-૨૦૨૬ દરમ્યાન ફેબ્રુઆરી-૨૦૨૬ માસની તારીખ : ૧૭,૧૮,૧૯,૨૦,૨૧,૨૩, ૨૪,૨૫,૨૬,૨૭,૨૮ તથા માર્ચ-૨૦૨૬ માસની તારીખ : ૨,૫,૬,૭,૯,૧૦,૧૧,૧૨,૧૩,૧૪,૧૬,૧૭,૧૮,૧૯,૨૦,૨૩,૨૪,૨૫,૨૭,૨૮,૩૦ અને એપ્રિલ-૨૦૨૬ માસની તારીખ : ૧,૨,૪,૬,૭,૮,૯,૧૦ ના રોજ સવારના ૦૯-૩૦ કલાકથી બપોરના ૨-૩૦ કલાક સુધી અમલમાં રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ની કલમ-૨૨૩ માં ઠરાવેલી શિક્ષાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામ નાગરીકોને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તથા મદદનીશ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્રો મારફતે પ્રસિધ્ધ કરવા તથા આ હુકમની પ્રસિધ્ધિ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલીએ ઉકત પરિક્ષા કેન્દ્રોનાં સ્થળોએ તેમજ આસપાસના પ્રતિબંધિત વિસ્તારમાં લોકોને સહેલાઈથી જોઈ શકાય તે રીતે ચોંટાડીને કરવાની રહેશે.

આ હુકમની અમલવારી કરવા તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ કાર્યવાહી કરવા તથા હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલી, તથા સંબંધિત દરેક પરીક્ષા કેન્દ્રના કેન્દ્ર સંચાલકશ્રીઓ તેમજ અમરેલી જિલ્લાનાં પોલીસ સ્ટેશનના થાણા અધિકારીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૭-ફેબ્રુઆરી-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૧૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું

વંચાણે લીધા :

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલીના પત્ર ક્રમાંક : પ્રાથમિક/CET/પરીક્ષા/૨૦૨૬/૭૯૩, તા. ૨૯-૦૧-૨૦૨૬.

હુકમ

નં. નાચિ/પલસ/વશી/૧૩૮ થી ૧૬૮/૨૦૨૫-(૧) વંચાણે લીધા ક્રમ-૧ના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલીના તા. ૨૯-૦૧-૨૦૨૬ના પત્રથી રાજ્ય પરિક્ષા બોર્ડ ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા કોમન એન્ટ્રેન્સ ટેસ્ટ (CET) પરીક્ષા આગામી તા. ૩૧-૦૧-૨૦૨૬ ના રોજ અમરેલી જિલ્લામાં વિવિધ શાળા/કોલેજમાં યોજાનાર હોવાનું જણાવી, પરીક્ષા દરમ્યાન પરીક્ષા સ્થળ પર કાયદો અને વ્યવસ્થા જળવાય રહે, ગેરરીતિ ન થાય તે માટે તેમજ પરીક્ષા કેન્દ્રોમાં વિજાણું યંત્રો જેવા કે મોબાઈલ, ફેકસ, ઝેરોક્ષ/કોપી મશીનો, અન્ય પ્રકારના કોમ્યુનિકેશન સાધનો તથા આસપાસના વિસ્તારોમાં ઝેરોક્ષ/કોપી મશીન તથા લાઉડ સ્પીકર પર પરીક્ષા સમય દરમિયાન પ્રતિબંધ ફરમાવવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ કરેલ છે. જે દરખાસ્ત વાજબી અને આવશ્યક હોવાનો મને સંતોષ થયેલ છે.

આથી હું **દિલિપસિંહ ગોહિલ, (G.A.S.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો,** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે મુજબનાં પ્રતિબંધિત વિસ્તારમાં નીચે મુજબનાં કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

૧. **પ્રતિબંધિત વિસ્તાર** : નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રોની ચતુર્દિશાની ચો તરફ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા તમામ મકાનો તથા જગ્યા સ્થળ અને વિસ્તાર.

૨. **પ્રતિબંધિત કૃત્યો** : પરીક્ષા કેન્દ્રો પર ઈલેકટ્રોનિક વીજાણું યંત્રો જેવા કે, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, બ્લુટુથ, ઈયરફોન, કેમેરા, લેપટોપ, ફેકસ કે અન્ય પ્રકારના કોમ્યુનિકેશનના સાધનો લઈને પ્રવેશવું નહી. તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના પ્રતિબંધિત વિસ્તારોમાં ઝેરોક્ષ/કોપી મશીનો તથા અન્ય પ્રકારના કોમ્યુનિકેશન સાધનો પરીક્ષા સમય દરમ્યાન બંધ રાખવા. તેમજ પરીક્ષા સ્થળોની આસપાસનાં વિસ્તારમાં પરીક્ષાર્થિઓને ખલેલ ન પહોંચે તે માટે લાઉડ સ્પીકરનાં ઉપયોગ પર પ્રતિબંધ રહેશે.

કોઈ પણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈ પણ કર્મચારી તેઓનો મોબાઈલ પરીક્ષા બિલ્ડીંગ ખાતે લઈ જઈ શકાશે નહી. બિલ્ડીંગના પ્રવેશદ્વારથી જ બિલ્ડીંગમાં મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. અનિવાર્ય સંજોગોમાં જ સ્થળ સંચાલક પોતાનો મોબાઈલ લઈ જઈ શકશે, પરંતુ મોબાઈલ જે તે સંસ્થાના આચાર્યશ્રીના રૂમમાં સેફ કસ્ટડીમાં રાખી તેનો દુરૂપયોગ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલીના વંચાણે લીધા-૧ના પત્ર મુજબ અમરેલી જિલ્લા ખાતે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ કેન્દ્રો ખાતે પરીક્ષાનું આયોજન થનાર છે.

CET પરીક્ષા-૨૦૨૬ના કેન્દ્રો :

ક્રમ	તાલુકો	પરીક્ષા સ્થળનું નામ	સરનામું
1	AMRELI	JANTA VIDHYALAY-JALIYA	AT-JALIYA TA/DI-AMRELI
2		CHITAL HIGH SCHOOL-CHITAL	STATION ROAD - CHITAL
3		PATHAK SCHOOL- AMRELI	HANUMANPARA ROAD-AMRELI
4		S S AJMERA KANYA VIDHYALAY-AJMERA	HANUMANPARA ROAD-AMRELI
5		SMT BN VIRANI SEC.SCHOOL-CHAKKAR GADHROAD	SMT SHANTABEN HARIBHAI GAJERA SHAIKSHANIK SANKUL, CHAKKAR GADH ROAD
6		DIPK HIGH SCHOOL	CHITAL ROAD-AMRELI
7		JANTA VIDHYALAY- MOTA ANKADIYA	AT-MOTA ANKADIYA, TA/DI AMRLI
8		JANTA VIDHYALAY- MOTA ANKADIYA	AT-MOTA ANKADIYA, TA/DI AMRLI
9		TP &MT GANDHI GIRLS HIGH SCHOOL AMRELI	AT-AMRELI, NEAR-NAGNATH TEMPLE,TA/DI AMRELI
10		SHREE DHARMJIVAN SWAMI SEC AND HIGH SEC SCHOOL- TARAVADA	AT-TARAVADA, TA/DI AMRELI
11	BABRA	V L GELANI VIDYAMANDIR UNIT-1	7-8 JIVANPARA, OPP-BUS STATION, BABRA,DI-AMRELI
12		V L GELANI VIDYAMANDIR UNIT-2	7-8 JIVANPARA, OPP-BUS STATION, BABRA,DI-AMRELI
13		K P ASHARA GIRLS HIGHSCHOOL	OPP. SHAH PETROL PUMP,RAJKOT ROAD, BABRA, DI-AMRELI
14		VIVEKANAND SEC AND HIGH SEC SCHOOL U-1	UMIYA NAGAR, CHITAL ROAD,BABRA,DI-AMRELI
15		VIVEKANAND SEC AND HIGH SEC SCHOOL U-2	UMIYA NAGAR, CHITAL ROAD,BABRA,DI-AMRELI
16		CHANAKYA MADHYAMIK SHALA-KARIYANA	AT KARIYANA, TA BABRA, DIS-AMRELI
17		KAMALASHI HIGH SCHOOL BABRA	RAJKOT ROAD- BABARA
18		OM VIDYALAY BABARA	AT-BABARA, TAL-BABARA, DIST-AMRELI
19		NAVYUG VIDYALAYA MOTADEVALIYA	AT-MOTA DEVALIYA, TA BABRA, DIS AMRELI
20	BAGASARA	ZAVERCHAND MEGHANI HIGHSCHOOL U-1	AT-BAGASARA, TA- BAGASARA,DIS AMRELI
21		ZAVERCHAND MEGHANI HIGHSCHOOL U-2	AT-BAGASARA, TA- BAGASARA,DIS AMRELI
22		MADHYAMIK SHALA HADALA	AT-HADALA,TA BAGASARA, DIS AMRELI
23		JANTA KANYA VIDYALAYA-BAGASARA	AT-BAGASARA, TA- BAGASARA,DIS AMRELI
24	KUKAVAV	N M SHETH KUMAR VIDYALAY-KUKAVAV	AT-KUKAVAV, TA KUKAVAV,DIS AMRELI
25		R N SHETH KANYA VIDYALAY-KUKAVAV	AT-KUKAVAV, TA KUKAVAV,DIS AMRELI
26		R D GARDI HIGHSCHOOL-MOTA UJALA	AT MOTA UJALA,TA KUKAVAV,DIS AMRELI
27		JANTA VIDHYALAY-MOTA UJALA	AT-MOTA ANKADIYA, TA/DI AMRELI
28		SURAGVALA HIGHSCHOOL-VADIYA	AT- VADIYA, TA KUKAVAV,DIS AMRELI

ક્રમ	તાલુકો	પરીક્ષા સ્થળનું નામ	સરનામું
29	LATHI	M C MAHETA HIGHSCHOOL-DAMNAGAR	AT- DAMNAGAR,TA LATHI DIS AMRELI
30		Z M AJMERA GIRLS HIGHSCHOOL-DAMNAGAR	AT- DAMNAGAR,TA LATHI DIS AMRELI
31		N H SANGHVI KANYA VIDYALAY-LATHI	AT- LATHI, TA LATHI DIS AMRELI
32		SAINT MARY HIGHSCHOOL-AMRELI	VARASADA ROAD,BEHIND RELINCE PETROL PUMP, AMRELI
33		KALAPI VINAY MANDIR U-1-LATHI	AT- LATHI, TA LATHI DIS AMRELI
34		KALAPI VINAY MANDIR U-2-LATHI	AT- LATHI, TA LATHI DIS AMRELI
35	LILIYA	SHANTABEN KANYA VIDYALAY-LILIYA MOTA	AT-LILIYA TA LILIYA DIS AMRELI
36		AMRUTBA VIDYALAY-LILIYA MOTA	AT-LILIYA TA LILIYA DIS AMRELI
37		GOVT HIGH SECONDARY SCHOOL-LILIYA	AT-LILIYA TA LILIYA DIS AMRELI
38	DHARI	GN DAMANI HIGHSCHOOL DHARI	AT-DHARI,TA DHARI,DIS AMRELI
39		MKC KANYA VIDYALAY-CHALALA	AT-CHALALA,TA DHARI,DIS AMRELI
40		JIVANDHARA HIGHSCHOOL-DHARI	AT-DHARI,TA DHARI,DIS AMRELI
41		GAYATRI SANSKAR VIDYALAY-CHALALA	AT-CHALALA,TA DHARI,DIS AMRELI
42		VPG GIRLS HIGHSCHOOL U-1	AT-DHARI,TA DHARI,DIS AMRELI
43		VPG GIRLS HIGHSCHOOL U-2	AT-DHARI,TA DHARI,DIS AMRELI
44		SHARDABA ENG MED SCHOOL -DHARI	AT-DHARI,TA DHARI,DIS AMRELI
45	JAFARABAD	SHRI MADHYAMIK SHALA NAGESHRI	AT- NAGESRI, TA JAFARABAD, DIS AMRELI
46		PAREKH MAHETA VIDYALAY U-1	AT-JAFARABAD, TA-JAFARABAD,DIS-AMRELI
47		PAREKH MAHETA VIDYALAY U-2	AT-JAFARABAD, TA-JAFARABAD,DIS-AMRELI
48		ADITYA BIRLA PUBLIC SCHOOL-JAFRABAD	AT-JAFARABAD, TA-JAFARABAD,DIS-AMRELI
49		MODEL SCHOOL JAFRABAD	AT-JAFARABAD, TA-JAFARABAD,DIS-AMRELI
50		SWAMINARAYAN HIGHSCHOOL-TIMBI	AT-TIMBI,TA- JAFARABAD,DIS AMRELI
51	KHAMBHA	MADHYAMIK SHALA - DEDAN	AT-DEDAN, TA- KHAMBHA,DIS-AMRELI
52		J N MAHETA HIGHSCHOOL-KHAMBHA	AT- KHAMBHA, TA KHAMBHA,DIS AMRELI
53		KRISHNA VIDYALAY-KHAMBHA	AT- KHAMBHA, TA KHAMBHA,DIS AMRELI
54		GOVT SEC AND HIGH SEC SCHOOL-KHAMBHA	BHAGAVATI PARA,AT- KHAMBHA, TA KHAMBHA, DIS AMRELI
55		MADHYAMIK SHALA - TRAKUDA	AT-TRAKUDA TA KHAMBHA, DIS AMRELI
56	RAJULA	R K SCIENCE SCHOOL-RAJULA	AT-RAJULA TA RAJULA DIS AMRELI
57		UTKARSH VIDYALAY - DEVKA	AT- DEVKA, TA RAJULA,DIS AMRELI
58		GOVT HIGH SEC SCHOOL-DEVKA	AT- DEVKA, TA RAJULA,DIS AMRELI
59		NOBAL SCHOOL-DEVKA	AT- DEVKA, TA RAJULA,DIS AMRELI
60		BALKRISHNA VIDYALAY-RAJULA	HINDORNA CHOKDI, AT-RAJULA TA RAJULA, DIS AMRELI
61		SHIVAM MADHYAMIK SHALA-KUMBHARIYA	AT KUMBHARIYA,TA RAJULA,DIS AMRELI
62		MG PATEL SCHOOL-RAJULA	CHATADIYA ROAD, AT- RAJULA, TA RAJULA DIS AMRELI
63		SARASVATI VIDYALAY - RAJULA	CHATADIYA ROAD, AT- RAJULA, TA RAJULA DIS
64		J A SANGHVI HIGHSCHOOL-RAJULA	AT RAJULA TA RAJULA DIS AMRELI
65		TJBS HIGH SCHOOL-RAJULA	NEAR SANGHAVI COLLEGE, AT-RAJULA,TA RAJULA DIS AMRELI
66		SAINT THOMAS HIGH SCHOOL-RAJULA	CHATADIYA ROAD, AT-RAJULA, TA RAJULA, DIS AMRELI

ક્રમ	તાલુકો	પરીક્ષા સ્થળનું નામ	સરનામું
67	SAVARKUNDLA	H N VIRANI U-1 - BADHADA	AT-BADHADA, TA SAVARKUNDALA, DIS AMRELI
68		HN VIRANI U-2 - BADHADA	AT-BADHADA, TA SAVARKUNDALA, DIS AMRELI
69		J V MODI HIGH SCHOOL-SAVARKUNDALA	AT- SAVAR KUNDALA, TA SAVAR KUNDLA, DIS AMRELI
70		S V DOSHI GIRLS HIGH SCHOOL-SAVARKUNDALA	AT- SAVAR KUNDLA, TA SAVAR KUNDLA, DIS AMRELI
71		K K HIGHSCHOOL-SAVARKUNDALA	AT- SAVAR KUNDLA, TA SAVAR KUNDLA, DIS AMRELI
72		A.K. GHELANI HIGH SCHOOL-SAVARKUNDLA	AT- SAVAR KUNDLA, TA SAVAR KUNDLA, DIS AMRELI
73		GAYATRI VIDYALAYA-VIJAPADI	AT- VIJPADI, TA SAVAR KUNDLA, DIS AMRELI
74		PPS HIGHSCHOOL-VANDA U-1	AT- VANDA, TA SAVAR KUNDLA, DIS AMRELI
75		DIWALIBA HIGHSCHOOL-PITHAVADI	AT- PITHVADI, TA SAVAR KUNDLA, DIS AMRELI
76		PPS HIGHSCHOOL-VANDA U-2	AT- VANDA, TA SAVAR KUNDLA, DIS AMRELI
77		V D NAGADIYA HIGHSCHOOL-VIJAPADI	AT- VIJPADI, TA SAVAR KUNDLA, DIS AMRELI

(૩) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સબંધિત કામગીરીમાં રોકાયેલા ફરજ પરનાં અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિન અધિકૃત માણસોએ ઉપરોકત પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહિ. તેમજ કોઈપણ ઈસમે કોઈપણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સિધી કે આડકતરી મદદગારી કરવી નહીં. પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ/વિક્ષેપ/ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/કરાવવું નહી. પરીક્ષા સબંધી ચોરી ગણાય તેવી કોઈ વસ્તુ ઈલેકટ્રોનીક આઈટમ/પુસ્તક, કાપલીઓ, મોબાઈલ ફોન, ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહીં કે કરાવવામાં મદદગારી કરવી નહીં.

(૪) ઉપર પેરા નં. ૨ માં દર્શાવેલ જે તે પરીક્ષાના કેન્દ્રોના કમ્પાઉન્ડ હદથી ચારે બાજુ ૧૦૦ (એક સો) મીટરની હદની અંદર પરીક્ષાની તા. ૩૧-૦૧-૨૦૨૬ ના રોજ બપોરના ૧૨-૦૦ કલાકથી બપોરના ૧૬-૩૦ કલાક સુધી આ હદની અંદર આવેલ જાહેર માર્ગ ઉપર ૪ કે તેથી વધુ વ્યકિતઓએ એકત્ર થવુ નહિ કે કોઈ વાહન ઉભું રાખવું નહિ. વધુમાં ફરમાવું છું કે આ સ્થળોના કમ્પાઉન્ડની અંદર કોઈ અનઅધિકૃત પ્રવેશ કરવો નહિ.

(૫) દરેક પરીક્ષા કેન્દ્રના સંચાલકોએ ઉપરોકત સમય દરમ્યાન શાળામાં ઝેરોક્ષ/કોપી મશીન, સ્કેનર મશીન બાબતે સ્વએકરારનામું કરવાનું રહેશે તથા જે તે શાળા-પરીક્ષા કેન્દ્રનું ઝેરોક્ષ/કોપી મશીન, સ્કેનર સીલ કરીને રાખવાનાં રહેશે તથા જિલ્લા શિક્ષણાધિકારી, અમરેલી ખરાઈ કરી આ બાબતનું પ્રમાણપત્ર કેન્દ્ર સંચાલક પાસેથી પરીક્ષા સમય પહેલા અચૂક મેળવી લેવાનું રહેશે.

આ હુકમના મુદ્દા નં. ૪ ની જોગવાઈ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) પરીક્ષા ખંડમાં આવનાર પરીક્ષાર્થીઓને.

(૨) પરીક્ષા સંચાલનનાં કામ માટે ફરજ પર રોકાયેલ અધિકારીશ્રીઓ/કર્મચારીઓને.

(૩) જાહેર માર્ગ પર પસાર થતા વાહનોમાં બેઠેલ મુસાફરોને.

(૪) રાજય પરીક્ષા બોર્ડ ગાંધીનગરએ મુકિત આપેલ વ્યકિતઓ તથા વાહનોને.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૩૧-૦૧-૨૦૨૬નાં રોજ બપોરના ૧૨-૦૦ કલાક થી બપોરના ૧૬-૩૦ કલાક સુધી અમલમાં રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ માં ઠરાવેલી શિક્ષાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સરૂ મદદનીશ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્રો મારફતે પ્રસિધ્ધ કરવા તથા આ હુકમની જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલીએ ઉકત સ્થળોએ ચોંટાડીને પ્રસિધ્ધ કરવાની રહેશે તથા સરકારશ્રીના અસાધારણ રાજ્ય પત્રમાં પ્રસિધ્ધ કરવાની રહેશે.

આ હુકમની અમલવારી કરવા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ કાર્યવાહી કરવા માટે તેમજ હુકમનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલી સબંધિત દરેક પરીક્ષા કેન્દ્રના કેન્દ્ર સંચાલકશ્રીઓ તથા સબંધીત પોલીસ સ્ટેશનના થાણા અધિકારીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૩૦-જાન્યુઆરી-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૩૦ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના કાયદાની કલમ-૩૭(૧), ૩૭(૩) અને ૩૩ હેઠળ જાહેરનામું

વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીનાં પત્ર નં. એલ.આઈ.બી./હથિયારબંધી જાહેરનામું/૫૩૩/૨૦૨૬, તા. ૨૧-૦૨-૨૦૨૬.

જાહેરનામું

નં. નાચી/પલસ/વશી/૩૨૭/૨૦૨૬.-વંચાણે લીધા ક્રમાંક-૧ થી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીનાં તા. ૨૧-૦૨-૨૦૨૬નાં પત્રથી હાલમાં મુસ્લિમ સમુદાયનો પવિત્ર રમઝાન માસ શરૂ હોય તેમજ આગામી દિવસો દરમ્યાન તા. ૦૩/૦૪-૦૩-૨૦૨૬નાં રોજ હિન્દુ ધર્મનાં હોળી-ધૂળેટીનાં પર્વની ઉજવણી થનાર હોય જેથી તકેદારીનાં ભાગ રૂપે સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે અનુસંધાને તકેદારીનાં ભાગરૂપે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા કલમ-૩૭(૩) અને કલમ-૩૩ મુજબ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

ઉકત દરખાસ્ત ધ્યાને લેતા હાલમાં મુસ્લિમ સમુદાયનો પવિત્ર રમઝાન માસ શરૂ હોય તેમજ આગામી દિવસો દરમ્યાન તા. ૦૩/૦૪-૦૩-૨૦૨૬નાં રોજ હિન્દુ ધર્મનાં હોળી-ધૂળેટીનાં પર્વની ઉજવણી થનાર હોય, જેના માટે તકેદારીના ભાગરૂપે અને હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ તથા કલમ-૩૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

જેથી હું, **દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ની પેટા કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૧) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૩-૦૨-૨૦૨૬ થી તા. ૦૮-૦૩-૨૦૨૬ (બંને દિવસો સહિત) દરમ્યાન નીચે મુજબના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું,

A. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની,

B. કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવાની,

C. પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠાં કરવાની તથા તૈયાર કરવાની,

D. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

E. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

F. લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની,

V. છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીશ્રીના અભિપ્રાય પ્રમાણે સૂરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, તે દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

(૨) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(y) ફરજ પર રોકાયેલા પોલીસ તથા હોમ ગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(yy) શારિરીક અશક્તિના કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૩) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ તથા કલમ-૩૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ, તા. ૨૩-૦૨-૨૦૨૬ થી તા. ૦૮-૦૩-૨૦૨૬ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની તેમજ સંબંધિત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી/પરવાનગી સિવાય લાઉડ સ્પીકર વગાડવાની હું મનાઈ ફરમાવુ છું.

(૪) ઉપરોક્ત પેરા-૩માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/અર્ધસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ વરઘોડા તથા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહિ.

(૫) આ જાહેરનામુ ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ૧૩૫ ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

તમામ નાગરીકોને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ ફરમાવવામાં આવે છે. હું એવો પણ આદેશ કરૂં છું કે, જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને તથા નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

આજ તા. ૨૧, ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૨૧ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું જાહેરનામું

વંચાણે લીધા :

(૧) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, અમરેલીનાં પત્ર ક્રમાંક નં. એમએજી/વશી/૩૧૯૯/૨૦૨૪, તા. ૧૨-૧૧-૨૦૨૪

(૨) અત્રેના જાહેરનામાં ક્રમાંક નં. નાચી/પલસ/વશી/૧૦૪૧/૨૦૨૫, તા. ૨૯-૧૧-૨૦૨૫

હુકમ

નં. નાચિ/પલસ/વશી/૩૨૬/૨૦૨૬.-

૧. વંચાણે લીધા ક્રમ-૧ના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, અમરેલીના તા. ૧૨-૧૧-૨૦૨૪ના પત્રથી જિલ્લા સેવા સદન, અમરેલી ખાતે અમરેલી જિલ્લાના વિવિધ તાલુકામાંથી મોટી સંખ્યામાં અરજદારશ્રીઓ/જુદી-જુદી સંસ્થાઓ જિલ્લા સેવા સદન ખાતે પોતાની વિવિધ માંગણીઓ તથા રજુઆતો સબબ અવર-જવર કરતા હોય છે. તાજેતરમાં જિલ્લાની વિવિધ કચેરીઓ પાસેથી પોતાની માંગણી અન્વયે અસંતોષ થતા અરજદારશ્રીઓ/જુદી-જુદી સંસ્થાઓ દ્વારા કલેકટર કચેરી/જિલ્લા સેવા સદનના પટાંગણમાં કે તેની આજુ-બાજુ ઉપવાસ, રેલી ધરણા કે આત્મવિલોપન કરવા માટે આવતા હોય છે. જેના કારણે તંગદિલી ભર્યુ વાતાવરણ સર્જાય અને આવા કિસ્સામાં અરજદારોની મોટી સંખ્યા ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે. જિલ્લા સેવા સદનમાં અરજદાર વ્યકિતગત રીતે કે મોટી સંખ્યામાં ભેગા થવાની સંભાવના હોય, સરકારી માલ મિલ્કત કે વ્યકિતગત જાન માલને નુકશાન થવાના બનાવ બનવાની સંભાવના રહેલ હોઈ, સુલેહશાંતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી જિલ્લા સેવા સદન, અમરેલીના પરિસરની આજુ-બાજુની ૫૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં પ્રતિબંધાત્મક જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ કરેલ હતી. જે ધ્યાને લઈ વંચાણે લીધા-૨ ના જાહેરનામાથી તા. ૨૭-૦૧-૨૦૨૬ સુધી જિલ્લા સેવા સદન, અમરેલીના પરિસરની આજુબાજુ ૫૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં પ્રતિબંધાત્મક જાહેરનામું જારી કરવામાં આવેલ હતું.

ઉકત વિગતે જિલ્લા કલેકટર કચેરી, અમરેલી ખાતે જિલ્લાની જુદી-જુદી સંસ્થાઓ/અરજદારશ્રીઓ-ગ્રામજનો તરફથી તેમની માંગણીના સંદર્ભે ઉપવાસ, રેલી, આત્મવિલોપન, ધરણા કરવા અત્રેની કચેરીમાં આવતાં હોય અને સુત્રોચ્ચાર કરતા હોય, જેના કારણે તંગદીલીભર્યુ વાતાવરણ સર્જાવાની અને જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાની શકયતાઓ રહેલ છે, તેમજ કલેકટર કચેરીની રોજબરોજની કામગીરીને તથા કચેરીમાં આવતા અન્ય અરજદારો/જાહેર જનતાને તેમના કાયદેસરના કામો કરવામાં અડચણ અને ત્રાસ થવાની શકયતાઓ રહેલ હોય, તેમજ કચેરી સ્ટાફને પણ નુકસાન થવાની શકયતાઓ રહેલી હોય, તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલા લેવા જરૂરી જણાય છે. જે માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ હુકમ કરવા માટે પુરતા કારણો જણાય છે.

૨. આથી, હું **દિલિપસિંહ ગોહિલ, (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ ફરમાવું છું કે, કલેકટર કચેરી, અમરેલીના કેમ્પસ તથા તેની આજુ-બાજુના ૫૦ મીટર ત્રિજયામાં આવેલ વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરૂ છું. તથા આ પ્રતિબંધિત વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ મૂકવા હુકમ કરૂ છું.

૧. કોઈએ ઉપવાસ પર બેસવું નહિ કે ધરણા કાર્યક્રમ કે સભાઓનું આયોજન કરવું નહિ.

૨. જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા સુત્રો પોકારવા નહિ.

૩. જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવી અફવાઓ ફેલાવવી નહિ.

૪. કોઈપણ વ્યકિતએ લાઠી કે ઈજા થાય તેવા હથિયાર સાથે રાખીને પ્રવેશ કરવો નહી.

૫. કોઈ વિસ્ફોટક પદાર્થ અથવા આગ લાગે તેવા પદાર્થ અથવા માનવ શરીરને નુકશાન થાય તેવા ઝેરી પદાર્થ સાથે રાખવા નહિ.

અમલવારીનો વિસ્તાર :

આ હુકમ કલેકટર કચેરી, અમરેલીના કેમ્પસ તથા તેની આજુ-બાજુના ૫૦ મીટર ત્રિજયામાં આવેલ વિસ્તારને લાગુ પડશે.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૨૧-૦૨-૨૦૨૬ થી તા. ૨૧-૦૪-૨૦૨૬ (બન્ને દિવસો સહિત) સુધીના સમગ્ર સમયગાળા માટે અમલી રહેશે.

અપવાદ :

સદરહું આદેશ કાયદો અને વ્યવસ્થાનો ચાર્જ સંભાળતા કર્મચારી/અધિકારીશ્રીઓ તથા સુરક્ષા અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે સંબંધિત પોલીસ સ્ટેશનના થાણા અધિકારી કે તેનાથી ઉપરના અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

જાહેર વિજ્ઞાપ્તિ :

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ, આથી એકતરફી હુકમ ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, અમરેલીએ નિર્દિષ્ઠ કરેલા વિસ્તારમાં લોકોને સહેલાઈથી દેખી શકાય તેવી રીતે નકલ ચોંટાડી તેમજ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્રો, ચેનલો મારફતે પ્રસિધ્ધિ કરાવવાની રહેશે.

આજ તા. ૨૧, ફેબ્રુઆરી, સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ જાહેરનામું બહાર પાડેલ છે.

અમરેલી, ૨૧ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું

વંચાણે લીધા :

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલીના પત્ર ક્રમાંક : ગુજકેટ/પરીક્ષા/જાહેરનામું/૨૦૨૬/૧૭૨૦, તા. ૧૮-૦૩-૨૦૨૬.

હુકમ

નં. નાચિ/પલસ/વશી/ઈ-૨૭૪૬૫૬/૨૦૨૬-(૧) વંચાણે લીધા ક્રમ-૧ના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલીના તા. ૧૮-૦૩-૨૦૨૬ના પત્રથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માર્ચ-૨૦૨૬માં યોજાનાર ગુજકેટ પરીક્ષા આગામી તા. ૨૯-૦૩-૨૦૨૬ના રોજ અમરેલી જિલ્લામાં વિવિધ શાળા/કોલેજમાં યોજાનાર હોવાનું જણાવી, પરીક્ષા દરમ્યાન પરીક્ષા સ્થળ પર કાયદો અને વ્યવસ્થા જળવાય રહે, ગેરરીતિ ન થાય તે માટે તેમજ પરીક્ષા કેન્દ્રોમાં વિજાણું યંત્રો જેવા કે મોબાઈલ, ફેકસ, ઝેરોક્ષ/કોપી મશીનો, અન્ય પ્રકારના કોમ્યુનિકેશન સાધનો તથા આસપાસના વિસ્તારોમાં ઝેરોક્ષ/કોપી મશીન તથા લાઉડ સ્પીકર પર પરીક્ષા સમય દરમિયાન પ્રતિબંધ ફરમાવવા અંગે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ કરેલ છે. જે દરખાસ્ત વાજબી અને આવશ્યક હોવાનો મને સંતોષ થયેલ છે.

આથી હું **દિલિપસિંહ ગોહિલ, (G.A.S.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો,** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે મુજબનાં પ્રતિબંધિત વિસ્તારમાં નીચે મુજબનાં કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

૧. **પ્રતિબંધિત વિસ્તાર** : નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રોની ચતુર્દિશાની ચો તરફ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા તમામ મકાનો તથા જગ્યા સ્થળ અને વિસ્તાર.

૨. **પ્રતિબંધિત કૃત્યો** : પરીક્ષા કેન્દ્રો પર ઈલેકટ્રોનિક વીજાણું યંત્રો જેવા કે, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, બ્લુટુથ, ઈયરફોન, કેમેરા, લેપટોપ, ફેકસ કે અન્ય પ્રકારના કોમ્યુનિકેશનના સાધનો લઈને પ્રવેશવું નહી. તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના પ્રતિબંધિત વિસ્તારોમાં ઝેરોક્ષ/કોપી મશીનો તથા અન્ય પ્રકારના કોમ્યુનિકેશન સાધનો પરીક્ષા સમય દરમ્યાન બંધ રાખવા. તેમજ પરીક્ષા સ્થળોની આસપાસનાં વિસ્તારમાં પરીક્ષાર્થિઓને ખલેલ ન પહોંચે તે માટે લાઉડ સ્પીકરનાં ઉપયોગ ઉપર પ્રતિબંધ રહેશે.

કોઈ પણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈ પણ કર્મચારી તેઓનો મોબાઈલ પરીક્ષા બિલ્ડીંગ ખાતે લઈ જઈ શકાશે નહી. બિલ્ડીંગના પ્રવેશદ્વારથી જ બિલ્ડીંગમાં મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. અનિવાર્ય સંજોગોમાં જ સ્થળ સંચાલક પોતાનો મોબાઈલ લઈ જઈ શકશે, પરંતુ મોબાઈલ જે તે સંસ્થાના આચાર્યશ્રીના રૂમમાં સેફ કસ્ટડીમાં રાખી તેનો દુરૂપયોગ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલીના વંચાણે લીધા-૧ના પત્ર મુજબ અમરેલી જિલ્લા ખાતે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ કેન્દ્રો ખાતે પરીક્ષાનું આયોજન થનાર છે.

ગુજકેટ પરીક્ષા-૨૦૨૬ના કેન્દ્રો :

ક્રમ	કેન્દ્રનું નામ	પરીક્ષાનું સ્થળ	સરનામું
૧	અમરેલી	કે. કે. પારેખ અને મહેતા વિદ્યાલય (લીલાવંતી)	સિવિલ હોસ્પિટલ પાસે, અમરેલી
૨		ટી. પી. એમ. ટી. ગર્લ્સ હાઈસ્કુલ	નાગનાથ મંદિરની બાજુમાં, અમરેલી
૩		જીજીબેન ફોરવર્ડ ગર્લ્સ હાઈસ્કુલ	સરદાર પટેલ સર્કલ, વરસડા રોડ, અમરેલી
૪		દીપક હાઈસ્કુલ	ગાયત્રી મંદીર પાસે, ચિતલ રોડ, અમરેલી
૫		એસ. એસ. અજમેરા ગર્લ્સ હાઈસ્કુલ	બસ સ્ટેન્ડ પાસે, અમરેલી
૬		કમાણી ફોરવર્ડ હાઈસ્કુલ	લાઠી રોડ, અમરેલી
૭		એસ. એચ. ગજેરા સ્કુલ (વિદ્યાસભા)	લાઠી રોડ, અમરેલી
૮		શ્રીમતી બી. એન. વિરાણી હાઈ. યુનીટ-૧	ચકકરગઢ રોડ, અમરેલી
૯		શ્રી બી. એન. વિરાણી હાઈ. યુનીટ-૨	ચકકરગઢ રોડ, અમરેલી

(૩) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સબંધિત કામગીરીમાં રોકાયેલા ફરજ પરનાં અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિન અધિકૃત માણસોએ ઉપરોકત પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહિ. તેમજ કોઈપણ ઈસમે કોઈપણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સિધી કે આડકતરી મદદગારી કરવી નહીં. પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ/વિક્ષેપ/ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/કરાવવું નહી. પરીક્ષા સબંધી ચોરી ગણાય તેવી કોઈ વસ્તુ ઈલ્ટ્રોનિક આઈટમ/પુસ્તક, કાપલીઓ, મોબાઈલ ફોન, ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહીં કે કરાવવામાં મદદગારી કરવી નહીં.

(૪) ઉપર પેરા નં. ૨ માં દર્શાવેલ જે તે પરીક્ષાના કેન્દ્રોના કમ્પાઉન્ડ હદથી ચારે બાજુ ૧૦૦ (એક સો) મીટરની હદની અંદર પરીક્ષાઓની તા. ૨૯-૦૩-૨૦૨૬ ના રોજ સવારના ૦૮-૩૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધી આ હદની અંદર આવેલ જાહેર માર્ગ ઉપર ૪ કે તેથી વધુ વ્યકિતઓએ એકત્ર થવુ નહિ કે કોઈ વાહન ઉભું રાખવું નહિ. વધુમાં ફરમાવું છું કે આ સ્થળોના કમ્પાઉન્ડની અંદર કોઈ અનઅધિકૃત પ્રવેશ કરવો નહિ.

(૫) દરેક પરીક્ષા કેન્દ્રના સંચાલકોએ ઉપરોકત સમય દરમ્યાન શાળામાં ઝેરોક્ષ/કોપી મશીન, સ્કેનર મશીન બાબતે સ્વએકરારનામું કરવાનું રહેશે તથા જે તે શાળા-પરીક્ષા કેન્દ્રનું ઝેરોક્ષ/કોપી મશીન, સ્કેનર સીલ કરીને રાખવાનાં રહેશે તથા જિલ્લા શિક્ષણાધિકારી, અમરેલી ખરાઈ કરી આ બાબતનું પ્રમાણપત્ર કેન્દ્ર સંચાલક પાસેથી પરીક્ષા સમય પહેલા અચૂક મેળવી લેવાનું રહેશે.

આ હુકમના મુદ્દા નં. ૪ ની જોગવાઈ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) પરીક્ષા ખંડમાં આવનાર પરીક્ષાર્થીઓને.

(૨) પરીક્ષા સંચાલનનાં કામ માટે ફરજ પર રોકાયેલ અધિકારીશ્રીઓ/કર્મચારીઓને.

(૩) જાહેર માર્ગ પર પસાર થતા વાહનોમાં બેઠેલ મુસાફરોને.

(૪) સ્થાનિક સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા મામલતદારશ્રીએ આ હુકમના અમલમાંથી મુકિત આપેલ વ્યકિતઓ તથા વાહનોને.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૨૯-૦૩-૨૦૨૬ના રોજ સવારના ૦૮-૩૦ કલાક થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ માં ઠરાવેલી શિક્ષાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ મદદનીશ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્રો મારફતે પ્રસિધ્ધ કરવા તથા આ હુકમની જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલીએ ઉકત સ્થળોએ ચોંટાડીને કરવાની રહેશે તથા સરકારશ્રીના અસાધારણ રાજ્ય પત્રમાં પ્રસિધ્ધ કરવાની રહેશે.

આ હુકમની અમલવારી કરવા તથા ભારતીય ન્યાય સંહીતા૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ કાર્યવાહી કરવા તેમજ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલી, સબંધિત દરેક પરીક્ષા કેન્દ્રના કેન્દ્ર સંચાલકશ્રીઓ તથા અમરેલી સીટી તથા તાલુકા પોલીસ સ્ટેશનના થાણા અધિકારીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૪-માર્ચ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૨૪ માહે માર્ચ, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના કાયદાની કલમ-૩૭(૧), ૩૭(૩) અને ૩૩ હેઠળ જાહેરનામું

વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીનાં પત્ર નં. એલ.આઈ.બી./હથિયારબંધી જાહેરનામું/૧૦૯૩/૨૦૨૬, તા. ૨૩-૦૩-૨૦૨૬.

જાહેરનામું

નં. નાચી/પલસ/વશી/૪૨૮/૨૦૨૬.-વંચાણે લીધા ક્રમાંક-૧ થી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીનાં તા. ૨૩-૦૩-૨૦૨૬નાં પત્રથી આગામી દિવસો દરમ્યાન તા. ૨૬-૦૩-૨૦૨૬નાં રોજ હિન્દુ ધર્મના રામનવમી પર્વની ઉજવણી તથા તા. ૩૧-૦૩-૨૦૨૬ ના રોજ મહાવિર જયંતી પર્વની ઉજવણી થનાર હોય જેથી તકેદારીનાં ભાગ રૂપે સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે અનુસંધાને તકેદારીનાં ભાગરૂપે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા કલમ-૩૭(૩) અને કલમ-૩૩ મુજબ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

ઉકત દરખાસ્ત ધ્યાને લેતા આગામી દિવસો દરમ્યાન તા. ૨૬-૦૩-૨૦૨૬નાં રોજ રામનવમી પર્વની ઉજવણી તથા તા. ૩૧-૦૩-૨૦૨૬ ના રોજ મહાવિર જયંતી પર્વની ઉજવણી થનાર હોય, જેના માટે તકેદારીના ભાગરૂપે અને હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ તથા કલમ-૩૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

જેથી હું, **દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ની પેટા કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૧) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૫-૦૩-૨૦૨૬ થી તા. ૦૫-૦૪-૨૦૨૬ (બંને દિવસો સહિત) દરમ્યાન નીચે મુજબના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું,

A. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની,

B. કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવાની,

C. પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠાં કરવાની તથા તૈયાર કરવાની,

D. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

E. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

F. લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની,

X. છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીશ્રીના અભિપ્રાય પ્રમાણે સૂરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, તે દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

(૨) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(a) ફરજ પર રોકાયેલા પોલીસ તથા હોમ ગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(aa) શારિરીક અશક્તિના કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૩) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ તથા કલમ-૩૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ, તા. ૨૫-૦૩-૨૦૨૬ થી તા. ૦૫-૦૪-૨૦૨૬ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઈ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની તેમજ સંબંધિત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી/પરવાનગી સિવાય લાઉડ સ્પીકર વગાડવાની હું મનાઈ ફરમાવુ છું.

(૪) ઉપરોક્ત પેરા-૩માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/અર્ધસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ વરઘોડા તથા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહિ.

(૫) આ જાહેરનામુ ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ૧૩૫ ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

તમામ નાગરીકોને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ ફરમાવવામાં આવે છે. હું એવો પણ આદેશ કરૂં છું કે, જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને તથા નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

આજ તા. ૨૪, માર્ચ, ૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૨૪ માહે માર્ચ, સને ૨૦૨૬.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું

વિષય : મતગણતરીનાં દિવસે મોબાઈલ/સેલ્યુલર ફોન, કોર્ડલેસ વિગેરે ઉપકરણોનાં પ્રતિબંધ બાબત.

વંચાણે લીધા :

(૧) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા.સ્વ./૧૩૮(૧)/૧૧૨૦૨૧/ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી બહાર પાડેલ આદર્શ આચાર સંહિતા.

(૨) રાજ્ય ચૂંટણી આયોગના પરિપત્ર ક્રમાંક : ઈએલસી/સી.ઓ.સી.-૩(૮)/૦૪૨૦૨૬/ક/૯૪૧૯ થી ૯૫૪૯, તા. ૦૧-૦૪-૨૦૨૬.

હુકમ

નં. નાચિ./પલસ/વશી/૪૬૧/૨૦૨૬.-(૧) ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સંદર્ભ-૨ના પરિપત્રથી રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અન્વયે અમરેલી જિલ્લામાં કુલ-૦૬ (અમરેલી, બગસરા, સાવરકુંડલા, દામનગર, બાબરા, ધારી) નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી તથા કુલ-૧૧(ધારી, બાબરા, બગસરા, કુકાવાવ-વડીયા, રાજુલા, લીલીયા, અમરેલી, ખાંભા, સાવરકુંડલા, લાઠી, જાફરાબાદ) જિલ્લા અને તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. જેનું મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ યોજાનાર છે. તેમજ જો પુનઃમતદાન યોજવાનું થાય તો તેની તા. ૨૭-૦૪-૨૦૨૬ છે અને મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ થનાર છે. ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના સંદર્ભ-૧ના આદેશથી મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચાર સંહિતા (Model Code of Conduct) બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે.

મતગણતરી મથકમાં પ્રવેશ પર નિયંત્રણ કરવા સારુ સલામતી અધિકારીઓએ કોર્ડન કરેલ વિસ્તારમાં મતગણતરીના દિવસે મતગણતરી સ્થળની આજુબાજુના વિસ્તારમા અસામાજીક/અનઅધિકૃત તત્વો પ્રવેશ ન કરે અને મતગણતરી કામ શાંતીથી થાય, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને મતગણતરી મથકે મતદાનની ગુપ્તતા જાળવવા મતગણતરીના દિવસે મતગણતરી પુરી થાય ત્યાં સુધી કાયદો અને વ્યવસ્થા જાળવવા મતગણતરીના સ્થળે સલામતી દળ દ્વારા કોર્ડન કરાયેલ પ્રતિબંધિત વિસ્તારમાં કોઈપણ વ્યકિતને સેલ્યુલર ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ, મોબાઈલ ફોન સાથે પ્રવેશવા પ્રતિબંધ મુકવો આવશ્યક છે તેમજ મતગણતરીના દિવસે મતગણતરીના સ્થળના આજુબાજુના વિસ્તારોમાં અસામજિક/અનઅધિકૃત તત્વો પ્રવેશ ન કરે અને મતગણતરી કામ શાંતિથી પૂર્ણ થાય, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેથી લોકોને ટોળા સ્વરૂપે એકઠા થવા પર નિયંત્રણો મૂકવું જરૂરી જણાય છે.

આથી હું **દિલિપસિંહ ગોહિલ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો, અમરેલી,** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

(૧) મતગણતરી સ્થળ અને તેની આજુબાજુમા ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં મતગણતરીના દિવસે સવારના કલાક ૦૬-૦૦ થી મતગણતરી પુરી ન થાય ત્યાં સુધી ચાર કે તેથી વધુ માણસોએ રાજ્યમાર્ગો ઉપર, શેરીઓમાં, ગલીઓમાં કે પેટા ગલીઓમાં એકઠા થવું નહી, સભાઓ ભરવી નહી.

(૨) મતગણતરીના સ્થળે સલામતી દળ દ્વારા કોર્ડન કરાયેલ પ્રતિબંધિત વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ મતગણતરીના દિવસે સેલ્યુલર ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ, મોબાઈલ ફોન વગેરે ઉપકરણો સાથે લઈ જઈ શકશે નહી અને તેનો ઉપયોગ કરી શકશે નહીં.

(૩) કોઈ પણ વ્યકિત સક્ષમ સત્તાધિકારી તરફથી ઈસ્યુ કરવામા આવેલ ફોટોગ્રાફ સહિતનાં અધિકૃત પ્રવેશ પાસ વિના મત ગણતરી કેન્દ્રમાં દાખલ થઈ શકશે નહી તેમજ આવા પ્રવેશ પાસ સરળતાથી દેખાઈ આવે તે રીતે પ્રદર્શિત કરશે.

(૪) ઉમેદવાર, તેમના ચૂટણી એજન્ટ કે તેમના મત ગણતરી એજન્ટ કે જેમને મતદાર વિભાગ માટે મતગણતરી હોલમા પ્રવેશ માટે પ્રવેશ પાસ ઈસ્યુ કરવામાં આવેલ હોય તે સિવાય અન્ય મતદાર વિભાગના મતગણતરી હોલમાં પ્રવેશી શકશે નહીં.

ઉપર ક્રમ નં. ૧ થી મુકેલો પ્રતિબંધ મતગણતરીના કાર્યમાં રોકાયેલ/ અને પરવાનગી આપવામા આવેલ કર્મચારી/અધિકારીઓ/હરીફ ઉમેદવારો તથા મતગણતરી એજન્ટોને મતગણતરી સ્થળ પુરતો લાગુ પડશે નહી.

ઉપર ક્રમ નં. ૨ થી મુકેલો પ્રતિબંધ મતગણતરી માટે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મુકવામાં આવેલ નિરીક્ષકશ્રીઓને લાગુ પડશે નહી.

આ હુકમ અમરેલી જિલ્લામાં આવેલ તમામ મતગણતરી કેન્દ્ર તથા તેની આજુબાજુના ૧૦૦ મીટરમાં આવેલ વિસ્તારને લાગુ પડશે.

સદર આદેશનો ભંગ કરનાર ''ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩'' હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું તા. ૨૮-૦૪-૨૦૨૬ ના રોજ મતગણતરીના દિવસ માટે મતગણતરી કાર્ય પૂર્ણ થતા સુધી અમલમાં રહેશે તથા આ કલમ નીચે અમલવારી તથા કાર્યવાહી કરવા માટે સંબંધિત પોલીસ સ્ટેશનના થાણા અધિકારીને તથા મતગણતરી સ્થળ ઉપર ફરજ ઉપરના પોલીસ અધિકારીને આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૦૧ એપ્રિલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૦૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું

વંચાણે લીધા :

(૧) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા.સ્વ./૧૩૮(૧)/૧૧૨૦૨૧/ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી બહાર પાડેલ આદર્શ આચાર સંહિતા.

(૨) રાજ્ય ચૂંટણી આયોગના પરિપત્ર ક્રમાંક : ઈએલસી/સી.ઓ.સી.-૩(૮)/૦૪૨૦૨૬/ક/૯૪૧૯ થી ૯૫૪૯, તા. ૦૧-૦૪-૨૦૨૬.

હુકમ

નં. નાચિ./પલસ/વશી/૪૫૯/૨૦૨૬.-(૧) ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સંદર્ભ-૨ના પરિપત્રથી રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અન્વયે અમરેલી જિલ્લામાં કુલ-૦૬ (અમરેલી, બગસરા, સાવરકુંડલા, દામનગર, બાબરા, ધારી) નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી તથા કુલ-૧૧(ધારી, બાબરા, બગસરા, કુકાવાવ-વડીયા, રાજુલા, લીલીયા, અમરેલી, ખાંભા, સાવરકુંડલા, લાઠી, જાફરાબાદ) જિલ્લા અને તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. જેનું મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ યોજાનાર છે. તેમજ જો પુનઃમતદાન યોજવાનું થાય તો તેની તા. ૨૭-૦૪-૨૦૨૬ છે અને મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ થનાર છે. સદરહું તારીખથી અમરેલી જિલ્લામાં નગરપાલિકા તથા જિલ્લા અને તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬ હેઠળના સિરોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન નગરપાલિકા તથા જિલ્લા અને તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬ માં અમરેલી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મતદાન પુર્ણ થવા માટે નિયત કરેલ સમય સાથે પુરા થતાં ૪૮ કલાકની મુદત દરમિયાન જાહેર સભાઓ અને ચૂંટણી પ્રચાર પર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. અમરેલી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ સવારના ૦૭-૦૦ કલાકથી સાંજના ૦૬-૦૦ કલાક સુધી થનાર છે. તેથી મતદાન પુરૂં થવાના સમય પહેલાના ૪૮ કલાક એટલે કે, તા. ૨૪-૦૪-૨૦૨૬ ના સાંજના ૦૬-૦૦ કલાકથી ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાતો હોય, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ હું **દિલિપસિંહ ગોહિલ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** નગરપાલિકા તથા જિલ્લા અને તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬ માં અમરેલી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં મતદાન પુરૂ થવાના સમય પહેલાના ૪૮ કલાક એટલે કે, તા. ૨૪-૦૪-૨૦૨૬ ના સાંજના ૦૬-૦૦ કલાકથી નીચે મુજબના અમલવારી કરવા આદેશ ફરમાવું છું.

કૃત્યો :

૧. કોઈપણ વ્યકિત

(એ) ચૂંટણી સંબંધમા કોઈ જાહેર સભા બોલાવશે નહીં, યોજશે નહીં, સંબોધન કરશે નહીં કે સરઘસ કાઢશે નહીં કે તેવી સભામાં હાજરી આપશે નહીં.

(બી) સિનેમેટોગ્રાફ, ટેલીવિઝન, એલ.ઈ.ડી. અથવા આવા અન્ય સાધનોની સહાયથી ચૂંટણી સામગ્રી જાહેરમાં પ્રદર્શિત કરશે નહીં.

(સી) મતદાન વિસ્તારમાં જાહેર જનતાને આકર્ષવાની દ્રષ્ટિએ જાહેરમાં કોઈ સંગીતનો જલસો, થીએટરનો કાર્યક્રમ, કોઈ મનોરંજન કાર્યક્રમ કે સમુહભોજન યોજીને કે યોજવા માટેની વ્યવસ્થા કરી આપીને ચૂંટણી પ્રચાર કરશે નહીં કે ચૂંટણીના પરીણામ પર અસર કરે તેવા ઈરાદાવાળી કોઈ પ્રવૃતિ કરશે નહી.

આ હુકમ તા. ૨૪-૦૪-૨૦૨૬ થી તા. ૨૬-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે તેમજ અમરેલી જિલ્લામાં નગરપાલિકા તથા જિલ્લા અને તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬ હેઠળના વિસ્તારને લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૦૧ એપ્રિલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ કર્યો.

અમરેલી, ૦૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું

વિષય : મતદાનના દિવસે કાયદો અને વ્યવસ્થા જાળવવા બાબત.

વંચાણે લીધા :

(૧) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા.સ્વ./૧૩૮(૧)/૧૧૨૦૨૧/ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી બહાર પાડેલ આદર્શ આચાર સંહિતા.

(૨) રાજ્ય ચૂંટણી આયોગના પરિપત્ર ક્રમાંક : ઈએલસી/સી.ઓ.સી.-૩(૮)/૦૪૨૦૨૬/ક/૯૪૧૯ થી ૯૫૪૯, તા. ૦૧-૦૪-૨૦૨૬.

હુકમ

નં. નાચી/પલસ/વશી/૪૬૩/૨૦૨૬.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સંદર્ભ-૨ના પરિપત્રથી રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અન્વયે અમરેલી જિલ્લામાં કુલ-૦૬ (અમરેલી, બગસરા, સાવરકુંડલા, દામનગર, બાબરા, ધારી) નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી તથા કુલ-૧૧(ધારી, બાબરા, બગસરા, કુકાવાવ-વડીયા, રાજુલા, લીલીયા, અમરેલી, ખાંભા, સાવરકુંડલા, લાઠી, જાફરાબાદ) જિલ્લા અને તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. જેનું મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ

યોજાનાર છે. તેમજ જો પુનઃમતદાન યોજવાનું થાય તો તેની તા. ૨૭-૦૪-૨૦૨૬ છે અને મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ થનાર છે. ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના સંદર્ભ-૧ના આદેશથી મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચાર સંહિતા (Model Code of Conduct) બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જે સંદર્ભે મુકત અને ન્યાયી રીતે ચૂંટણી યોજાય તે માટે મતદાનના દિવસે સુલેહ, શાંતિ તથા કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે નીચે મુજબના પ્રતિબંધો મુકવા જરૂરી જણાય છે.

આથી હું, **દિલિપસિંહ ગોહિલ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો,** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ અમરેલી જિલ્લામાં મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) મત માટે પ્રચાર કરવા પર.

(૨) મતદારોને ધાક-ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા પર.

(૩) કોઈપણ મતદારને મત આપવા આગ્રહપૂર્વક વિનંતી કરવા પર.

(૪) અમુક ઉમેદવારને મત ન આપવા માટે કોઈ મતદારને સમજાવવા પર.

(૫) કોઈ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા પર.

(૬) ચૂંટણીને લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટીસ કે નિશાની પ્રદર્શિત કરવા પર.

(૭) સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, પેજર, વાયરલેસ સેટ અને અન્ય વિજાણુ સંદેશાવ્યવહારના સાધનો લઈ જવા પર.

(૮) વાહનો સાથે આવવા પર.

(૯) મતદાન મથકમાં મતદાન માટે આવેલ મતદાર, ઉમેદવાર તથા ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યકિત સિવાયની વ્યકિતએ પ્રવેશ પર.

(૧૦) ઉમેદવારોના પ્રતિકો લાવવા પર કે કોઈ નિશાનીઓ રાખવા પર.

(૧૧) એક ઉમેદવારના એકથી વધારે મતદાન મથક એજન્ટને હાજર રહેવા પર.

(૧૨) કોઈપણ પક્ષના ચિન્હવાળી સ્લીપો વહેંચવા પર.

(૧૩) મતદાન સમય દરમિયાન મતદાન એજન્ટોને મતદાર યાદી મતદાન મથકની બહાર લઈ જવા પર.

નીચેની બાબતોનો ચુસ્તપણે અમલ કરવા ફરમાવું છું.

(૧) મતદાન મથકમાં પ્રવેશવા માટે મતદારોએ એક લાઈનમાં ઉભા રહેવાનું રહેશે. પરંતુ સ્ત્રી મતદારો માટે અલગ લાઈનની વ્યવસ્થા હોય તો તેઓએ અલગ લાઈનમાં ઉભા રહેવાનું રહેશે. પુરૂષ મતદારો, સ્ત્રી મતદારો તથા દિવ્યાંગ/વરિષ્ઠ નાગરીકો એમ કુલ-૦૩ (ત્રણ) અલગ-અલગ હરોળ/લાઈનમાં ઉભા રહેવાનું રહેશે.

(૨) દિવ્યાંગ મતદારો માટે અલગથી વ્યવસ્થા કરવાની રહેશે.

(૩) મતદારોએ મતદાન મથકમાં એક પછી એક વારાફરતી ક્રમમાં પ્રવેશવાનું રહેશે.

(૪) મતદારોએ મત આપ્યા બાદ તુર્ત જ મતદાન મથક છોડી દેવાનું રહેશે.

આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે.

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીઓ અને મતદાન મથક નજીક ફરજ ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ, ચૂંટણી આયોગે નિમેલ નિરીક્ષકો અને ચૂંટણી ફરજ પરના અધિકારીશ્રીઓ સહિતના મતદાનની ફરજોનો હવાલો ધરાવતા અધિકારીઓ/કર્મચારીઓને ઉપરની ક્રમ નં. ૭ની બાબતો લાગુ પડશે નહી.

સદર જાહેરનામામનો ભંગ કરનાર ''ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩'' હેઠળ સજાને પાાત્ર થશે તથા આ કલમ નીચે અમલવારી તથા કાર્યવાહી કરવા માટે અમરેલી જિલ્લાના લાગુ પોલીસ સ્ટેશનના થાણા અધિકારી, જે તે સ્થળે ફરજ પરના પોલીસ અધિકારી (મતદાન મથકના બહારના વિસ્તાર માટે) તથા સબંધિત મતદાન મથકનાં મુખ્ય અધિકારીને મતદના મથકના વિસ્તાર માટે આથી અધિકૃત કરવામાં આવે છે. આ જાહેરનામું અમરેલી જિલ્લાના સબંધિત તમામ મત વિસ્તારને લાગુ પડશે. આ જાહેરનામું મતદાનના દિવસ તા. ૨૬-૦૪-૨૦૨૬ અને જો પુનઃમતદાન થાય તો પુનઃમતદાનના સબંધિત મત વિસ્તાર માટે તા. ૨૭-૦૪-૨૦૨૬ પુરતું અમલમાં રહેશે.

આજ તારીખ : ૦૧ એપ્રિલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડ્યો.

અમરેલી, ૦૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે બહાર પાડેલ

વંચાણે લીધા :

(૧) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા.સ્વ./૧૩૮(૧)/૧૧૨૦૨૧/ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી બહાર પાડેલ આદર્શ આચાર સંહિતા.

(૨) રાજ્ય ચૂંટણી આયોગના પરિપત્ર ક્રમાંક : ઈએલસી/સી.ઓ.સી.-૩(૮)/૦૪૨૦૨૬/ક/૯૪૧૯ થી ૯૫૪૯, તા. ૦૧-૦૪-૨૦૨૬.

હુકમ

નં. નાચિ/પલસ/વશી/૪૬૦/૨૦૨૬.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સંદર્ભ-૨ના પરિપત્રથી રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અન્વયે અમરેલી જિલ્લામાં કુલ-૦૬ (અમરેલી, બગસરા, સાવરકુંડલા, દામનગર, બાબરા, ધારી) નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી તથા કુલ-૧૧(ધારી, બાબરા, બગસરા, કુકાવાવ-વડીયા, રાજુલા, લીલીયા, અમરેલી, ખાંભા, સાવરકુંડલા, લાઠી, જાફરાબાદ) જિલ્લા અને તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. જેનું મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ યોજાનાર છે. તેમજ જો પુનઃમતદાન યોજવાનું થાય તો તેની તા. ૨૭-૦૪-૨૦૨૬ છે અને મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ થનાર છે. સદરહું તારીખથી અમરેલી જિલ્લામાં નગરપાલિકા તથા જિલ્લા અને તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬ હેઠળના સિરોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન નગરપાલિકા તથા જિલ્લા અને તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬ માં અમરેલી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં ચૂંટણીઓના પ્રચાર માટે ચોપાનીયા, ભીંતપત્રો, હેન્ડ બીલ, ઉમેદવારો તરફથી ઓળખ તેમજ અન્ય બાબતોએ વિવિધ છાપકામ કરાવી પ્રસિધ્ધ કરવામાં આવે છે તથા લોકોમાં વહેંચણી કરવામાં આવે છે. આવા દસ્તાવેજોમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, કોમ કે ભાષાને આગળ ધરીને મતદારોને અપીલ કરવી અથવા વિરોધી ઉમેદવારના ચારીત્ર્ય ખંડન જેવી કોઈ ગેરકાનુની વાંધાજનક બાબત કે લખાણનો સમાવેશ થતો હોય તો સબંધિત વ્યકિત સામે આવશ્યક શિક્ષાત્મક કે નિયંત્રક પગલા લઈ શકાય તે માટે ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો વગેરેના મુદ્રણ અને પ્રકાશનને સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી આદર્શ આચાર સંહિતાના અમલીકરણી સુચનાઓ લાગુ પડે છે.

ઉપરોકત જોગવાઈની ચુસ્ત અમલવારી કરવા સારૂ જરૂરી હુકમ કરવા માટેના યોગ્ય કારણો જણાતા હોય હું, **દિલિપસિંહ ગોહિલ, અધિ જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

૧. કોઈપણ વ્યકિત કે સંસ્થા જેના પર તેના મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય અને છાપેલ પ્રતની સંખ્યા દર્શાવેલ ન હોય એવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો, પોસ્ટર્સ, કટ આઉટ, હોર્ડીંગ્સ, બેનર્સ છાપવા/લગાવવા કે પ્રસિધ્ધ કરી શકશે નહીં અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકાશે નહીં તેમજ હોર્ડીંગ્સની સાઈઝ ૧૫ ફુટ × ૮ ફુટથી વધારે હોવી જોઈએ નહી અને કટઆઉટની ઉંચાઈ ૮ ફુટથી વધવી જોઈએ નહી.

૨. કોઈપણ વ્યકિત કે સંસ્થા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો, પોસ્ટર્સ, કટ આઉટ, હોર્ડીંગ્સ, બેનર્સ છાપવા/લગાવવા ભીંતપત્રો છાપી શકશે નહી કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહી સિવાય કે,

(એ) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય તેવી બે વ્યકિતઓએ શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય અને

(બી) લખાણ છપાયા પછી મુદ્રકે સાત દિવસમાં લખાણની એક નકલ સાથે એકરારપત્રની એક નકલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરીને તથા સબંધિત ચૂંટણી અધિકારીશ્રીની કચેરીને મોકલી હોય, આ જોગવાઈ પુરતું

(સી) હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કાઢવાની કોઈપણ પ્રક્રિયા મુદ્રણ ગણાશે અને મુદ્રક એ શબ્દના તે પ્રમાણે અર્થ થશે.

૩. છાપેલા ચૂંટણી અંગેના કોઈ ચોપાનીયા કે ભીંતપત્રો કે આવી અન્ય સામગ્રી પર મુદ્રક પંકિતમાં મુદ્રક અને પ્રકાશકના પુરા નામ, સરનામા અને ફોન, મોબાઈલ નંબર દર્શાવવાના રહેશે.

૪. મુદ્રકે પ્રકાશક પાસેથી મેળવેલ એકરારપત્ર જોડાણ-ક અને જોડાણ-ખ ના નિયત નમુનામાં છાપકામ કર્યાના ત્રણ દિવસની અંદર જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી તથા સબંધિત ચૂંટણી અધિકારીશ્રીને રજુ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અમરેલી જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાનો અમલ હુકમની તારીખથી તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે તેમજ અમરેલી જિલ્લામાં નગરપાલિકા તથા જિલ્લા અને તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬ હેઠળના વિસ્તારને લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ રોજ તા. ૦૧ એપ્રિલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા હેઠળ હુકમ કર્યો.

અમરેલી, ૦૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ ની પેટા-કલમ-૧ (આર) હેઠળ જાહેરનામું

વિષય : લાઉડ સ્પીકર તથા વાહનો પર લાઉડ સ્પીકરનાં પ્રતિબંધ બાબત.

વંચાણે લીધા :

(૧) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા.સ્વ./૧૩૮(૧)/૧૧૨૦૨૧/ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી બહાર પાડેલ આદર્શ આચાર સંહિતા.

(૨) રાજ્ય ચૂંટણી આયોગના પરિપત્ર ક્રમાંક : ઈએલસી/સી.ઓ.સી.-૩(૮)/૦૪૨૦૨૬/ક/૯૪૧૯ થી ૯૫૪૯, તા. ૦૧-૦૪-૨૦૨૬.

જાહેરનામું

નં. નાચિ./પલસ/વશી/૪૬૫/૨૦૨૬.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સંદર્ભ-૨ના પરિપત્રથી રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અન્વયે અમરેલી જિલ્લામાં કુલ-૦૬ (અમરેલી, બગસરા, સાવરકુંડલા, દામનગર, બાબરા, ધારી) નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી તથા કુલ-૧૧(ધારી, બાબરા, બગસરા, કુકાવાવ-વડીયા, રાજુલા, લીલીયા, અમરેલી, ખાંભા, સાવરકુંડલા, લાઠી, જાફરાબાદ) જિલ્લા અને તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. જેનું મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ યોજાનાર છે. તેમજ જો પુનઃમતદાન યોજવાનું થાય તો તેની તા. ૨૭-૦૪-૨૦૨૬ છે અને મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ થનાર છે. ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના સંદર્ભ-૧ના આદેશથી મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચાર સંહિતા (Model Code of Conduct) બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. જેથી ચૂંટણી સબબ ઉમેદવારો, રાજકીય પક્ષો, કાર્યકરો વિગેરે દ્વારા ચૂંટણીના પ્રચારના કોઈ હેતુ માટે સભા કે સરઘસો યોજી તેમાં માઈકનો ઉપયોગ કરી અવાજનું પ્રદુષણ રોકવા અત્યંત આવશ્યક અને અનિવાર્ય હોય તેમજ લાઉડ સ્પીકર વગાડવાથી ધ્વની પ્રદુષણથી લોકોની તંદુરસ્તીને વિપરીત અસર પહોંચે છે. તેમજ લાઉડ સ્પીકરથી લોકોને ખલેલ ન પહોંચે અને લોકો જાહેર પ્રજાને ધ્વની પ્રદુષણથી મુક્ત રાખવા માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧(આર) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું **દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચેની વિગતે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા પર આથી પ્રતિબંધ ફરમાવું છું.

(૧) પરવાનગી-સિવાય ચૂંટણી પ્રચાર દરમિયાન સભા, સરઘસ કે વાહન પર માઈક વગાડી/રાખી શકાશે નહી.

(૨) સવારના ૦૮-૦૦ કલાકથી રાત્રિના ૧૦-૦૦ કલાક સુધી જ માઈકનો ઉપયોગ સબંધિત સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવીને જ કરવાનો રહેશે.

(૩) ઉપર નિયત થયેલા સમય સિવાય ઉપયોગમાં લેવાયેલ કોઈપણ લાઉડસ્પીકર કે તેની સાથે જોડાયેલ ઉપકરણો સહિત જપ્ત કરવામાં આવશે.

(૪) વાહનોમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ કરતા તમામ રાજકીય પક્ષો, ઉમેદવારો કે કાર્યકરોએ લાઉડ સ્પીકર વાપરવા માટેની પરવાનગી આપતા સત્તા અધિકારીશ્રીને આ વાહનોની નોંધણી/ઓળખ નંબરો જણાવવા અને પરવાનગીપત્ર પર નોંધ કરવાની રહેશે.

(૫) લેખિત પરવાનગી વગર જે વાહનમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તે વાહન, ઉપયોગમાં લેવાયેલ લાઉડસ્પીકર અને તમામ ઉપકરણો સહિત જપ્ત કરવામાં આવશે.

(૬) ઉમેદવારે કે કાર્યકરે ઉપરોક્ત જણાવ્યા મુજબની પરવાનગી મેળવી તેની જાણ ચૂંટણી અધિકારીશ્રીને અને સ્થાનિક પોલીસ અધિકારીને કરવાની રહેશે.

(૭) અમરેલી જિલ્લા મતવિસ્તારમાં મતદાન શાંતિથી સમાપ્ત કરવા માટે નિયત કરવામાં આવેલા સમયના પહેલાના ૪૮ કલાક દરમ્યાન વાહન પર ગોઠવેલ કે અન્ય પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહીં.

આ જાહેરનામાનો અમલ હુકમની તારીખ થી તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી કરવાનો રહેશે અને જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત અથવા ભંગ કરવા માટે મદદ કરનાર સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં દર્શાવેલ શિક્ષાને પાત્ર રહેશે.

આજ તારીખ ૦૧ એપ્રિલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૦૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું

વિષય : સરકારી આરામગૃહો, ડાક બંગલાઓ તથા વિશ્રામગૃહો સંદર્ભમાં પ્રતિબંધ બાબત.

વંચાણે લીધા :

(૧) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા.સ્વ./૧૩૮(૧)/૧૧૨૦૨૧/ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી બહાર પાડેલ આદર્શ આચાર સંહિતા.

(૨) રાજ્ય ચૂંટણી આયોગના પરિપત્ર ક્રમાંક : ઈએલસી/સી.ઓ.સી.-૩(૮)/૦૪૨૦૨૬/ક/૯૪૧૯ થી ૯૫૪૯, તા. ૦૧-૦૪-૨૦૨૬.

હુકમ

નં. નાચિ./પલસ/વશી/૪૬૬/૨૦૨૬.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સંદર્ભ-૨ના પરિપત્રથી રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અન્વયે અમરેલી જિલ્લામાં કુલ-૦૬ (અમરેલી, બગસરા, સાવરકુંડલા, દામનગર, બાબરા, ધારી) નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી તથા કુલ-૧૧(ધારી, બાબરા, બગસરા, કુકાવાવ-વડીયા, રાજુલા, લીલીયા, અમરેલી, ખાંભા, સાવરકુંડલા, લાઠી, જાફરાબાદ) જિલ્લા અને તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. જેનું મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ યોજાનાર છે. તેમજ જો પુનઃમતદાન યોજવાનું થાય તો તેની તા. ૨૭-૦૪-૨૦૨૬ છે અને મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ થનાર છે. ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના સંદર્ભ-૧ના આદેશથી મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચાર સંહિતા

(Model Code of Conduct) બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. સદરહું આચાર સંહિતામાં સરકારી આરામગૃહો, ડાક બંગલાઓ, તથા વિશ્રામગૃહોનો ચૂંટણીના કામે ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ છે.

(૨) આથી અમરેલી જિલ્લામાં ચૂંટણી હેઠળનાં સમાવિષ્ટ વિસ્તારનાં તમામ ડાક બંગલાઓ, સરકારી/અર્ધસરકારી આરામગૃહો, વિશ્રામગૃહો, ફોરેસ્ટ ગેસ્ટહાઉસ તથા જાહેર સ્થળો હોય તેવા તમામ ગૃહો કે સ્થળોનો રાજકીય પક્ષોનો હોદ્દેદારો, કાર્યકરો ચૂંટણી લડતા ઉમેદવારો કે તેમના એજન્ટોએ રાજકીય હેતુસર અથવા ચૂંટણી વિષયક પ્રચારના હેતુસર ઉપયોગ કરવા પ્રતિબંધ કરવામાં આવે છે. રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગીક મીટીંગને પણ મંજુરી આપી શકાશે નહિ.

(૩) ચૂંટણી પ્રચારમાં આવેલ જે મહાનુંભાવોને સરકારી વિશ્રામગૃહ, અતિથિગૃહ વગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તે મહાનુભાવોને લાવતા લઈ જતા વાહનને જ સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખવાની પરવાનગી આપી શકાશે. જો તેઓ એક કરતાં વધારે વાહનોનો ઉપયોગ કરતા હોય તો તેઓ બે થી વધુ વાહનોનો વિશ્રામ ગૃહ/અતિથિ ગૃહ વિગેરે કંમ્પાઉન્ડમાં રાખી શકાશે નહિ.

(૪) કોઈ એક જ વ્યકિતને ૪૮ કલાક થી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહી તેમજ ચૂંટણી પ્રચાર માટે આવતા કોઈપણ મહાનુભાવોને મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ/અતિથિ ગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે નહિ તથા અતિથિ ગૃહોમાં રહેવાની વ્યવસ્થા પૂરી પાડવામાં આવી હશે તો તેઓની પાસેથી નકકી કરેલ સામાન્ય દરોએ પુરેપુરી વસુલાત લેવાની રહેશે.

(૫) આ જાહેરનામાનો અમલ હુકમની તારીખ થી તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી કરવાનો રહેશે અને જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત સામે ''ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩'' અન્વયે શિક્ષાને પાત્ર રહેશે, તથા હુકમની અમલવારી કરવા તથા ''ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩'' મુજબ કાર્યવાહી કરવા માટે અમરેલી જિલ્લાના સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓ તથા મદદનીશ ચૂંટણી અધિકારીઓને અધિકૃત કરવામાં આવે છે.

(૬) આજ તારીખ ૦૧ એપ્રિલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૦૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું

વિષય : ચૂંટણી પ્રચાર માટે વાહનોનો ઉપયોગ બાબત.

વંચાણે લીધા :

(૧) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા.સ્વ./૧૩૮(૧)/૧૧૨૦૨૧/ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી બહાર પાડેલ આદર્શ આચાર સંહિતા.

(૨) રાજ્ય ચૂંટણી આયોગના પરિપત્ર ક્રમાંક : ઈએલસી/સી.ઓ.સી.-૩(૮)/૦૪૨૦૨૬/ક-૯૪૧૯ થી ૯૫૪૯, તા. ૦૧-૦૪-૨૦૨૬.

હુકમ

નં. નાચિ./પલસ/વશી/૪૬૪/૨૦૨૬.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સંદર્ભ-૨ના પરિપત્રથી રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અન્વયે અમરેલી જિલ્લામાં કુલ-૦૬ (અમરેલી, બગસરા, સાવરકુંડલા, દામનગર, બાબરા, ધારી) નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી તથા કુલ-૧૧(ધારી, બાબરા, બગસરા, કુકાવાવ-વડીયા, રાજુલા, લીલીયા, અમરેલી, ખાંભા, સાવરકુંડલા, લાઠી, જાફરાબાદ) જિલ્લા અને તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. જેનું મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ યોજાનાર છે. તેમજ જો પુનઃમતદાન યોજવાનું થાય તો તેની તા. ૨૭-૦૪-૨૦૨૬ છે અને મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ થનાર છે. ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના સંદર્ભ-૧ના આદેશથી મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચાર સંહિતા (Model Code of Conduct) બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. જેના અનુસંધાને ચૂંટણી પ્રચાર અભિયાનરૂપે ચૂંટણી ઉમેદવારો તરફથી ચૂંટણી પ્રચાર ઝુંબેશ પોતપોતાના મત વિસ્તારમાં શરૂ કરવામાં આવેલ હોય, આ પ્રચારનાં હેતુ માટે તેઓ દ્વારા કે તેની સહમતિથી બીજા કોઈ વ્યક્તિ દ્વારા પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવશે. તે સંજોગોમાં આવા વાહનો ઉપર દેખરેખ રાખવા અને ઉમેદવારનાં પ્રચાર માટે વપરાતા વાહનોના સંબંધમાં થતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તે હેતુથી અને જો આમ કરવામાં ન આવે તો તેમનાં પ્રતિસ્પર્ધી ઉમેદવારો તથા જન સામાન્ય તરફથી સાચી-ખોટી ફરીયાદો ઉપસ્થિત થવા અને એકબીજા જુથો વચ્ચે મનદુઃખ અને ઘર્ષણ ઉભું થવાની સંભાવના તેમજ સુલેહશાંતિનો ભંગ થવા સંભવ રહે છે.

(૨) આથી હું, **દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪ નો બીજો અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(એ) કોઈપણ ચૂંટણી ઉમેદવારો કે તેની સહમતિથી બીજા કોઈ વ્યક્તિ દ્વારા ચૂંટણી પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનો ચૂંટણી ઉમેદવારે તેમના ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારી પાસે રજીસ્ટર્ડ કરાવવાના રહેશે અને રજીસ્ટર્ડ કરાવેલ વાહની પરમીટ મેળવી લેવાની રહેશે અને અસલ પરમીટ જ વાહનોની ઉપર સહેલાઈથી દેખાય આવે તે રીતે વિન્ડસ્ક્રીન પર ચોડવાની રહેશે. કોઈપણ સંજોગોમાં પરમીટની ફોટોકોપી ચાલશે નહિ, ઉપરાંત પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાશે નહી. આ નિયંત્રણો યાંત્રિક શક્તિથી કે અન્ય રીતે ચાલતા તમામ વાહનોને લાગુ પડશે.

(બી) ચૂંટણી પ્રચારમાં ઉપયોગમાં લેવાનાર વાહનમાં જો વધારાની એસેસરીઝ ફીટ કરાવેલ હશે તો તેના માટે આર.ટી.ઓ.ની મંજુરી રજુ કરવાની રહેશે.

(૩) સદર જાહેરનામાનો ભંગ કરનાર ''ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩'' હેઠળ સજાને પાત્ર થશે તથા આ કલમ નીચે અમલવારી તથા કાર્યવાહી કરવા માટે અમરેલી જિલ્લાના લાગુ પોલીસ સ્ટેશનના થાણા અધિકારી, જે તે સ્થળે ફરજ પરના પોલીસ અધિકારી (મતદાન મથકના બહારના વિસ્તાર માટે) તથા સબંધિત મતદાન મથકનાં મુખ્ય અધિકારીને (મતદાન મથકના બહારના વિસ્તાર માટે) આથી અધિકૃત કરવામાં આવે છે.

(૪) આ હુકમનો અમલ અમરેલી જિલ્લાની કુલ-૧૭ નગરપાલિકા તથા જિલ્લા અને તાલુકા પંચાયતની સામાન્ય/પેટા ચૂંટણીમાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તારમાં હુકમની તારીખથી તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી કરવાનો રહેશે.

આજ તારીખ ૦૧ એપ્રિલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૦૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩, ૩૭(૧) તથા ૩૭(૩) હેઠળ જાહેરનામું

વિષય : આદર્શ આચાર સંહિતા મુજબ અમલવારી બાબત.

વંચાણે લીધા :

(૧) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા.સ્વ./૧૩૮(૧)/૧૧૨૦૨૧/ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી બહાર પાડેલ આદર્શ આચાર સંહિતા.

(૨) રાજ્ય ચૂંટણી આયોગના પરિપત્ર ક્રમાંક : ઈએલસી/સી.ઓ.સી.-૩(૮)/૦૪૨૦૨૬/ક/૯૪૧૯ થી ૯૫૪૯, તા. ૦૧-૦૪-૨૦૨૬.

હુકમ

(૧) નં. નાચિ./પલસ/વશી/૪૬૨/૨૦૨૫.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સંદર્ભ-૨ના પરિપત્રથી રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અન્વયે અમરેલી જિલ્લામાં કુલ-૦૬ (અમરેલી, બગસરા, સાવરકુંડલા, દામનગર, બાબરા, ધારી) નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી તથા કુલ-૧૧(ધારી, બાબરા, બગસરા, કુકાવાવ-વડીયા, રાજુલા, લીલીયા, અમરેલી, ખાંભા, સાવરકુંડલા, લાઠી, જાફરાબાદ) જિલ્લા અને તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. જેનું મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ યોજાનાર છે. તેમજ જો પુનઃમતદાન યોજવાનું થાય તો તેની તા. ૨૭-૦૪-૨૦૨૬ છે અને મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ થનાર છે. ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના સંદર્ભ-૧ના આદેશથી મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચાર સંહિતા (Model Code of Conduct) બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેને અનુલક્ષીને ચૂંટણી પ્રચાર ઉમેદવારો તરફથી શરૂ કરવામાં આવેલ છે. જે અન્વયે ઉમેદવારોના મર્યાદા કરતા વધુ ખર્ચ પ્રચાર પર નિયંત્રણ મુકવા અંગેના તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ચૂંટણી પંચ તરફથી આપાયેલ સુચના મુજબ આ આચાર સંહિતાનો અમલ કરવા અને લોકોની માલ મિલ્કતને થતી હાની/બગાડ અટકાવવા પર નિયંત્રણ કરવાના હેતુ સારૂ સાવચેતિના પગલા લેવા જરૂરી જણાતા હોઈ જેથી.

(૨) હું, **દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ ની પેટા કલમ-૧(ડી-એ), ૧(ડી-બી), ૧(એન), ૧(ઓ) તથા કલમ-૩૭ની પેટા કલમ-૧ થી ૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૧) કોઈપણ ઉમેદવારો, વ્યકિતઓ દ્વારા ધ્વજ, બેનર્સ, હાર્ડીંગ, કટઆઉટ, કે અન્ય પ્રચારના સાધનો બોર્ડ વિગેરે કોઈ પણ જાહેર જગ્યાએ તેમજ રસ્તા ઉપર મુકી શકાશે નહિ. આવા કટઆઉટ, બેનર્સ, લગાડવા માટે જાહેર સ્થળો, ખાનગી માલીકીની મિલકતો માટે સક્ષમ સત્તાધિકારીની મંજુરી મેળવવાની રહેશે. આ અંગેનો ખર્ચ જે વિસ્તારમાં હોર્ડીંગ્સ, કટઆઉટ વિગેરે મુકેલ હોય તે વિસ્તારના ઉમેદવારના ચૂંટણી ખર્ચના હિસાબોમાં યોગ્ય જગ્યાએ દર્શાવવાનો રહેશે. એટલે કે ખાનગી માલીકીની મિલકતો, સરકારી, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ વિગેરે હસ્તકની જાહેર જગ્યાએ (આવી જગ્યા કે મિલકત ભાડેથી કે કોન્ટ્રાકટથી આપી હશે તો પણ) સક્ષમ અધિકારીની મંજુરી મેળવ્યા વિના મુકી શકાશે નહી.

(૨) જાહેર કે ખાનગી કે મકાનોની દિવાલો પર સુત્રો લખવા પોસ્ટર ચોંટાડવા, પ્રચાર સામગ્રી ચોંટાડવા અંગે પ્રવર્તમાન સ્થાનિક કાયદાઓનો ચુસ્તપણે અમલ કરવો.

(૩) ઉમેદવાર, ઉમેદવારીપત્રો ભરવા કે ઉમેદવારીપત્રોની ચકાસણીમાં હાજરી આપવા કે ચૂંટણી પ્રતિકની ફાળવણીની પ્રક્રિયામાં હાજરી આપવા માટે ચૂંટણી અધિકારીશ્રીની કચેરીમાં જાય ત્યારે મોટા સરઘસ આકારે જવું નહીં.

(૪) ખાનગી સ્થળોએ માલિકની પરવાનગી સિવાય જાહેર તથા ખાનગી મીલકત ઉપર ચૂંટણી લક્ષી પ્રચારપત્રો ચોડીને, સુત્રો લખીને દિવાલો બગાડવી નહી તેમજ ધ્વજદંડ કે બેનરો લટકાવવા નહી, હોર્ડિંગ્સ પ્રદર્શિત કરવા નહી તેમજ વ્યકિત/સંસ્થાની જમીન, મકાન, કમ્પાઉન્ડ દિવાલ વિગેરેનો પરવાનગી વગર ઉપયોગ કરવો નહી. જોહર મકાનએ શબ્દ પ્રયોગ બાબતમાં આથી જણાવવામાં આવે છે, કે આ શબ્દ પ્રયોગમાં મિલકત, ધોરીમાર્ગ પર અથવા માર્ગના મહત્વના ચાર રસ્તા પર માર્ગ દિશા બતાવતા સાઈન બોર્ડ, માઈલ સ્ટોન, રેલ્વે ફાટક પર ચેંતવણી નોટીસ, રેલ્વે પ્લેટફોર્મ, બસ ટર્મીનલ્સના બોર્ડ તેમજ જાહેર જનતાની સગવડતા માટે પ્રદર્શીત કરેલ હોય તેવા અન્ય નોટીસ બોર્ડનો સમાવેશ થશે.

(૫) જ્યાં એક પક્ષે સભાઓ યોજી હોય, એવા સ્થળોએ બીજા પક્ષે સરઘસ લઈ જવું નહીં. તેમજ પોતાના પક્ષના ચોપાનીયા વહેંચીને ખલેલ પહોંચાડવી નહીં. એક પક્ષે બહાર પાડેલા ભિંતપત્રો બીજા પક્ષના કાર્યકરોએ દુર કરવા નહીં.

(૬) સભા કે મીટીંગ કે રેલી રાખી હોય, તે સ્થળની અંદર જે સમય દરમ્યાન સભા કે મીટીંગ કે રેલી યોજવામાં આવી હોય, તેટલા સમય દરમ્યાન જ બેનર્સ, હોર્ડીંગ, કટ આઉટ, પોસ્ટર્સ વિગેરે પ્રદર્શિત કરી શકશે અને સભા પુરસ થયા પછી તુર્તજ સભા કે મીટીંગ કે રેલીના સ્થળે પ્રદર્શિત કરવામાં આવેલ બેનર્સ, હોર્ડીંગ, કટ આઉટ, પોસ્ટર્સ વિગેરે દુર કરવાના રહેશે. તેમજ સ્થાનિક વહીવટી તંત્રે લાદેલા નિયંત્રણો તેમજ સ્થાનિક કાયદાઓ હેઠળના નિયંત્રણો અને જો કોર્ટનો કોઈ હુકમ હોય તો તેને આધિન ચૂંટણી પ્રચાર માટેના સરઘસમાં પોસ્ટર્સ અને બેનર્સ પ્રદર્શિત કરવાની પરવાનગી આપી શકાશે. તે સિવાય કોઈ ઉમેદવારોએ રાજકીય પક્ષોએ કે તેમના ટેકેદારો, અન્ય સંગઠનો, વ્યકિતઓ, દ્વારા કોઈ કટ આઉટ દરવાજા (Gates) કે કમાનો (Arches) ઉભા કરવા નહી.

(૭) ચૂંટણી કમીશન તરફથી થયેલ હુકમ મુજબ કોઈપણ સંજોગોમાં ત્રણ કરતા વધુ સુરક્ષા વાહનો ધરાવતો કાફલો કેન્દ્રના અથવા રાજ્ય સરકારના કોઈ મંત્રીએ લઈ જવા નહી તેમજ રાજકીય પક્ષ કે ઉમેદવાર કે ચૂંટણી એજન્ટે ચૂંટણીના પ્રચાર માટે કાફલામાં ત્રણ થી વધુ વાહનો એકી સાથે લઈ જઈ શકશે નહી તેવું ઠરાવેલ છે. આથી ચૂંટણી પંચના આદેશની અમલવારી કરવા આ જિલ્લામાં આવેલ તમામ રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના ચૂંટણી એજન્ટોને ફરમાવવામાં આવે છે કે ચૂંટણીના પ્રચાર માટે જતા કાફલમાં એકી સાથે ત્રણ થી વધુ વાહનો લઈ જઈ શકાશે નહી.

(૮) પ્રચાર વખતે ડોર ટુ ડોર કેમ્પઈન માટે પાંચથી વધુ વ્યકિતઓ (ઉમેદવારની સીકયુરીટીને બાદ કરતા) જઈ શકશે નહી.

(૯) ઉમેદવારે ચૂંટણી પ્રચાર માટે રોડ શો કરતી વખતે ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ અમલમાં હોય તેવા આદેશોને આધિન વાહનોનો કાફલો દર પાચ વાહન પછી છુટો પાડવાનો રહેશે (સુરક્ષા વાહનોને બાદ કરતા) આ વાહનોના બે કાફલા વચ્ચે ૧૦૦ મીટરના અંતરના બદલે ઓછામાં ઓછો ૩૦ મિનિટનો અંતરાલ રાખવાનો રહેશે. ગૃહ વિભાગની માર્ગદર્શિકાનું પાલન કરવાનું રહેશે.

(૧૦) જે છટાદાર ભાષણો આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની, ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની અથવા આવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો અથવા તેનાથી રાજ્યની સલામતિ જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય, તેવા છટાદાર ભાષણો આપવાની અથવા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાના કૃત્યો કરી શકાશે નહી.

(૧૧) ગુજરાત ચૂંટણી આયોગ તરફથી આર્દશ આચાર સંહિતા બહાર પાડવામાં આવેલ છે જેથી ચૂંટણી દરમ્યાન કોઈપણ જનસમૂહ કે કોઈપણ રાજકીય પક્ષકારો ભેગા થઈ અમરેલી જિલ્લાની તમામ સરકારી કચેરીઓમાં અને અધિકારીશ્રીઓની કચેરીઓમા ટોળાના રૂપમાં કે સમુહમાં કોઈપણ રીતે એકઠા થઈ આવેદનપત્રો આપવાના બહાને કે સરઘસના રૂપમાં એકઠા થઈ રેલી કાઢતા હોય, જેથી ચાર કરતા વધુ વ્યુકિતઓ એકીસાથે સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી વગર એકત્રિત થવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૧૨) અમરેલી જિલ્લામાં આવેલ તમામ કચેરીઓના વિસ્તારમા ચાર કરતા વધુ વ્યકિતઓ એકીસાથે ગેરકાયદેસર ભેગા થવા, કોઈ મંડળી, રેલી કે સરઘસ કાઢવા માટે મનાઈ ફરમાવુ છું.

(૧૩) ચૂંટણી માટે નામાંકન પત્ર ભરવા આવનાર કોઈપણ ઉમેદવારે પોતાના સહીત પાંચથી વધુ વ્યકિતને લઈ ચૂંટણી અધિકારીશ્રીની કચેરીમાં પ્રવેશી શકશે નહી. ઉપરાંત ત્રણથી વધુ વાહનો સાથેનો કાફલો ચૂંટણી અધિકારીશ્રીની કચેરીમાં પ્રવેશી શકશે નહી.

(૧૪) સભા સરઘસ માટે ચૂંટણી અધિકારીની કચેરીમાંથી પરવાનગી મેળવી લેવાની રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ ના ભંગ બદલ આજ એકટની કલમ-૧૩૧ તથી કલમ-૩૭ નાં ભંગ બદલ આજ એકટની કલમ-૧૩૫ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમનો અમલ અમરેલી જિલ્લાની કુલ-૧૭ નગરપાલિકાઓ તથા જિલ્લા તથા તાલુકા પંચાયતની યોજાનાર સામાન્ય/પેટા ચૂંટણીમાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તારમાં હુકમની તારીખથી તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી કરવાનો રહેશે.

આ હુકમની અમલવારી કરવા તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ તથા કલમ-૩૭ ની પેટા કલમ-૧ થી ૭ મુજબ કાર્યવાહી કરવા માટે અમરેલી જિલ્લાના હેડ કોન્સટેબલ કે તથી ઉપરનો દરજ્જો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને સુચિત કરવામાં આવે છે.

આજ તારીખ ૦૧ એપ્રિલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિકકો કરી હુકમ બહાર પાડ્યો.

અમરેલી, ૦૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ગુજરાત પોલિસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૩ (૧) (બી) હેઠળ જાહેરનામું

વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એલ.આઈ.બી./૩૮ ડાયવર્ટ/જાહેરનામું/૧૨૧૪/૨૦૨૬, તા. ૨૭-૦૩-૨૦૨૬.

જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/૪૩૨/૨૦૨૬.-વંચાણે લીધા-૧ ના પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૭-૦૩-૨૦૨૬ના પત્રથી જણાવ્યા મુજબ આગામી તા. ૦૨-૦૪-૨૦૨૬ ના રોજ લાઠી તાલુકાના ભુરખિયા ગામે હનુમાન જયંતિના ધાર્મિક તહેવારની ઉજવણી થનાર હોય તેમજ આ તહેવાર-પ્રસંગ સબબ મોટો મેળો ભરાતો હોય, આ મેળામાં આશરે ૦૩ થી ૦૪ (ત્રણ થી ચાર) લાખ લોકો એકત્રિત થતા હોય, તેમજ જુદા-જુદા ગામોએથી પગપાળા ચાલીને તેમજ પ્રાઈવેટ વાહનોમાં બેસીને ભુરખિયા ગામે મંદિરે દર્શનાર્થે જતા હોય છે, જેના કારણે ટ્રાફીકની સમસ્યા ઉભી થવાની સંભાવના હોય, જેથી લાઠી-ભુરખીયા-દામનગર રોડ ઉપર ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે.

સબબ, ઉકત દરખાસ્તની વિગતે અમરેલી-લાઠી-ભુરખીયા-દામનગર રોડ પરથી પસાર થતા ભારે વાહનોનું ટ્રાફીક ડાયવર્ટ કરવું જરૂરી હોવાની મને ખાત્રી થયેલ છે, જેથી હું **દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લો-અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, અમરેલી-લાઠી-ભુરખીયા-દામનગર રોડ પરથી પસાર થતા ભારે વાહનોએ નીચે મુજબના વૈકલ્પિક રૂટ અથવા અન્ય વૈકલ્પિક રૂટ પરથી પસાર થવાનું રહેશે.

વૈકલ્પિક રૂટ-૧ અમરેલી તરફથી લાઠી જતા વાહનોએ વાયા ચિતલ-બાબરા-ચાવંડ રોડ પરથી પસાર થવાનું રહેશે.

વૈકલ્પિક રૂટ-૨ ચાવંડ થી અમરેલી તરફ આવતા તમામ ભારે વાહનોએ બાબરા-ચિતલ-અમરેલી રોડ પરથી પસાર થવાનું રહેશે.

વૈકલ્પિક રૂટ-૩ લાઠી થી દામનગર રૂટ પર જતા-આવતા ભારે વાહનોએ પ્રતાપગઢ-ભોરીંગડા-છભાડીયા-દામનગર રોડ પરથી પસાર થવાનું રહેશે.

આ જાહેરનામું તા. ૦૧-૦૪-૨૦૨૬ના બપોરના ૧૨-૦૦ કલાક થી તા. ૦૨-૦૪-૨૦૨૬ના ૨૪-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

તમામ નાગરિકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ આથી એકત તરફી હુકમ ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીશ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધ કરાવવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરાવવાની રહેશે.

આજ તા. ૨૭ માર્ચ, સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૨૭ માહે માર્ચ, સને ૨૦૨૬.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું

વંચાણે લીધા :

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલીના પત્ર ક્રમાંક : પ્રાથમિક/CGMS/જાહેરનામું/૨૦૨૬/૩૨૭૫, તા. ૦૨-૦૪-૨૦૨૬.

હુકમ

નં. નાચિ/પલસ/વશી/૪૭૦/૨૦૨૫-(૧) વંચાણે લીધા ક્રમ-૧ના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલીના તા. ૦૨-૦૪-૨૦૨૬ના પત્રથી રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા યોજાનાર મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા (CGMS) પરીક્ષા આગામી તા. ૦૪-૦૪-૨૦૨૬ના રોજ અમરેલી જિલ્લામાં વિવિધ શાળા/કોલેજમાં યોજાનાર હોવાનું જણાવી, પરીક્ષા દરમ્યાન પરીક્ષા સ્થળ પર કાયદો અને વ્યવસ્થા જળવાય રહે, ગેરરીતિ ન થાય તે માટે તેમજ પરીક્ષા કેન્દ્રોમાં વિજાણું યંત્રો જેવા કે મોબાઈલ, ફેકસ, ઝેરોક્ષ/કોપી મશીનો, અન્ય પ્રકારના કોમ્યુનિકેશન સાધનો તથા આસપાસના વિસ્તારોમાં ઝેરોક્ષ/કોપી મશીન તથા લાઉડ સ્પીકર પર પરીક્ષા સમય દરમિયાન પ્રતિબંધ ફરમાવવા અંગે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ કરેલ છે. જે દરખાસ્ત વાજબી અને આવશ્યક હોવાનો મને સંતોષ થયેલ છે.

આથી હું **દિલિપસિંહ ગોહિલ, (G.A.S.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો,** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે મુજબના પ્રતિબંધિત વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

૧. **પ્રતિબંધિત વિસ્તાર** : નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રોની ચર્તુદિશાની ચો તરફ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ મકાનો જગ્યા સ્થળ અને વિસ્તાર.

૨. **પ્રતિબંધિત કૃત્યો** : પરીક્ષા કેન્દ્રો પર ઈલેકટ્રોનિક વીજાણું યંત્રો જેવા કે, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, બ્લુટુથ, ઈયરફોન, કેમેરા, લેપટોપ, ફેકસ કે અન્ય પ્રકારના કોમ્યુનિકેશનના સાધનો લઈને પ્રવેશવું નહિ. તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના પ્રતિબંધિત વિસ્તારોમાં ઝેરોક્ષ/કોપી મશીનો તથા અન્ય પ્રકારના કોમ્યુનિકેશન સાધનો પરીક્ષા સમય દરમ્યાન બંધ રાખવા. તેમજ પરીક્ષા સ્થળોની આસપાસનાં વિસ્તારમાં પરીક્ષાર્થિઓને ખલેલ ન પહોંચે તે માટે લાઉડ સ્પીકરનાં ઉપયોગ ઉપર પ્રતિબંધ રહેશે.

કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલા કોઈપણ કર્મચારી તેઓનો મોબાઈલ પરીક્ષા બિલ્ડીંગ ખાતે લઈ જઈ શકાશે નહી. બિલ્ડીંગના પ્રવેશદ્વારથી જ બિલ્ડીંગમાં મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. અનિવાર્ય સંજોગોમાં જ સ્થળ સંચાલક પોતાનો મોબાઈલ લઈ જઈ શકશે, પરંતુ મોબાઈલ જે તે સંસ્થાના આચાર્યશ્રીના રૂમમાં સેફ કસ્ટડીમાં રાખી તેનો દુરૂપયોગ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલીના વંચાણે લીધા-૧ના પત્ર મુજબ અમરેલી જિલ્લા ખાતે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ કેન્દ્રો ખાતે પરીક્ષાનું આયોજન થનાર છે.

મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા (CGMS) પરીક્ષા-૨૦૨૬ના કેન્દ્રો :

(૧) અમરેલી ઝોન

ક્રમ	તાલુકો	પરીક્ષા સ્થળનું નામ
૧	અમરેલી	જનતા વિદ્યા. જાળીયા
૨		ચિતલ હાઈ. ચિતલ
૩		પાઠક સ્કૂલ, અમરેલી
૪		સરસ્વતી વિદ્યા. અમરેલી
૫		એસ.એસ. અજમેરા, અમરેલી
૬		બી.એન.વિરાણી, અમરેલી
૭		દીપક હાઈ. અમરેલી
૮		જનતા યુનીટ ૧ આકડીયા
૯		ટી.પી.એમ.ટી. અમરેલી
૧૦		જી.જી.બેન, અમરેલી
૧૧		શ્રી ધર્મજીવન સ્વામી હાઈ. તરવડા
૧૨		સેન્ટ મેરી, અમરેલી
૧૩	બાબરા	વિવેકાનંદ હાઈ., બાબરા
૧૪		કમળશી હાઈ., બાબરા
૧૫		કે.પી.આશરા, બાબરા
૧૬		વિ.એલ.ગેલાણી યુનીટ-૧, બાબરા
૧૭		વિ.એલ.ગેલાણી યુનીટ-૨, બાબરા
૧૮		ચાણક્ય માધ્ય. શાળા, કરીયાણા
૧૯		સત્યમ હાઈ., કરીયાણા
૨૦		નવયુગ વિદ્યા. મોટા દેવળીયા
૨૧	બગસરા	મેઘાણી યુનીટ-૧
૨૨		મેઘાણી યુનીટ-૨
૨૩		માધ્યમિક શાળા, હડાળા
૨૪		જનતા કન્યા, બગસરા
૨૫	કુંકાવાવ	એન.એમ.શેઠ કુમાર
૨૬		આર.એન.શેઠ કન્યા
૨૭		સુ.સા.હાઈ. વાડિયા
૨૮		આર.ડી.ગાર્ડી મોટા ઉજળા
૨૯	લાઠી	ઝેડ.એમ.અજમેરા દામનગર
૩૦		એમ.સી.મહેતા દામનગર
૩૧		કલાપી યુનીટ-૧, લાઠી
૩૨		કલાપી યુનીટ-૨, લાઠી
૩૩		એન.એચ.સંઘવી, લાઠી
૩૪	લીલીયા	અમૃતબા વિદ્યા. લીલીયા મોટા
૩૫		શાંતાબેન કન્યા વિદ્યા. લીલીયા મોટા

(૨) સાવરકુંડલા ઝોન

ક્રમ	તાલુકો	પરીક્ષા સ્થળનું નામ	સરનામું
૧	DHARI	G N Damani Highschool Dhari	At-Dhari, Ta. Dhari, Dis. Amreli
૨		MKC Kanya Vidyalay Chalala	At-Chalala, Ta. Dhari, Dis. Amreli
૩		VPG Girls Highschool U-1	At-Dhari, Ta. Dhari, Dis. Amreli
૪		Gayatri Sanskar Vidyalay, Chalala	At, Chalala, Ta. Dhari, Dis. Amreli
૫		Sardaba Eng Med School, Dhari	At-Dhari, Ta. Dhari, Dis. Amreli
૬		VPG Girls Highschool U-2	At-Dhari, Ta. Dhari, Dis. Amreli
૭	JAFRABAD	Aditya Birla Public Schoo-Jafrabad	At-Jafrabad, Ta-Jafrabad, Dis-Amreli
૮		Shri Madhyamik Shala Nageshri	At-Nagesri, Ta.-Jafarabad, Dis. Amreli
૯		Parekh Maheta Vidyalay U-1	At-Jafarabad, Ta.-Jafarabad, Dis. Amreli
૧૦		Model School, Jafrabad	At-Jafarabad, Ta.-Jafarabad, Dis. Amreli
૧૧		Swaminarayan Highschool-Timbi	At-Timbi, Ta. Ta.-Jafarabad, Dis. Amreli
૧૨		Parekh Maheta Vidyalay U-2	At-Jafarabad, Ta.-Jafarabad, Dis. Amreli
૧૩	KHAMBHA	Madhyamik Shala-Dedan	At-Dedan, Ta.-Khambha, Dis. Amreli
૧૪		J N Maheta Highschool-Khambha	At-Khambha, Ta. Khambha, Dis. Amreli
૧૫		Krishna Vidyalay-Khambha	At-Khambha, Ta. Khambha, Dis. Amreli
૧૬		Madhyamik Shala-Trakuda	At-Trakuda, Ta. Khambha, Dis. Amreli
૧૭	RAJULA	R K Science School-Rajula	Chatadiya Road, At Rajula, Ta. Rajula, Dis. Amreli
૧૮		Balkrishna Vidyalay, Rajula	Hindorna Chokdi, At Rajula, Ta. Rajula, Dis. Amreli
૧૯		J A Sanghvi Highschool, Rajula	Near Bus Stand, Rajula
૨૦		Utkarsh Vidyalay, Devka	At Devka, Ta. Rajula, Dis. Amreli
૨૧		Shivam Madhyamik Shala-Kumbhariya	At Kumbhariya, Ta. Rajula, Dis. Amreli
૨૨		Nobal School, Devka	At Devka, Ta. Rajula, Dis. Amreli
૨૩		Sarasvati Vidyalay, Rajula	Chatadiya Road, At Rajula, Ta. Rajula, Dis. Amreli
૨૪		Saint Thomas School	Chatadiya Road, At Rajula, Ta Rajula, Dis. Amreli
૨૫		TJBS Highschool, Rajula	Near Sanghavi College, At Rajula, Ta. Rajula, Dis. Amreli
૨૬	SAVAR-KUNDLA	H N Virani U-1 Badhada	At-Badhada, Ta. Savarkundla, Dis. Amreli
૨૭		H N Virani U-2 Badhada	At-Badhada, Ta. Savarkundla, Dis. Amreli
૨૮		K K Highschool, Savarkundala	At-Savar Kundla, Ta. Savarkundla, Dis. Amreli
૨૯		S V Doshi Girls Highschool, Savarkundala	At-Savar Kundla, Ta. Savarkundla, Dis. Amreli
૩૦		J V Modi High School, Savarkundla	At-Savar Kundla, Ta. Savarkundla, Dis. Amreli
૩૧		Gayatri Vidyalaya, Vijapadi	At-Vijpadi, Ta. Savarkundla, Dis. Amreli
૩૨		V D Nagadiya Highschool-Vijapadi	At-Vijpadi, Ta. Savarkundla, Dis. Amreli
૩૩		PPS Highschool, Vanda U-2	At-Vanda, Ta. Savarkundla, Dis. Amreli
૩૪		Diwaliba Highschool, Pithavadi	At-Pithvadi, Ta. Savarkundla, Dis. Amreli
૩૫		PPS Highschool, Vanda U-1	At-Vanda, Ta. Savarkundla, Dis. Amreli
૩૬		A K Ghelani Highschool (Gurukul) Savarkundla	College Road, Savarkundla

(૩) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સબંધિત કામગીરીમાં રોકાયેલા ફરજ પરનાં અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિન અધિકૃત માણસોએ ઉપરોકત પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહિ. તેમજ કોઈપણ ઈસમે કોઈપણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહીં. પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ/વિક્ષેપ/ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/કરાવવું નહી. પરીક્ષા સબંધી ચોરી ગણાય તેવી કોઈપણ વસ્તુ ઈલેકટ્રોનિક આઈટમ/પુસ્તક, કાપલીઓ, મોબાઈલ ફોન, ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહીં કે કરાવવામાં મદદગારી કરવી નહીં.

(૪) ઉપર પેરા નં. ૨ માં દર્શાવેલ જે તે પરીક્ષા કેન્દ્રોના કમ્પાઉન્ડ હદથી ચારે બાજુ ૧૦૦ (એક સો) મીટરની હદની અંદર પરીક્ષાની તા. ૦૪-૦૪-૨૦૨૬ ના રોજ સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૧૪-૦૦ કલાક સુધી આ હદની અંદર આવેલ જાહેર માર્ગ ઉપર ૪ કે તેથી વધુ વ્યકિતઓએ એકત્ર થવું નહિ કે કોઈ વાહન ઉભું રાખવું નહિ. વધુમાં ફરમાવું છું કે આ સ્થળોના કમ્પાઉન્ડની અંદર કોઈ અનઅધિકૃત પ્રવેશ કરવો નહિ.

(૫) દરેક પરીક્ષા કેન્દ્રના સંચાલકોએ ઉપરોકત સમય દરમ્યાન શાળામાં ઝેરોક્ષ/કોપી મશીન, સ્કેનર મશીન બાબતે સ્વએકરારનામું કરવાનું રહેશે તથા જે તે શાળા-પરીક્ષા કેન્દ્રનું ઝેરોક્ષ/કોપી મશીન, સ્કેનર સીલ કરીને રાખવાનાં રહેશે તથા જિલ્લા શિક્ષણાધિકારી, અમરેલી ખરાઈ કરી આ બાબતનું પ્રમાણપત્ર કેન્દ્ર સંચાલક પાસેથી પરીક્ષા સમય પહેલા અચૂક મેળવી લેવાનું રહેશે.

આ હુકમના મુદ્દા નં. ૪ ની જોગવાઈ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) પરીક્ષા ખંડમાં આવનાર પરીક્ષાર્થીઓને.

(૨) પરીક્ષા સંચાલનનાં કામ માટે ફરજ પર રોકાયેલ અધિકારીશ્રીઓ/કર્મચારીઓને.

(૩) જાહેર માર્ગ પર પસાર થતા વાહનોમાં બેઠેલા મુસાફરોને.

(૪) રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગરએ મુકિત આપેલ વ્યકિતઓ તથા વાહનોને.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૦૪-૦૪-૨૦૨૬ ના રોજ સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૧૪-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ની કલમ-૨૨૩ માં ઠરાવેલી શિક્ષાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ મદદનીશ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્રો મારફતે પ્રસિધ્ધ કરવા તથા આ હુકમની જાહેરાત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલીએ ઉકત સ્થળોએ ચોંટાડીને કરવાની રહેશે તથા સરકારશ્રીના અસાધારણ રાજય પત્રમાં પ્રસિધ્ધ કરવાની રહેશે.

આ હુકમની અમલવારી કરવા તથા ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ કાર્યવાહી કરવા તેમજ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલી, સંબંધિત દરેક પરીક્ષા કેન્દ્રના કેન્દ્ર સંચાલકશ્રીઓ તથા સબંધીત પોલીસ સ્ટેશનના થાણા અધિકારીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૦૨-એપ્રીલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૦૨ માહે એપ્રીલ, સને ૨૦૨૬.

દિલિપસિંહ ગોહિલ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
અમરેલી

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.05.14 09:29:28 IST